વર્ષ : 6 ◆ અંક : 1
જાન્યુઆરી-ફેબ્રુઆરી 2016
સળંગ અંક : 31

कर भला होगा भला
- છગનભા



# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

હિંદુસ્તાનનું ભાવિ પશ્ચિમના રક્તમલિન પંથે નથી – પશ્ચિમ જ એથી કંટાળ્યું છે – પણ સાદા અને પવિત્ર જીવનથી જે શાંતિ મળે છે તે શાંતિવાળા રક્તરહિત પંથે છે. હિંદુસ્તાન આજે પોતાનો આત્મા ખોવાના જોખમમાં છે. એ આત્મા ખોઈને એ જીવી ન શકે. એટલે 'પશ્ચિમના હુમલાની સામે અમારાથી ન ટકી શકાય' એમ પ્રમાદથી અને લાચારીથી કહેવાને બદલે આપણે પોતાની અને જગતની ખાતર તેની સામે અટકાવ કરવાને કમર કસવી જોઈએ.

❄

હું અત્યંત નમ્રતાપૂર્વક કહેવાની હિંમત કરું છું કે જો હિંદુસ્તાન સત્ય અને અહિંસા દ્વારા પોતાના ધ્યેયને પહોંચશે તો જે શાંતિને માટે જગતની તમામ પ્રજાઓ તલસી રહી છે તે શાંતિની સ્થાપનામાં તેનો ફાળો નાનોસૂનો નહીં ગણાય. અને એમ થાય તો જગતનાં રાષ્ટ્રો તેને જે મદદ છૂટે હાથે આપી રહ્યાં છે તેનો યત્કિંચિત્ બદલો તેણે વાળ્યો ગણાશે.

❄

હિંદ જ્યારે સ્વાવલંબી ને સ્વાશ્રયી બનશે અને કોઈ દેશ એઠી નજર ન નાખી શકે કે શોષણ ન કરી શકે એવી સ્થિતિ ઊભી કરશે ત્યારે તે પશ્ચિમ કે પૂર્વની કોઈ પણ સત્તાના લાલચુ આકર્ષણનો વિષય નહીં રહે. અને પછી તે ખર્ચાળ શસ્ત્રસરંજામનો બોજો વહ્યા સિવાય પોતાની સલામતી વિશે નિશ્ચિત બનશે. તેની આંતરિક વ્યવસ્થા જ પરદેશી હુમલા સામે તેનો મજબૂત કિલ્લો બની રહેશે.

**ગાંધીજી**
(મારા સ્વપ્નનું ભારત)





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીમાં નવાં બંધાયેલાં વિદ્યાભવનોનાં ઉદ્‌ઘાટન તથા 'માણેકલાલ એમ. પટેલ મેરિટ સ્કોલરશિપ' વિતરણ સમારોહનું આયોજન ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલના મુખ્ય મહેમાનપદે તા. 12 જાન્યુઆરી, 2016ના દિને કરવામાં આવેલ તે પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો, તેમજ ઉદ્‌બોધન કરી રહેલા શ્રી નીતિનભાઈ પટેલ.



સ્વાગત કરી રહેલા ડૉ. કનુભાઈ પટેલ



આભારવિધિ કરી રહેલા શ્રી વલ્લભભાઈ પટેલ



ઉદ્‌બોધન કરી રહેલા દાતાશ્રી ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ



ઉદ્‌બોધન કરી રહેલા દાતાશ્રી બંસીભાઈ ખમાર

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

**કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર**

વર્ષ : ૬, અંક : ૧, જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૧૬; સળંગ અંક : ૩૧

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ

● સંપાદકીય : ગ્રંથાલયિત્વ — મણિભાઈ પ્રજાપતિ — ૧

● શ્રદ્ધાંજલિ : સ્વ. પ્રિ. ડૉ. રમેશ ઉકાવત — ૫
સ્વ. બાબુભાઈ ચૌહાણ

● પ્રાસંગિક — ૬
– નવાં વિદ્યાભવનોનો ઉદ્ઘાટન તથા 'માણેકલાલ એમ. પટેલ મેરિટ સ્કોલરશિપ વિતરણ સમારોહ
– શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ લેક્ચર સિરિઝ

૧. ડંખ — મોહનલાલ પટેલ — ૯

૨. ઉચ્ચ શિક્ષણ : વહીવટ, વ્યવસ્થાપન અને વ્યવહારનું નીતિશાસ્ત્ર — ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી — ૧૫

૩. મૂલ્યોની સંકલ્પના — ડૉ. મોતીભાઈ મ. પટેલ — ૧૯

૪. રૅપોર્ટ (Rapport) એટલે વિદ્યાર્થી સાથે અનુબંધ (આત્મીયતા) — પ્રિ. કેશુભાઈ પટેલ — ૨૫

૫. ગૉટફ્રાઈટ વિલહેલ્મ લાઈબ્નિઝ — વિઠ્ઠલભાઈ અં. પટેલ — ૨૭

૬. ગ્રંથ સૌરભ — મણિભાઈ પ્રજાપતિ — ૩૫
– ધન્ય ધન્ય શિષ્યો જેના રે.
- હડસનના આરે ચંબલની પાળે

૭. સંસ્થા સમાચાર
– યુનિવર્સિટી/કૉલેજ વિભાગ — ૩૯
– શાળા વિભાગ — ૪૪

**પત્રવ્યવહારનું સરનામું :**
**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,
**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**
એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,
સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
e-mail : manibhaiprajapati@gmail.com
ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. ૯૬૦૧૨૭૩૮૩૬

## સંપાદકીય

### ગ્રંથાલયિત્વ

ગ્રંથાલય એટલે વિશ્વની સંસ્કૃતિઓનું સંગમતીર્થ. સંસ્કૃતિઓનું સંવર્ધન અને સંરક્ષણ કેન્દ્ર. જનસમાજની વિશ્વવિદ્યાપીઠ. આ જ્ઞાનતીર્થમાં હૃદયસ્થ ભાવે નિમજ્જન કરવાથી કોઈ પણ વ્યક્તિ લાભાન્વિત – જ્ઞાનાન્વિત થઈ શકે છે. ગ્રંથાલય એ એક એવી સંસ્થા છે કે જેની સ્થાપનાનો મૂળભૂત હેતુ વાચનસામગ્રીનો સંગ્રહ, સંરક્ષણ અને તેનો મહત્તમ ઉપયોગ થાય તે રહ્યો છે. ઈફ્લા/યુનેસ્કો દ્વારા સાર્વજનિક ગ્રંથાલયો માટે જાહેર કરવામાં આવેલા તેના ઈ. સ. ૧૯૯૪ના સંવર્ધિત ઢંઢેરામાં 'સાર્વજનિક ગ્રંથાલય એ શિક્ષણ, સંસ્કૃતિ અને માહિતી માટેની આજીવન જીવનશક્તિ છે. તેમ જ સ્ત્રીઓ અને પુરુષોની બુદ્ધિશક્તિ મારફત શાંતિ અને આધ્યાત્મિક કલ્યાણને દઢ કરવા માટેનું જરૂરી સાધન' તરીકે ગણ્યું છે. દેશ-વિદેશનાં શિક્ષણપંચોએ પણ જે તે શિક્ષણસંસ્થા માટે ગ્રંથાલયને અનિવાર્ય આવશ્યક અંગ તરીકે સ્વીકાર કર્યો છે. ડૉ. કોઠારી કમિશને (૧૯૬૪-૬૬) દો-ટૂક શબ્દોમાં ચેતવણીનો સૂર ઉચ્ચારતાં નોંધ્યું છે કે ''કોઈ પણ નવી યુનિવર્સિટી, કૉલેજ કે વિભાગની સ્થાપના તેના ગ્રંથાલયની જરૂરિયાતોને ધ્યાને લીધા સિવાય કરવી જોઈએ નહીં. તેના ગ્રંથાલયની ઉપેક્ષા કરવી અથવા તેને નિમ્ન અગ્રતા આપવાથી વિકસતા વિભાગને તેનાથી અન્ય કોઈ મોટી હાનિ નથી.'' આમ, સમાજમાં સાર્વજનિક કે શૈક્ષણિક ગ્રંથાલયોની અનિવાર્ય આવશ્યકતા હોવા છતાં સમાજનું આ અંગ મહદ્ અંશે લૂલું રહ્યું છે અને આ

માટે સરકાર, નીતિનિર્ધારકો, ગ્રંથાલય વ્યવસાયિકો અને તેનો ઉપયોગ કર્તા વર્ગ વત્તા-ઓછા અંશે જવાબદાર છે. ગ્રંથાલયોમાં માળખાગત સુવિધાઓનો અભાવ કે તે પૂરી પાડવા માટે સરકાર / સંચાલક મંડળોનું ઉદાસીન વલણ પૂર્ણતઃ જવાબદાર છે, ઉદાહરણ તરીકે ગુજરાતની ૯ અનુદાનિત યુનિવર્સિટીઓ પૈકી ફક્ત એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટમાં જ યુનિવર્સિટી ગ્રંથપાલોની જગ્યા ભરાયેલી છે. વળી, આ બધી યુનિવર્સિટીઓ સંલગ્ન અનુદાનિત અને સરકારી કૉલેજોનાં ઘણાં ગ્રંથાલયોમાં એકાદ-બે દસકાઓથી ગ્રંથપાલોની જગ્યાઓ ખાલી છે. તાજેતરમાં ૩૬ સરકારી કૉલેજમાં ગ્રંથપાલોની ભરતી કરવામાં આવી, પરંતુ યુ.જી.સી.ના પે-સ્કેલની અવગણના કરીને મનઘડત પે સ્કેલ અનુસાર. વાડ જ ચીભડાં ગળે ત્યાં ખાનગી યુનિવર્સિટીઓ અને સ્વવિત્ત ધોરણે ચાલતી કૉલેજોમાં ગ્રંથપાલોની ભરતી તથા જો ગ્રંથપાલોને નિયુક્ત કરવામાં આવ્યા હશે તો નિયત પગારધોરણ અનુસાર વેતન આપવામાં આવતું હશે કે કેમ ? તેની વાસ્તવિક સ્થિતિનું ચિત્ર કરુણાજનક જ ઊપસી આવે છે. બીજી બાજુ ગ્રંથાલયિત્વનું તત્ત્વજ્ઞાન અથવા ગ્રંથાલય વ્યવસાયિકો માટેનું નીતિશાસ્ત્ર ડૉ. રંગનાથન પ્રદત્ત પાંચ શાસ્ત્રસૂત્રોમાં નજર સમક્ષ તરવરતું હોવા છતાં સક્ષમ અને સમયસર સેવાઓ નહીં પૂરી પાડવા પાછળ ગ્રંથાલય વ્યવસાયિકોમાં પ્રતિબદ્ધતા અને ઉત્તરદાયિત્વની ભાવનાનો અભાવ જોવા મળે છે – અલબત્ત, કેટલાક અપવાદો બાદ કરતાં. ઘણાં ખરાં ગ્રંથાલયોમાં સ્વચ્છતાનો અભાવ, ગ્રંથભંડારમાં પુસ્તકો ઉપર અસહ્ય ધૂળ જામવી અને ક્વચિત જાળાં બાઝી જવાં, બંધ હાલતમાં ટ્યૂબ લાઇટો અને પંખાઓ, સહાયક કર્મચારીઓની અનુપસ્થિતિ, પુસ્તકોની ગોઠવણી કાળજીપૂર્વક ન થવી, અને યથાસ્થાને સુયોગ્ય માર્ગદર્શકોનો અભાવ, જનસુવિધા કેન્દ્રોમાં અસ્વચ્છતા વગેરે જોવા મળે છે. આ બધી બાબતો માટે પ્રાયઃ વધારાના બજેટની નહીં, પરંતુ ગ્રંથાલયીની સુનિયોજિત વ્યવસ્થાશક્તિ - દૃષ્ટિની અર્થાત્ કોઠાસૂઝની જરૂર છે.

ગ્રંથાલયો તેની સ્થાપનાના આદિકાળથી આજદિન સુધી યુગે યુગે તેની જરૂરિયાતોને ધ્યાને લઈ તેના સ્વરૂપ, હેતુઓ અને કાર્યો વગેરેમાં સતત પરિવર્તિત થતાં રહ્યાં છે. આજે આપણે ૨૧મી સદીના દ્વિતીય દશકનો પૂર્વાર્ધ પૂરો કરવાના કગાર ઉપર છીએ. આ સદી જ્ઞાનની સદી તરીકે ઓળખવામાં આવે છે. આ સદીમાં જ્ઞાન તથા માહિતીનો વિસ્ફોટ કલ્પનાતીત પ્રમાણમાં થઈ રહ્યો છે. વૈશ્વિકીકરણની સંભાવનાઓ અને પડકારો પણ ઝીલવાના છે. વિજ્ઞાન અને ટેકનોલૉજી ક્ષેત્રે થઈ રહેલ અભૂતપૂર્વ શોધખોળોથી માનવજીવન વિશેષ પ્રભાવિત થયું છે. જ્ઞાનના આ પ્રચંડ જુવાળનો લાભ સમાજના છેવાડાની વ્યક્તિને સુયોગ્ય રીતે મળે તે માટે ગ્રંથાલય અને ગ્રંથપાલ પાસે સમાજની વિશેષ અપેક્ષાઓ બની રહી છે. સક્ષમ, અસરકારક અને સમયસર સેવાઓ પૂરી પાડવા માટે ગ્રંથાલયો પાસે અદ્યતન ટેકનોલૉજીનો ગ્રંથાલયોમાં વિનિયોગ કરી શકે તેવા કાર્યદક્ષ ગ્રંથાલય વ્યવસાયિકોની પ્રાથમિક આવશ્યકતા બની રહી છે. આવા અપેક્ષિત વ્યવસાયિકો પેદા કરવાની ક્ષમતા આપણી ગ્રંથાલય સ્કૂલો પાસે કેટલી ? ગુજરાતનો જ દાખલો લઈએ તો મોટા ભાગની ગ્રંથાલય સ્કૂલો અનિવાર્ય આવશ્યક માળખાગત સુવિધાઓ ઉદા. તરીકે પર્યાપ્ત સંખ્યામાં અધ્યાપકો (કાયમી ધોરણે નિયુક્ત માત્ર એક જ અધ્યાપકથી કાર્યરત), સ્વતંત્ર અદ્યતન કમ્પ્યૂટર પ્રયોગશાળા વગેરે ધરાવતી નથી. અભ્યાસક્રમ સુધારણા તથા ICTના અસરકારક પ્રાયોગિક પ્રશિક્ષણના અમલની અને તે માટે સુયોગ્ય પ્રશિક્ષકોની તાકીદની જરૂરિયાત બની રહે છે. અસરકાર ગ્રંથાલય સેવાઓ પૂરી પાડવા માટે પાયાની આ પૂર્તિ અનિવાર્ય બની રહે છે.

આપણાં ગ્રંથાલયો ICTના વિનિયોગથી પરંપરાગત અને અપરંપરાગત સેવાઓ પૂરી પાડે છે તેનાથી તેનો મોટા ભાગનો ઉપભોકતા વર્ગ પ્રાયઃ અનભિજ્ઞ હોય છે. આ વાસ્તવિકતાને ધ્યાને લેતાં ગ્રંથાલયો દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓના સુનિયોજિત માર્કેટિંગની જરૂરિયાત છે. આ માટે નવો પ્રવેશ મેળવનારાઓ / નવઆગંતુકો માટે ગ્રંથાલય અભિમુખતા કેળવવા સંબંધી વ્યાખ્યાનો ઉપરાંત ગ્રંથાલય માહિતી પત્રિકા Brochure - Leaflets – તૈયાર કરવી જોઈએ, જેમાં ગ્રંથાલયનો પરિચય અને પૂરી પાડવામાં આવતી સેવાઓની માહિતી દર્શાવવી જોઈએ.

આ પત્રિકા ગ્રંથાલય જાગરૂકતા કેળવવા તથા ઉપભોક્તાઓને ગ્રંથાલય ભણી વાળવામાં ખૂબ જ ઉપકારક નીવડશે. આપણા ત્યાં 'ગ્રંથાલય પત્રિકા' તૈયાર કરવામાં પ્રાયઃ ઉદાસીન વલણ જોવા મળે છે. ગ્રંથાલય સેવાઓના માર્કેટિંગના પ્રારંભમાં ઉપભોક્તાઓની માંગને સઘન અભ્યાસ કરવાથી તેના આયોજનમાં મદદરૂપ નીવડશે. વધુમાં ધ્યાને રહે કે માર્કેટિંગ એટલે માત્ર વેચાણકળા નહીં, પરંતુ ગ્રંથાલય દ્વારા પૂરી પાડવામાં આવનાર સેવાઓની સુયોગ્યતાની ખાતરી કરાવીને તેની સંતુષ્ટિ મેળવીને ઉપભોક્તા ઇચ્છે તે સમયે, સ્થળે અને તેને પોષાય તે કિંમતે પૂરી પાડવા માટેની વ્યૂહરચના છે. આપણા પ્રભુ અને ખરા અર્થમાં ક્રિયાશીલ ગ્રંથાલયી સ્વ. પ્રવીણ શાહ પ્રસંગોપાત્ત કહેતા કે 'Marketing is Strategy, Philosophy and way of life ofr a successful librery and Ianformation Centre.' આ વાત તેમણે NICTAS.. માધ્યમથી ચરિતાર્થ કરી બતાવી હતી. આ વ્યૂહરચનાનો યથાર્થ અમલ ઉત્કૃષ્ટ ગ્રંથાલય સેવાઓ પૂરી પાડવાનું પ્રથમ પગથિયું છે. ગ્રંથાલય સેવાઓ ઉપભોક્તાની જરૂરિયાત અનુસાર મુદ્રિત કે ઈ-સ્વરૂપમાં પૂરી પાડવી જોઈએ.

ઉત્કૃષ્ટ ગ્રંથાલય સેવાઓ પૂરી પાડવા માટે ગ્રંથાલયમાં ICTનો યથાર્થ રીતે વિનિયોગ અનિવાર્ય છે. તેમ જ ગ્રંથાલય સંચાલનની પરંપરાગત રીતિ-નીતિઓના સ્થાને આધુનિક સંચાલનના સિદ્ધાંતો અપનાવવા રહ્યા. ICTના ઉપયોગ થકી ઉપભોક્તાને અનુકૂળ સ્થળે અને સમયે માહિતી-સેવા પૂરી પાડી શકાય છે. સોશ્યલ નેટવર્કિંગ સાઇટ્સ જેમ કે Facebook, MySpace, Blogs, Linkdin, Twitter, Flickr, You Tube, Ning, Wikisa, Mendeley વગેરેના ઉપયોગથી ઝડપથી માહિતી મેળવી અને મોકલી શકીએ છીએ અને અન્યો સાથે ઝડપથી જોડાઈને જીવંત સંપર્ક કેળવી શકીએ છીએ, પરિણામે ગ્રંથાલયની સેવાઓનું અને ગ્રંથાલયમાં ઉપલબ્ધ વાચનસામગ્રીના માર્કેટિંગ દ્વારા ઉપભોક્તા વર્ગને આકર્ષીને તેમાં વધારો કરી શકાય છે. આ સાથે સોશ્યલ મીડિયાના ઉપયોગ માટે ઉપભોક્તાઓને પણ પ્રશિક્ષિત કરવા પડશે. વળી, ઉપભોક્તાઓની સમસ્યાઓ / પ્રશ્નો / માંગનો પ્રતિસાદ સમયસર પાઠવવામાં આવે તે ખાસ અગત્યની બાબત છે. વાચનસામગ્રી સંગ્રહના આંકડાઓમાં ન રાચતાં ઉપભોક્તાઓને ICTના માધ્યમથી અનેક વિધસ્રોતોમાંથી માહિતી સંકલિત કરીને યથાશીઘ્રતાએ મહત્તમ સેવાઓ પૂરી પાડીને સંતુષ્ટિ અનુભવવામાં જ ગ્રંથાલયિત્વનું સાર્થકત્વ જોવું રહ્યું !

આજનાં આપણાં ગ્રંથાલયો હાઈબ્રીડ પ્રકારનાં છે. અર્થાત્ તેમાં મુદ્રિત અને વૈવિધ્યપૂર્ણ અમુદ્રિત-ડિજિટલ, ઇલેક્ટ્રોનિક, ઓડિયો-વિડિયો વગેરે – માહિતીસ્રોતોનો સંગ્રહ છે. પરિણામે તેના સુસંચાલન માટે ગ્રંથાલય વ્યવસાયિકો સજ્જતા – ગ્રંથાલયમાં ICTના ઉપયોગ માટે જરૂરી કાર્યકુશળતા, ઇન્ટરનેટના માધ્યમથી વિનામૂલ્યે ઉપલબ્ધ માહિતી વગેરે – કેળવવી પડશે. આ ગ્રંથાલયોને અધ્યયન, અધ્યાપન અને સંશોધનનાં જીવંત કેન્દ્રો – ક્રિયાશીલ કેન્દ્રોમાં પ્રસ્થાપિત કરવા માટે ગ્રંથાલયિઓએ સમર્પિત ભાવે પ્રતિબદ્ધ બની રહેવું પડશે. આ સાથે અનિવાર્યપણે એક સારા વાચક પણ બનવું પડશે. આજના ઘણાબધા ગ્રંથાલયિઓ જ્ઞાન સરોવરના તટે તરસ્યા રહેવા ટેવાઈ ગયા છે. આ સ્થિતિ જ તેમના અસ્તિત્વની ઓળખ માટે અવરોધક પરિબળ બની રહી છે. ખરા અર્થમાં અધ્યાપક સમકક્ષ કે તેથી સવાયા પુરવાર થવા માટે તેમ જ શિક્ષણના પ્રચાર-પ્રસાર અને જ્ઞાનનિર્માણમાં ચાવીરૂપ ભૂમિકા અદા કરવા માટે આપણા જાણીતા શિક્ષણવિદ્ ડૉ. દાઉદભાઈ ઘાંચીના શબ્દોમાં : ''ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રની જે તકો અને તાકીદ તરફ યુનેસ્કો અને વિશ્વબૅંકે દુનિયા સમસ્તનું ધ્યાન દોર્યું છે તેની ગંભીરતા અને આવશ્યકતાઓ જોતાં ગ્રંથપાલે એક પ્રકારનો ''દશાનન'' અવતાર પામવો પડશે. આ રહ્યા એ દશ અવતારો :

૧. શિક્ષણ, પરીક્ષણ, સંશોધન, પ્રયોગો, નવીનીકરણો, વિસ્તરણ વગેરે તમામ પ્રક્રિયાની કામગીરીઓને સુવિધા પૂરી પાડનાર (A Facilitator)
૨. અધ્યયન અને વિશાળ શૈક્ષણિક પ્રક્રિયાનું નિદાન કરી, ઉપચાર સૂચવનાર (A Learning Therapist)
૩. શિક્ષણની પાયાની પ્રવૃત્તિ એવી વાચનકૌશલ્યોની

સમગ્ર પ્રક્રિયાના માર્ગદર્શક (A Reading Clinician)

૪. અધ્યયન પોષક એવાં તમામ પ્રકારનાં સંશાધનોના નિર્માતા અને વ્યવસ્થાપનકાર (A Resource Manager)

૫. શિક્ષણ સાથે સંકળાયેલ અનેક હિતધારકોના સંકલનકાર (A Catalyst)

૬. શિક્ષણના સાહસમાં ભાગ લેનાર સર્વે વચ્ચે જોડાણ સાધી આપનાર અને જોડાણને સક્રિય રાખનાર (A Social Networker)

૭. શિક્ષણને ઉપકારક તમામ પ્રકારની આધુનિક ટેકનોલૉજીના માહિર (A Technology Savvy Professional)

૮. માનવવ્યક્તિના જ્ઞાનવિકાસને લગતી વિવિધ સમસ્યાઓના નિદાન, ઉપચાર અને પરિણામસ્વરૂપ સ્વસ્થ વ્યક્તિત્વ-ઘડતરના નિષ્ણાત સલાહકાર (A Consultant of Developmental Process)

૯. વર્તમાન શૈક્ષણિક પ્રવાહો, ગતિવિધિઓ, પરિવર્તનો વગેરેના સંકલનકાર (A Coordinator of Current Trends in Education)

૧૦. શિક્ષણના આયોજન ક્ષેત્રનાં વિવિધ પરિમાણો જેવાં કે અભ્યાસક્રમ રચના, આત્મશિક્ષણની પદ્ધતિઓ, શિક્ષણનાં સાધનો, વ્યક્તિ વિકાસના પ્રશ્નો વગેરે સંબંધી અધ્યાપકો માટે ઉપલબ્ધ સંસાધનિક માહિતી પૂરી પાડનાર (A Resource Person for Facility)''

ધ્યાને રહે કે અદ્યતન અને વૈવિધ્યપૂર્ણ ઇન્ફર્મેશન કોમ્યુનિકેશન ટેકનોલૉજી એ એક સાધન છે. તેના સુનિયોજિત ઉપયોગ માટે 'માણસ' – 'સંવેદનશીલ અને સેવાપરાયણ ગ્રંથાલયી' – જરૂરી છે. અનુભવે જણાયું છે કે આજના ભૌતિકવાદી યુગમાં યંત્રવત કર્મચારી રહ્યો છે અને 'માણસ' ખોવાયો છે – આપણાં વાણી અને વર્તનમાં માનવીય ઉષ્માનો – સંસ્પર્શનો અભાવ જોવા મળે છે. 'માણસ' હશે તો જ ગ્રંથાલય સેવાઓમાં ચૈતન્ય પ્રસરશે. આ સાથે ઉષ્માપૂર્ણ વાતચીત – વ્યવહારની સાથે સાથે ઉપભોક્તાનું ગ્રંથાલયમાં આગમન સાર્થક પુરવાર થયું છે તેવી તેને અનુભૂતિ – સંતુષ્ટિ થાય તેવી કાર્યપ્રણાલિ અપેક્ષિત બની રહે છે. ચાલો, આપણે ડૉ. રંગનાથન પ્રદત્ત ગ્રંથાલયવિત્વના નીતિશાસ્ત્રનું યથાર્થ પાલન કરવા કૃતસંકલ્પ બનીએ અને ધ્યાને રાખીએ કે ''Be Committed or Ready for Perish''.

**– મણિભાઈ પ્રજાપતિ**

## સ્વામીને સાંઈનો પત્ર

સ્ટેશન પ્લોટ,
ગોંડલ તા. ૧-૧-૧૯૬૦

પૂજ્ય દાદા,

... હવે તો ગાંધીને નામે ગીતા પઢતા ને પ્રસિદ્ધિના ગુલામોને ગરદન મારવાનું મન થાય છે. આજે બેસતા વરસે જ કડવાં વેણ લખાઈ ગયાં.

**એટલો ગજબ ગાંધી અમોને ગમે, ગાંધીને ગોળીએ રોજ દેતા અમે !**
**ગાંધી-બાપુજી અમને સદા સાંભરે મૂર્તિ એની અહોરાત મનમાં તરે**
**ડાંખરો એ અહોહો, શું ડોસો હતો ! કોઈ દી દુશ્મનોથી ડરે કે મરે ?**
**તેથી તો દીકરા થઈ હણ્યો છે અમે ! કેટલો ગજબનો ગાંધી અમને ગમે !**

**મકરંદ દવે**

દાદા એટલે સ્વામી આનંદ ગાંધીજીના સાથી અને અનોખા ગદ્યકાર
[સ્વામી અને સાંઈ, સં. હિમાંશી શેલત, પૃ. ૧૨૮-૨૯]
(શાશ્વતગાંધી પુ. ૪૩માંથી સાભાર)

# શ્રદ્ધાંજલિ

## પ્રિ. ડૉ. રમેશ ઉકાવત

એસ. વી. કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીના વિદ્યાર્થીવત્સલ અને હરહંમેશ સસ્મિતવદને સૌને આવકારતા પ્રિન્સિપાલ ડૉ. રમેશભાઈ ઉકાવતનું તા. ૨૫-૧૨-૨૦૧૫ના રોજ આકસ્મિક નિધન થતાં સમગ્ર કૅમ્પસમાં ઘેરા શોકની લાગણી પ્રવર્તી ગઈ. ડૉ. ઉકાવત આ કૉલેજમાં તા. ૧-૬-૨૦૦૬થી પ્રિન્સિપાલ તરીકે જોડાયા હતા. તેઓશ્રી એક અધ્યયનશીલ અધ્યાપક તથા કર્મયોગી કુશળ પ્રિન્સિપાલ તરીકે ખ્યાતિપ્રાપ્ત હતા. મિલનસાર અને પ્રેમાળ સ્વભાવના કારણે તેઓશ્રી સૌના પ્રીતિપાત્ર હતા. શિક્ષણશાસ્ત્ર વિષયક તેમનાં કેટલાક પુસ્તકો અને સંશોધનલેખો પ્રકાશિત છે. તેમના માર્ગદર્શન હેઠળ ૫થી અધિક વિદ્યાર્થીઓએ પીએચ.ડી.ની ડિગ્રી મેળવી હતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવારની સદ્ગતના આત્માને ઈશ્વર ચિર શાંતિ અર્પે અને તેમ જ તેમનાં પરિવારજનોને આ આઘાત સહન કરવાની હિંમત અને શક્તિ આપે તેવી આર્તસ્વરે પ્રાર્થના.

## સ્વ. બાબુભાઈ ચૌહાણ

શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ.બી. પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, સેક્ટર-૨૩, ગાંધીનગરના ઉચ્ચતર માધ્યમિક વિભાગના સામાન્ય પ્રવાહના વડા અને એકાઉન્ટ વિષયના યુવા અને ઉત્સાહી મદદનીશ શિક્ષક શ્રી બાબુભાઈ ચૌહાણનું તા. ૧૭ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ આકસ્મિક અવસાન થયું. સ્વ. બાબુભાઈ ચૌહાણ આ શાળામાં તા. ૧૦ ડિસેમ્બર, ૧૯૯૩થી કાર્યરત હતા. તેમની એક શિક્ષક તરીકેની કર્તવ્યનિષ્ઠા અને વિદ્યાર્થી વત્સલતા ઘણી જ પ્રશસ્ય રહી હતી. તેઓશ્રી એકાઉન્ટ વિષયના શિક્ષક તરીકે ગાંધીનગરની શાળાઓમાં ખૂબ જાણીતા હતા. આ ઉપરાંત તેમને બાયસેગ તથા ઉચ્ચશિક્ષણ કમિશનરશ્રીની કચેરી દ્વારા શિક્ષકોને તાલીમ આપવા તથા શૈક્ષણિક કામગીરી સારું ખાસ આમંત્રિત કરવામાં આવતા હતા. તેઓશ્રી શિક્ષણેતર બહુવિધ પ્રવૃત્તિઓનાં આયોજનોમાં દિલ રેડીને જોડાતા અને તેને સુપેરે સંપન્ન કરતા હતા. આવા સંનિષ્ઠ અને ગરવા શિક્ષકના નિધનથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચૅરમૅન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સમગ્ર સર્વ વિદ્યાલય પરિવાર ભારે મોટી ખોટ અનુભવીને અશ્રુભીનાં વદને શ્રદ્ધાંજલિ પાઠવે છે. દિવંગતના સન્માનમાં શાળા-પરિવાર દ્વારા શ્રદ્ધાંજલિ-સભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં આચાર્યા શ્રીમતી સુધાબહેન પટેલ, પૂર્વ આચાર્યા કૌશલ્યાબહેન પરીખ, ડૉ. સોમાભાઈ પટેલ વગેરેએ ગદ્ગદિત કંઠે તેમનાં સંસ્મરણો વર્ણવી ભાવાંજલિ અર્પણ કરી હતી. પરમ કૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને ચિર શાંતિ અર્પે અને તેમનાં પરિવારજનોને આવી પડેલ આપત્તિનો સામનો કરવાની શક્તિ અર્પે તેવી આર્તસ્વરે પ્રાર્થના.

**સ્પષ્ટવક્તા**

ચૂંટણી-પ્રચાર માટે વલ્લભભાઈને પ્રજા ઉદારતાથી નાણાં આપતી. ૧૯૩૫માં જે. આર. ડી. તાતાએ ફંડના બદલામાં માગણી કરી કે ઉમેદવારો નક્કી કરનાર સમિતિમાં એમનો એક માણસ હોય. સરદારે માગણીનો ઇન્કાર કરતાં પૂછ્યું : 'તમે તમારી કંપનીમાં અમારા કોઈ માણસને મૅનેજમેન્ટ કમિટીમાં મૂકશો ખરા ?'' સાંભળીને તાતા ચૂંટણીફાળા માટેનો કોરો ચેક સરદારના હાથમાં વગરશરતે મૂકી દઈ સસ્મિત વિદાય થઈ ગયા ('કુમાર'માંથી) (શાશ્વતગાંધી પુ. ૪૩માંથી સાભાર)

# પ્રાસંગિક

**નવાં વિદ્યાભવનોનો તથા 'માણેકલાલ એમ. પટેલ મેરિટ/વિતરણ સમારોહ સ્કોલરશિપ સમારોહ**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી અને ગાંધીનગર, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર તથા કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના સંયુક્ત ઉપક્રમે કડીમાં નવાં બંધાયેલાં વિવિધ વિદ્યાભવનો, છાત્રાવાસો તથા સ્મારકોના ઉદ્‌ઘાટન તથા માણેકલાલ એમ. પટેલ મેરિટ સ્કૉલરશિપ વિતરણ સમારોહનું આયોજન ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલના મુખ્ય મહેમાનપદે તા. ૧૨ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે 'પટેલ અંબાલાલ હરજીવનદાસ (શેરથા) ઇન્ડોર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્ષ અને મલ્ટિપર્પઝ હૉલ, કડી'નું દાતાશ્રી શ્રી ઈશ્વરભાઈ પટેલ અને શ્રી વિઠ્ઠલભાઈ પટેલ, 'એચવીએચપી ઇન્સ્ટિટ્યૂટ ઑફ પોસ્ટ ગ્રેજ્યુએટ સ્ટડીઝ ઍન્ડ રિસર્ચ, કડી'નું દાતા વતી શ્રી નારણભાઈ પટેલ, 'શ્રીમતી સુભદ્રાબહેન બંસીભાઈ ખમાર બૉયઝ હૉસ્ટેલ, કડી' (હ. જાનકી ઓઈલ ઇન્ડસ્ટ્રીઝ પરિવાર)નું દાતા શ્રી બંસીભાઈ ખમાર, 'પ્રભાવતી ભરતકુમાર પટેલ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, કડી'નું દાતા શ્રી બાબુભાઈ પટેલ, શ્રી વિઠ્ઠલભાઈ ચોક્સી શ્રી ભરતભાઈ પટેલ અને શ્રીમતી પ્રભાવતીબહેન પટેલ, 'શ્રી બાબુભાઈ માણેકલાલ પટેલ (સોલ ગામવાળા) કન્યા છાત્રાલય, કડી'નું દાતા વતી શ્રી દિનેશભાઈ એન. પટેલ, 'શ્રીમતી ડાહીબહેન નારણદાસ ગોપાળદાસ પટેલ ઇંગ્લિશ મીડિયમ હૉસ્ટેલ, કડી'નું દાતા શ્રી નારણદાસ પટેલ, 'શ્રી શહીદવીર ત્રિભોવનદાસ નથ્થુદાસ પટેલ (લણવાવાળા) વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર, કડી'નું દાતાશ્રી શ્રી અરવિંદભાઈ પટેલ, 'શ્રીમતી ગોમતીબહેન કાળીદાસ પટેલ કમ્પ્યૂટર સેન્ટર, કડી'નું દાતા શ્રી કાળીદાસ પટેલ, 'તુલસીદાસ ભગવાનદાસ પટેલ સેમિનાર હૉલ (ખરણાવાળા)'નું દાતાશ્રી કેતનભાઈ પટેલ, શ્રીમતી મધુબહેન ભોળાભાઈ પટેલ (ડીંગુચાવાળા) કોન્ફરન્સ હૉલ, કડી'નું દાતા શ્રી પિન્કીબહેન પટેલ, 'શ્રીમતી સુશીલાબહેન રમણભાઈ પટેલ (ડીંગુચાવાળા) લાઇબ્રેરી રીડિંગ રૂમ, કડી'નું દાતા શ્રી રમણભાઈ પટેલ અને 'નટવરલાલ એ. પટેલ રિસર્ચ લેબોરેટરી, કડી'નું દાતા શ્રી કૌશિકભાઈ પટેલના વરદહસ્તે કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત 'પૂ. છગનભા વટવૃક્ષ અને પ્રતિમા દર્શન'નું ઉદ્‌ઘાટન પૂ. ભાના પરિવારજનો સર્વશ્રી કનુભાઈ પટેલ અને શ્રી દીપમભાઈ પટેલ દ્વારા તથા માણેકલાલ એમ. પટેલ 'સાહેબ'ની પ્રતિમાનું અનાવરણ સર્વ વિદ્યાલય પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

ભારે હર્ષોલ્લાસ સાથે ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત – વાલીઓ, દાતાશ્રીઓ, સર્વ વિદ્યાલયના પરિવારજનો, કડી અને આસપાસના નગરજનો વગેરેને ઉદ્‌બોધન કરતાં મુખ્ય મહેમાન શ્રી નીતિનભાઈ પટેલે કરોડો રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવેલાં શૈક્ષણિક સુવિધાઓ પૂરી પાડતાં ભવનોના ઉદ્‌ઘાટનને સુવર્ણમય કાર્યક્રમ તરીકે તથા અનેક શુભકામનાઓને આગળ વધારવાના સંકલ્પ દિવસ તરીકે ઓળખાવીને આ સંસ્થાના વિકાસમાં તેના સ્થાપક પૂ. છગનભા અને તેમના ઉત્તરાધિકારી દાસકાકા, ધનાકાકા, માણેકકાકા 'સાહેબ' વગેરે સંચાલકોની સેવાપરાયણ દીર્ઘદૃષ્ટિ અને નિઃસ્વાર્થભાવનાની સરાહના કરીને વિવિધ દાતાશ્રીઓનો આભાર માન્યો હતો. આ સાથે તેમણે આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી હોવાનો ગર્વ અનુભવીએ જણાવ્યું હતું કે આ સંસ્થામાં મારી ત્રણ પેઢીઓએ અભ્યાસ કર્યો છે, જેનું ઋણ મારા શિરે છે. આ સંસ્થાના વિકાસઅર્થે તેઓશ્રી હરહંમેશ માણેકલાલ પટેલસાહેબની આગેવાની નીચે કાર્ય કર્યાનું ગર્વરૂપ ગણાવીને માણેકલાલ એમ. પટેલસાહેબની કાર્યશૈલી અને ખમીરના ઉદાહરણસ્વરૂપ

તથા અનુકરણીય અનુભવો જણાવવાની સાથે સાથે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'સાહેબ' વિશેના ખ્યાલો જણાવતાં કહ્યું કે નરેન્દ્રભાઈ જાણે છે કે શ્રી માણેકલાલભાઈ ભાજપના નથી, પરંતુ તેઓશ્રી નિષ્ઠાવાન, દીર્ઘદ્રષ્ટા અને કેળવણીકાર છે, તેમ જ શિક્ષણનું વ્યાપારીકરણ બંધ કરવાવાળા છે – ધંધાદારી વલણ ન અપાવનાર અને તેથી જ તેમણે તેમની આ પ્રતિષ્ઠાને ધ્યાને લઈ તેમણે સાહેબને ફી નિર્ધારણ સમિતિના સભ્ય બનાવ્યા હતા તેમજ નર્સિંગ કૉલેજ માટે જમીન પણ આપી હતી. આ સંસ્થાનું મોટામાં મોટું ગૌરવ એ છે કે વિદ્યાર્થી પ્રવેશ માટે કોઈ ડોનેશન જ નહીં. માત્ર ગુણવત્તાના આધારે જ પ્રવેશ પ્રથા. આ સંસ્થાએ માત્ર કડી અને ગાંધીનગરમાં જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત અને દેશમાં પોતાના નૈતિક મૂલ્યોના કારણે જે આગવી ઓળખ ઊભી કરી છે તેને ગર્વરૂપ ઘટના તરીકે ઓળખાવી હતી. વધુમાં તેમણે નવા બંધાયેલ અદ્યતન વિશાળ ઓડિટોરિયમને કડીનું જ નહીં પણ સમગ્ર ગુજરાત માટે ગર્વરૂપ ગણાવીને કહ્યું કે કોઈ કેળવણી મંડળ પાસે આવો ભવ્ય સુંદર હૉલ મેં જોયો નથી. આ પ્રસંગે તેમણે કડી નગરપાલિકાના પ્રમુખની વિનંતીને સ્વીકારીને સર્વ વિદ્યાલય કેમ્પસ પાસેના રોડને 'માણેકલાલ એમ. પટેલસાહેબ રોડ'નું નામાભિધાન પણ જાહેર કર્યું હતું.

ઇન્ડોર સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્ષ અને મલ્ટીપર્પઝ હૉલના દાતાશ્રી અને હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટી, કેલિફોર્નિયાના ગણિતશાસ્ત્રના ઍમિરટસ પ્રોફેસર ડૉ. વિઠ્ઠલભાઈ પટેલે ટૂંકા ઉદ્‌બોધનમાં આ સંસ્થાના વર્ષ ૧૯૪૯થી ૧૯૫૩ સુધીના વિદ્યાર્થી હોવાનો ગર્વ અનુભવીને જણાવ્યું કે અમે અહીંથી નિયમિતતા અને સ્વાવલંબનપણાના પાઠ ભણેલા જેનું અમારે મન ભારે મોટું મૂલ્ય છે. કડીની શાળાના ઋણ માટે મારે શું કહેવું તે અઘરું છે. શ્રીમતી સુભદ્રાબહેન બંસીભાઈ ખમાર છાત્રાલયના દાતાશ્રી બંસીભાઈએ સંસ્થાના સર્વ કર્ણધારોને ઋષિતુલ્ય ગણાવીને માણેકલાલ સાહેબ સાથેના પોતાના ઘનિષ્ઠ સંબંધો તથા આ સંસ્થાના વિદ્યાર્થી તરીકે કંઈક અંશે ઋણમુક્ત થયાની પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે મંડળ સંચાલિત ઉચ્ચશિક્ષણની વિવિધ સંસ્થાઓના વિદ્યાર્થીઓને રૂપિયા ૧.૧૩ કરોડની મેરિટ સ્કૉલરશિપનું વિતરણ મંચસ્થ મહાનુભાવો તથા દાતાશ્રીઓના વરદહસ્તે કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલે સૌનું હાર્દિક સ્વાગત કરીને મહેમાનશ્રીઓ અને દાતાશ્રીઓનો વિગતે સ-રસ પરિચય કરાવ્યો હતો, જ્યારે મંડળના ચૅરમૅન અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલે દાતાશ્રીઓ, મુખ્ય મહેમાન શ્રી નીતિનભાઈ પટેલ, સૌ મહાનુભાવો અને ઉપસ્થિત સૌનો ભાવવિભોર હૈયે આભાર માન્યો હતો. વધુમાં તેમણે વિદ્યાર્થીઓને પોતાના કુટુંબ, ગામ, શિક્ષણ સંસ્થા વગેરેનું ઋણ હૈયે ધરવાની શીખ આપી હતી.

## શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ લેક્ચર સિરિઝ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી–ગાંધીનગરના વિકાસપુરુષ અને આર્ષદૃષ્ટા સદ્‌ગત ચેરમેન માણેકલાલ એમ. પટેલની સ્મૃતિમાં પ્રસ્થાપિત 'શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ લેક્ચર સિરિઝ' અંતર્ગત ઇન્ડિઅન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO)ના ચેરમેન પદ્મશ્રી ડૉ. એ. એસ. કિરણકુમારના 'India in Space Science' = 'અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે ભારત' વિશે વ્યાખ્યાનનું આયોજન કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા એલ. ડી. આર. પી. એન્જિનિયરિંગ કૉલેજ, ગાંધીનગરના સભાખંડમાં તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સન્માનનીય મહાનુભાવો સર્વશ્રી પી. આર. એલ.ના ડાયરેક્ટર ડૉ. ઉત્પલ સરકાર, સ્પેસ એપ્લિકેશન સેન્ટરના ડાયરેક્ટર ડૉ. તપન મિશ્રા, કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર શ્રી ડી.ટી. કાપડિયા અને વિશ્વવિદ્યાલયના રિસર્ચ ડીન અને જાણીતા વૈજ્ઞાનિક ડૉ. રાજમલ જૈન ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત વિશ્વવિદ્યાલયના અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને અવકાશ વિજ્ઞાનમાં રસ ધરાવતા ૨૦૦૦ વ્યક્તિઓ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમના પ્રારંભમાં ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયાએ સૌનું સ્વાગત કરી વિશ્વવિદ્યાલય અને

સર્વ વિદ્યાલય કેળવણી મંડળનો પરિચય કરાવી મંડળના વિકાસપુરુષ અને આર્ષદૃષ્ટા સદ્ગત ચેરમેન તેમ જ કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ માણેકલાલ એમ. પટેલસાહેબના પ્રદાનની ઝાંખી કરાવી હતી. ડૉ. રાજમલ જૈને સમારોહના મુખ્ય મહેમાનનો પરિચય આપતાં જણાવ્યું હતું કે અવકાશ વિજ્ઞાનના ક્ષેત્રના દેશના પ્રતિભાસંપન્ન વૈજ્ઞાનિક અને ઇન્ડિઅન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનના ચેરમેન, ઇન્ડિયન સ્પેસ કમિશનના ચેરમેન તથા ભારત સરકારના ડિપાર્ટમેન્ટ ઑફ સ્પેસના સેક્રેટરી ડૉ. એ. એસ. કિરણકુમાર રીમોટ સેન્સિંગઉપગ્રહોના કેમેરા બનાવવાના નિષ્ણાત તરીકે સમગ્ર દેશમાં ખ્યાતિપ્રાપ્ત છે. તેમણે ચંદ્રયાન-૧ના પે-લોડ (ઉપકરણો) બનાવવાની કામગીરી સુપેરે સંપન્ન કરી હતી. પૃથ્વી, સમુદ્ર, હવામાન અને નભોમંડળના અભ્યાસ ક્ષેત્રે પણ તેમણે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. અવકાશ ક્ષેત્રના બહુમૂલ્ય પ્રદાનને ધ્યાને લઈ તેઓશ્રીને અનેકવિધ સંસ્થાઓએ તેમના બહુમૂલ્ય ઍવોર્ડ્ઝથી વિભૂષિત કર્યા છે : Indian Society of Remote Sensing Award (૧૯૯૪), VASWIK Award (૧૯૯૮), Astronautical Society of India Award (૨૦૦૧), ISRO Individual Service Award (૨૦૦૬), Bhasker Award (૨૦૦૭), Laureats for Team Achievement Award 2008 of the International Academy of Astronautics and ISRO Performance Excellence Award (૨૦૦૮), Gandhi Peace Prize to ISRO (૨૦૧૪), Padmashri by the President of India (૨૦૧૪) વગેરે. તેઓશ્રી ઇન્ડિઅન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનના સ્પેસ એપ્લિકેશન સેન્ટર (અમદાવાદ)માં ઈ.સ. ૧૯૭૫માં જોડાયા હતા અને તેના ડાયરેક્ટર તરીકે પણ તેમણે સેવાઓ આપી હતી.

ડૉ. કિરણકુમારે પોતાના સુચિંતનીય વક્તવ્યના પ્રારંભમાં ભારતના પનોતાપુત્ર અને લબ્ધપ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઈના અવકાશ વિજ્ઞાનક્ષેત્રે Vision અને Mission અને તેમની ઉપલબ્ધિઓનું સાદર સ્મરણ કરીને ભારતની અવકાશ વિજ્ઞાન ક્ષેત્રની વિકાસગાથાનો વિગતે પરિચય કરાવ્યો હતો. આ સંદર્ભે વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં ચર્ચા કરતાં તેમણે જણાવ્યું હતું કે ઈસરો દ્વારા ટેલિકોમ્યુનિકેશન અને પ્રસારણ, હવામાન, ટેલિશિક્ષણ, ટેલિમેડિસિન, આકસ્મિક આપત્તિથી થતા ભારે નુકસાનને ટાળવું અથવા હળવું કરવું, ચક્રવાત નિયંત્રણ, પ્રત્યાયનના માધ્યમથી વિવિધ સરકારી પ્રોજેક્ટસનું આયોજન અને નિયંત્રણ, પૃથ્વીનું નિરીક્ષણ કરતા સેટેલાઈટસ વગેરે કામગીરી સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવી રહી છે. આ ઉપરાંત ઈસરો દ્વારા ૧૩૦ મિશનો પૂરાં કરવામાં આવ્યાં છે, તેમ જ પોતાનાં સ્ટેશનોના માધ્યમથી અન્ય દેશોના ઉપગ્રહો છોડવાની કામગીરી પણ સફળતાપૂર્વક કરવામાં આવી રહી છે. વધુમાં તેમણે જણાવ્યું કે હાલમાં વર્ષ ૨૦૧૮માં ચંદ્રયાન-૨ છોડવાની કામગીરી ચાલી રહી છે. પોતાના વક્તવ્યના અંતમાં વિદ્યાર્થીઓને તેમના પ્રશ્નોના ઉત્તરો પણ આપ્યા હતા અને અવકાશ વિજ્ઞાનમાં રસ લેવા પ્રેરણા આપી હતી. કાર્યક્રમના અંતમાં આભારવિધિ કુલસચિવ શ્રી એસ. કે. મંત્રાલા દ્વારા કરવામાં આવી હતી.

દુનિયાનાં અનેક દુષ્કર્મોનો કાજી હું બનતો નથી. હું પોતે અપૂર્ણ હોવાથી અને સહિષ્ણુતા તથા ઉદારતાની મને ગરજ હોવાથી, ફળદાયી સમજાવટ માટેની તક હું ખોળી કે પેદા કરી શકું ત્યાં સુધી, દુનિયાની અપૂર્ણતાઓ હું સહી લઉં છું.

**મો૦ ક૦ ગાંધી** ['મહાત્મા' : પાનું ૨૮૫]

*

મારી મર્યાદાઓનું મને ભાન છે. એ ભાન એકમાત્ર બળ છે. મારા જીવનમાં હું જે કંઈ કરી શક્યો હોઉં તે, બીજી કોઈ પણ વસ્તુ કરતાં, વિશેષે કરીને મારી પોતાની મર્યાદાઓના જ્ઞાનનું ફળ છે.

**મો૦ ક૦ ગાંધી** ['સિલેક્શન્સ ફ્રોમ ગાંધી' : પાનું ૨૧૪]

'ગાંધી-ગંગા : ૨'માંથી સાભાર

# ડંખ

## (આત્મકથાનું એક અપ્રગટ પ્રકરણ)

**મોહનલાલ પટેલ**

ઑફિસની બંધ બારીઓમાંથી ગળાઈને આવતો એક અવાજ મેં સાંભળ્યો. રૂંધાયેલા ગળામાંથી નીકળતો હોય એવો Muffled અવાજ. એમાં એકધારા ક્રંદનનો ભાસ થતો હતો. એપ્રિલ મહિનાનો કોઈ એક દિવસ હતો. નમ્યા બપોર પછીનો સમય. લગભગ સાડા ચાર વાગ્યા હશે.

મેં ઝટ ઊભા થઈને ઑફિસની એક બારી ખોલી નાખી. બારી બહાર ડોક લંબાવીને નજર કરતાં સર્વ વિદ્યાલયના મકાનથી થોડા અંતરે એક વિદ્યાર્થી લીમડા નીચે ભાંખોડિયે હતો. એના આખા શરીરને મધમાખીઓ વળગી હતી. કેટલીક હજુ એના શરીરની આસપાસ અને ઉપર ઊડતી હોય એવું ઝાંખું ઝાંખું જોઈ શકાયું. આંખે અંધારાં આવે અને મન છળી ઊઠે એવું એ દૃશ્ય હતું.

સર્વ વિદ્યાલય અને કિશોર કુંજ, (ધો. ૫થી ૮ના વિદ્યાર્થીઓ માટેનું છાત્રાલય)નાં મકાનો વચ્ચે તેમ જ સંસ્કાર ભવનના પ્રાંગણમાં હજુ છોકરાઓની ભાગદોડ મચી રહેલી હતી અને મોટા અવાજો સંભળાતા હતા. જોઈ અને સમજી શકાયું કે મોટા પાયા ઉપર 'મધ ઊડ્યું' હતું.

સર્વ વિદ્યાલયનું કામ તો સવારે ચાલતું હતું. સાયન્સ કૉલેજનાં લેક્ચર્સનો સમય પણ પૂરો થઈ ગયેલો હતો. જે ભાગદોડ હતી તે પ્રેક્ટિકલ પૂરાં કરીને બહાર નીકળી રહેલા વિદ્યાર્થીઓની હોય એવું સમજાતું હતું. મધમાખીઓના આક્રમણનો ભોગ બનનાર વિદ્યાર્થી પણ સાયન્સ કૉલેજનો જ હોય. એવું અનુમાન થઈ શક્યું.

જે હોય તે, મધમાખીઓના જીવલેણ આક્રમણમાંથી એને બચાવી લેવો જોઈએ.

એક ક્ષણનો પણ વિલંબ જાનલેવા બની શકે.

હું ઑફિસ બહાર ધસી આવ્યો. લૉબીમાં લેબોરેટરીનો સેવક રેવાભાઈ કામ કરતો હતો. મેં એને નજીક બોલાવી સૂચના આપી : 'એકદમ જઈને સ્ટાફના કૉમનરૂમના ટેબલ પરનું ટેબલક્લૉથ લઈને તું મારી સાથે ચાલ.

મારા બોલવાની રીત અને હાવભાવથી રેવાને ઘણું સમજાઈ ગયું. એ ટેબલક્લૉથ ખેંચી લાવ્યો. અમે મકાનની બહાર નીચે આવી ગયા. મકાનના ખૂણા પર પહોંચીને મેં રેવાને કહ્યું : 'લાવ ટેબલક્લોથ. અને તું અહીં જ ઊભો રહેજે. વખતે મારે બીજા કામ માટે તારી જરૂર પડે.'

રેવાને મધમાખીઓ સુધી લઈ જઈને હું એને કોઈ પણ જોખમમાં મૂકવા માગતો નહોતો.

પેલા વિદ્યાર્થી પાસે પહોંચી જઈને મેં મારા હાથમાંનું ટેબલક્લોથ લાઠીની જેમ એના શરીરની આસપાસ વીંઝવા માંડ્યું. એ છોકરાના શરીરને પણ જરા જરા અડતું રહે એની પણ કાળજી રાખી. આમાં બેવડું જોખમ તો હતું જ. છોકરાના શરીર પરથી જે માખીઓ ઊડે તે મારા શરીર ઉપર વળતો હુમલો પણ કરે એવો સંભવ હતો. પણ છોકરાના શરીર પરથી માખીઓ દૂર કરવા માટે મેં જે માર્ગ અખત્યાર કર્યો તે સિવાય બીજો કોઈ માર્ગ નહોતો. છોકરાને મૃત્યુમાંથી ઉગારવાનો આ એકમાત્ર ઉપાય હતો. સાથે સાથે મારે પોતાને બચવા માટે મરણિયા થઈને ટેબલક્લોથ વીંઝીને માખીઓને દૂર રાખવાની હતી. કોઈ અજ્ઞાત શક્તિએ મારામાં પ્રવેશ કર્યો હોય એમ સાધારણ સંજોગોમાં દાખવું એના કરતાં ઘણી વધારે તાકાતથી માખીઓ સામે હું ઝઝૂમતો રહ્યો. વિદ્યાર્થીના શરીર પરથી માખીઓને ભગાડવામાં સફળતા મળી ખરી, પણ ટેબલક્લોથનો રક્ષણાત્મક આધાર હોવા છતાં હું મધમાખીઓના ડંખનો ભોગ બનતો રહ્યો. મારા જોશમાં ઓટ નહોતી આવી એ એક મોટું જમા પાસું હતું.

આ સંઘર્ષ ચાલતો હતો એ દરમિયાન વિદ્યાર્થી આશ્રમ (છાત્રાલય)ના ગૃહપતિ શ્રી મનહરભાઈ સ્થળ પર આવી પહોંચ્યા. ગમે તેવી કટોકટીમાં પૂરી શક્તિ અને હૈયા ઉકલતથી કામ કરનાર મનહરભાઈ જેવો બીજો કોઈ ગૃહપતિ આજ સુધી મેં જોયો નથી. એમણે મારા ઉપર તોળાઈ રહેલું જોખમ જોઈ લીધું અને પરિસ્થિતિનો હવાલો પોતાના મસ્તક ઉપર લઈ લીધો. એક ગર્જના જેવો અવાજ કરીને એમણે મને કહી દીધું : 'તમે અબઘડી ત્યાંથી ખસી જાઓ. તમારે હવે ત્યાં એક મિનિટ માટે પણ થોભવાનું નથી' આટલું બોલીને એ બીજા બે સશક્ત છાત્રોની સહાયથી વિદ્યાર્થીને ઢસડીને કિશોરકુંજની દીવાલ સુધી લઈ ગયા. પછીથી મને જાણવા મળ્યું કે મનહરભાઈએ એ વિદ્યાર્થીને આશ્રમની લારી દ્વારા તત્કાલ દવાખાને પહોંચાડ્યો અને વાલીને જાણ કરી.

મધમાખીઓના ડંખથી હવે મારા શરીરમાં બળતરા શરૂ થઈ હતી. સેવકને સાથે લઈને હું શાળાના મકાનમાં સીધો લેબોરેટરીમાં ગયો. અને હાથ, મુખ, ગર્દન વગેરે ભાગોમાં જ્યાં મધમાખીઓના ડંખ નજરે જોઈ શકાતા હતા ત્યાં બૉટલમાંથી એમોનિયા લગાડવાનું રેવાને સૂચવ્યું. રેવો લેબોરેટરીનો જ માણસ. એણે રૂના પૂમડા વડે ચોકસાઈથી એ કામ કરવા માંડ્યું એટલું જ નહીં, કેટલાક ડંખને તો એણે નખથી ખોતરી નાખ્યા. લેબોરેટરીમાં રાહત અંગે સારું એવું કામ તો થયું, પણ આ તો ઝેરી ડંખ, એની અસર માત્ર એમોનિયા લગાડવાથી સર્વથા નાબૂદ કેમ થાય ?

ઘેર ગયા પછી એ અસર એક વિચિત્ર પ્રકારે તીવ્ર બનવા લાગી. બળતરા તો થતી હતી પણ નસેનસમાં એક તીવ્ર તરસ ઊઠી. માત્ર પાણીની તરસ ! આવા કિસ્સામાં એક ઘરગથ્થુ કીમિયો મારી પત્નીના જાણમાં હતો. અલબત્ત, એ કીમિયો અત્યાર સુધી તો એની જાણમાં વીંછીના ડંખ પૂરતો હતો. હું કિશોરકુંજમાં ગૃહપતિ હતો ત્યારે અમારા નિવાસની બાજુમાં સૂરજ ગામના એક વિદ્યાર્થીને વીંછી કરડ્યો જાણીને મારી પત્નીએ એક કટોરામાં ખાંડનું પાણી તૈયાર કરીને એને પાયું હતું. આજે એ કીમિયો એણે મધમાખીના ડંખ ઉપર અજમાવ્યો. હું શાળાએથી ઘેર આવ્યો ત્યારે એણે પાણીમાં ખાંડ ઓગાળીને પીણું તૈયાર કરી દીધું. એક ગ્લાસ ભરીને આ પાણી પીધા પછી તરસ તો એની એ રહી હતી ! બલકે, જાણે એ વધી હતી ! બીજો ગ્લાસ... ત્રીજો ગ્લાસ.... 'હવે થોભો.' પત્નીએ કહ્યું, 'કદાચ ઉલમાંથી ચૂલમાં પડવાનું થાય.'

ઘરમાં એકત્ર થઈ ગયેલા આશ્રમવાસીઓએ મને દવાખાને પહોંચાડવાની વાત કરી. પણ હું એ માટે સંમત નહોતો. મારી તબિયતમાં હવે મને કોઈ કટોકટી જણાતી નહોતી. એના કરતાં બીજું, દવાખાને પહોંચીને આખા શહેરમાં હું ન્યૂઝસ્ટોરી બનવા માગતો નહોતો. તદ્ઉપરાંત સર્વ વિદ્યાલયના કેમ્પસમાં મધમાખીઓ આવો કેર વર્તાવી શકે છે એ હકીકતને હું શહેરમાં લોકચર્ચા થવા દેવા ઇચ્છતો નહોતો. સંસ્થાની પ્રતિષ્ઠાને આંચ આપનારું કંઈ બની રહે એવું હું થવા દેવા માગતો નહોતો. વિદ્યાર્થી દવાખાને જાય અને સંસ્થાનો વડો દવાખાને જાય એ તફાવત લોકબત્રીસીએ જુદી રીતે ચર્ચાય એવી મારી માન્યતા હતી. એટલે દવાખાને જવાની વાતને મેં ગણકારી નહીં.

દિવસ આથમ્યા પછી દીવાબત્તીના ટાણે કડીની પહેલા નંબરની સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય શ્રી જીવણભાઈ મારે ત્યાં આવ્યા. મધમાખીઓએ કૉલેજના જે વિદ્યાર્થી પર આક્રમણ કર્યું હતું તે વિદ્યાર્થી આ જીવણભાઈનો પુત્ર હતો.

શ્રી જીવણભાઈ મારી ખબર કાઢવા અને આભાર માનવાના બેવડા હેતુથી આવ્યા હતા.

'હવે એને કેમ છે ?' એમના પુત્રની સ્થિતિ વિશે મેં જીવણભાઈને પૂછ્યું.

'હવે ભય ટળી ગયો છે.'

'પણ તમે એને દવાખાનામાં સૂનો મૂકીને કેમ અહીં આવ્યા ?'

જીવણભાઈએ પહેલાં તો એક વ્યવહારદક્ષ માણસ જે જવાબ આપે તે આપ્યો : 'દવાખાનામાં એ સૂનો નથી, આખો પરિવાર ત્યાં હાજર છે.' આટલું કહ્યા પછી હૈયામાંથી આવતી વાણીને ઉચ્ચારતા હોય એમ બોલ્યા : 'અત્યારે દીકરો દવાખાનામાં હેમખેમ છે, તે સાહેબ, તમારા લીધે. તમે એને બચાવવા તમારી જાત ધરી દીધી. તમારો ઉપકાર અમારે કયા શબ્દોમાં

માનવો ?'

મેં જીવણભાઈને આવું વધારે બોલવા ન દીધા. મેં ઉમળકાપૂર્વક મારી ફરજની વાત કરી. કૅમ્પસમાં સંસ્થાભેદ નથી. સર્વ વિદ્યાલયના કે કૉલેજના, બધા છોકરા અમારે સરખા દીકરા છે. મેં કશું વધારે કર્યું નથી. ગૃહપતિ મનહરભાઈનો મારે પણ આભાર માનવો જોઈએ. પણ અમે એક પરિવારના સભ્ય, કોણ કોનો આભાર માને ?

જીવણભાઈ સાથે શક્ય બની એટલી આત્મીયતાભરી વાત કરી મેં એમને ઝટ ઝટ વિદાય કર્યા. દવાખાનામાં એમની વધારે જરૂર હતી.

સવાર સુધીમાં તો આ કારમી ઘટનાનો અંત આવી ગયો એ ખરું, પણ મારા મનમાં હવે એક ઘેરા ઉચાટનો આરંભ થયો.

મધમાખીઓનું આક્રમણ એક અસાધારણ ઘટના હતી. માખીઓનું આ સમજપૂર્વકનું આક્રમણ હતું એ જોઈ શકાયું. એમાં માખીઓના ગાઢ એકત્વની શિસ્ત જોઈ શકાતી હતી. તમે એક માખી પ્રત્યે અટકચાળું ન કરી શકો.

આ કારમા અનુભવ પૂર્વે અમે આ મધમાખીઓથી સાવ અજાણ્યા હતા એવું પણ નહોતું. ક્યારેક ક્યારેક અમે વિખરાયેલા વાદળની જેમ મધમાખીઓને કૅમ્પસમાં ઊડેલી જોતા હતા. આવી ઊડતી કે 'ઊડેલી' મધમાખીઓના કારણે છોકરા-છોકરીઓની ભાગદોડ પણ મચી જતી હતી. પણ સાવધાનીના કારણે ક્યારેક કશી આપત્તિ સર્જાઈ નહોતી. અલબત્ત, એક વખત જોખમી બની રહે એવી સ્થિતિનું નિર્માણ થયું હતું. સંસ્કારભવન (શાળાનું ઑડિટોરિયમ) અને હીંચકા (અત્યારે એનું અસ્તિત્વ નથી) વચ્ચેના મેદાન જેવા ભાગમાં મધમાખીઓ ટોળાબંધ ઊડેલી હતી. મોટા ભાગે એ જગ્યાથી વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ વેગળાં હતાં. રડ્યાંખડ્યાં જે હતાં એ જીવ લઈને ભાગી રહ્યાં હતાં. પણ કેટલીક માખીઓ એક છોકરીના માથે મંડરાવા લાગી હતી અને બીજી ઘણી એ તરફ ધસી રહી હોય એવું જણાતું હતું. (જેણે આ જોયું હતું એણે કરેલા બ્યાનના આધારે આ હકીકત) સદ્ભાગ્યે આ સમયે કૉલેજના પ્રોફેસર દેસાઈ ત્યાંથી નીકળ્યા. એમણે આ જોયું અને એકી છલાંગે છોકરીને ઉઠાવીને કમાનમાંથી છૂટેલા તીરની જેમ ભાગવા માંડ્યું અને છોકરીને એક ગૃહપતિનિવાસના આંગણામાં સહીસલામત રૂપે ઊભી કરી દીધી ! આ ગમખ્વાર ઘટના બની ગઈ હોત પણ પ્રોફેસર દેસાઈની ચપળતાને લીધે એવું કંઈ ન બન્યું. ખૂબીની વાત તો એ બની કે પ્રોફેસર દેસાઈનું સાહસ એટલું બધું રોમાંચક હતું કે મધમાખીઓના આક્રમણના ભયથી જોનારનો જીવ ઊંચો થવાને બદલે પ્રોફેસરનું બચાવકાર્ય રસનિષ્પત્તિનું કારણ બની રહ્યું અને મધમાખીઓના આક્રમણનો પ્રયાસ હળવાશમાં ખપી ગયો !

પણ અત્યારે એવું ન બન્યું.

કલ્પનારૂપે એ દૃશ્ય ફરી ભજવાયું. આ પ્રત્યક્ષ અનુભવની વાત નહોતી, માત્ર કલ્પના ! હવે વિષય રસનિષ્પત્તિનો નહીં, બુદ્ધિનો હતો, પ્રાધાન્ય ભયનું થયું. આ એક પ્રકારના કાલ્પનિક ભયથી હું જરાક માનસિક તાણ અનુભવી રહ્યો.

જ્યારે જ્યારે પેલો મધપૂડો નજરે પડતો ત્યારે હું આછી શી છતાં તાણનો અનુભવ કરતો. મનના ઉદ્વેગનાં એકાધિક કારણો થવા લાગ્યાં હતાં. જીવણભાઈના પુત્રની ઘટના ફરી બને તો ? એમાં હું મારી પ્રતિષ્ઠાનું જોખમ પણ જોવા લાગ્યો.

દિવસો પસાર થતા હતા પણ કશું વિસ્મૃતિમાં જતું નહોતું. મધપૂડાનો પ્રભાવ અસંપ્રજ્ઞાત મન (Subconscious)માં ઊતર્યો હોય એમ હવે તો એને લગતા ઘણા વિચારો આવવા લાગ્યા. એમાંનો એક વિચાર આ મધમાખીઓના ઊડવાના સમય અંગેનો હતો. પાછલાં વર્ષો સ્મરણમાં આપોઆપ આવવા લાગ્યાં અને એક અનુમાન બાંધી શકાયું કે આ મધમાખીઓ ઊતરતી વસંતે ઊડતી હતી. આપણા પંચાંગ પ્રમાણે કહીએ તો ચૈત્ર મહિનો અને તેની આસપાસના સમયગાળામાં આ ઉપદ્રવ થતો હતો.

વસંતઋતુ – ફૂલોની મોસમ. આટલા મોટા પૂડાની માખીઓ મધ માટે ક્યાંથી રસ ચૂસતી હતી ? એમના માટે અહીં ક્યાં બગીચાઓ ખીલતા હતા ?

અમારું પચાસ વીઘાનું કૅમ્પસ. એમાં અનેક પ્રકારનાં નાનાંમોટાં વૃક્ષો, વેલીઓ, ફૂલછોડ અને મોસમ

પ્રમાણે બદલાતી ફૂલ-ક્યારીઓ વગેરે હતાં. મોટાં વૃક્ષોમાં સંખ્યાબંધ છૂટાછવાયા અને કુંજ-ઘટારૂપ લીમડા (અગાઉ ઑડિટોરિયમના અભાવે શાળાની ઘણી સભાઓ આ લીમડાની ઘટામાં થતી), વિથીના રૂપમાં ઉછેરેલા હારબંધ આસોપાલવ, ગગનને ચૂમતા હોય એવા આકાશનિમ્બ (બૂચ), વિરાટ કદ ધારણ કરતા કાયજેલિયા, મે મહિનામાં આકાશને રાતા રંગથી ભરી દેતા મહાકાય ગુલમોર અને સપ્ટેમ્બરમાં ખીલતી નાના કદની એ જ જાત, શિરીષ, બકુલ (બોરસલી), કોડિયા, ચંપો, પારિજાત, બૉટલ બ્રશ, શિવરી, જાસુદ, કાંચનાર, ચાંદની વગેરે અને વેલાઓમાં બોગનવેલ, મધુમાલતી, જૂઈ, ચમેલી વગેરે બગીચાની શોભારૂપ ફૂલછોડમાં મોગરો, ડમરો, હજારીગલ, બારમાસી, તુલસી, કેના વગેરે અને મોસમી ફૂલક્યારામાં લછ્છમનબૂટી (ઑફિસ ટાઇમ), કાલી હબસી અને માળીની પસંદગીની અનેક જાતો.

આટલી બધી જાતોમાં મધમાખીઓને રસથી તૃપ્ત કરી શકે એટલી જાતો કેટલી ? બકુલનાં બોરિયાં મધમાખી માટે દુરારાધ્ય. પારિજાત રાત્રે મઘમઘી ઊઠે પણ સવાર પડતાં તો પોતાની નીચે શ્વેત-કેસરી ચાદર પાથરીને પોતે અકિંચન શું ઊભું રહ્યું હોય. અને ચંપો ? અમારા અધ્યારુસાહેબ ઘણી વાર વર્ગમાં મોટા સાદે લલકારતા : 'ચંપા તુજમેં તીન ગુન, રંગ-રૂપ-ઔર બાસ પર એક અવગુન ઐસો ભયો, ભ્રમર ન આવે પાસ...' આકારા નિમ્બનું વસંતુઋતુમાં કશું કામ નહીં એ તો નવેમ્બર-ડિસેમ્બરમાં ખીલે, પણ સુગંધની વાત નહીં. મધુમાલતી મધમાખીઓ માટે મધુકોષ ખરો, પણ એની સંખ્યા માત્ર બે શાળાના મકાનની પાણીની ટાંકીની બહારની બે દીવાલ પર. એનાં પુષ્પોની જબરદસ્ત માદક ગંધ ખરી પણ અમે એના પર મધમાખીઓનો આવરો-જાવરો જોયેલો નહીં એટલે શું કહીએ ?

કુતૂહલ શમતું નહોતું. આ મધમાખીઓ મધ માટે રસ ક્યાંથી ચૂસતી હતી ? કૅમ્પસમાં હતો કોઈ સ્રોત ? મનમાં તર્ક ઊઠતા હતા : પણ કોઈ મેળ બેસતો નહોતો. જાણવું તો હતું જ. છેવટે 'રીડક્ષીઓ - એડ - ઍબ્સર્ડમ'ની પદ્ધતિ અખત્યાર કરી. આ નહીં, આ નહીં, આ નહીં... કૅમ્પસનાં ઝાડ, છોડ, વેલ આ પદ્ધતિએ ટાળતાં ટાળતાં છેવટે લીમડો રહ્યો !

કૅમ્પસની આસપાસનો વિસ્તાર ? નજર પહોંચે ત્યાં સુધી ડાંગરના વાવેતરવાળી અત્યારે સૂકી ભઠ્ઠ થઈને તપતી ક્યારીઓ અને પાક લેવાઈ ગયેલા હજારો એકર સુધી વિસ્તરેલાં ઘઉંના વાવેતરવાળાં ખેતર, માત્ર સૂકો ખંખ વગડો !

લીમડો જ રહ્યો !!

હકીકતનો ઉદય થતાં વાર ન લાગી. હા, લીમડો આ મોસમ-ઊતરતી વસંત એટલે ચૈત્ર માસમાં પૂર બહારમાં ખીલ્યો હોય છે.

અને આપોઆપ બધી ચોખવટ થવા લાગી. જ્યારે જ્યારે મધમાખીઓને અને ઊડેલી જોઈ તે બધી ઉપર કહ્યું તેમ આછા કે વિખરાયેલા વાદળની જેમ લીમડાવાળા વિસ્તારમાં ઘુમરાતી હતી.

મધપૂડાના અસ્તિત્વ અને પોષણનું મૂળ, સાચું કે ખોટું, મારા અંગત તારણ પ્રમાણે લીમડો હતું. ઉપર જણાવ્યા તે બધા વિચારો અને તર્ક વચ્ચે મધપૂડાના ભયથી મુક્ત થવાનો વિચાર તો સતત મને સતત સાબદો રાખ્યા કરતો હતો. એક દિવસ એનો માર્ગ પણ કૉમનરૂપમાં સ્ટાફના સભ્યો સાથેની ચર્ચામાં મળી આવ્યો. ગામડેથી આવ-જા (અપ-ડાઉન) કરતા એક શિક્ષકે કહ્યું : 'અમારા ગામના બે માણસો આ કામ કરે છે. નાના-મોટા નડતરરૂપ મધપૂડાના એ નિકાલ કરી આપે છે.

'એ કેવી રીતે ?'

'મધપૂડાને કોથળામાં ભરી લે અને દૂર મૂકી આવે !

'આપણા મધપૂડાનો એ નિકાલ કરી શકે ?'

'એક વાર એ જુએ પછી કહી શકે.'

'તમે એ માણસોને વાત કરશો ?'

'જરૂર. એ લોકો મારા પરિચયમાં છે.'

માણસો આવ્યા. એમણે જોયું. છત ને વળગેલા મોટી ઢાલ જેવા મધપૂડાને બારીમાંથી બહાર ડોકાઈને બીજા કશા આધાર વગર માત્ર વાંશી, લાકડી, કમાન વગેરે ટાંચાં સાધનોથી કામ કરવાનું હતું. જોખમી હતું.

માણસો તૈયાર થયા.

કામ થયું.

લાકડીના એક છેડે ગેમેક્ષીનના દ્રાવણથી લથબથ

બાંધેલા ગાભા વડે છત નીચે મધપૂડાના સ્થાને બરાબર ઘસીને આ માણસોએ પોતું કર્યું : મધમાખીઓ ફરીથી એ જગ્યા પર ન બેસે એ હેતુ હતો.

મધપૂડો બંધ કોથળે વિદાય થયો.

રાહત થઈ.

પણ થોડા જ દિવસને અંતે એ રાહત ઠગારી નીવડી. મધમાખીઓ ફરીથી એમની મૂળ જગ્યા ઉપર જ મંડરાવા લાગી અને મધપૂડો એનું મૂળ કદ લેતો હોય એવું જણાયું.

મારી માફક પેલા શિક્ષકભાઈ પણ આ સ્થિતિ નીરખતા હતા. એક દિવસ એમણે મને કહ્યું : 'મેં પેલા ભાઈઓને આ વાત કરી છે. એ લોકો ફરીથી આ કામ રિપિટ કરશે.'

'પછી પણ આ થયું ને, ફરીથી થઈને રહેશે ને ?'

'આ વખતે કોથળો દૂર મૂકી આવશે.'

'દૂર એટલે ક્યાં ?'

'કટોસણ.'

કટોસણ રેલવે લાઇન ઉપરનું એક જંકશન. કડીથી સવારે ચાર વાગે ઉપડતી કડી-રણુજ ટ્રેનના માર્ગમાં આવતું આ સ્ટેશન. એ સ્ટેશને સૌરાષ્ટ્ર અને મહેસાણા તરફ જતી ગાડીઓના માર્ગ ફંટાય. કડીથી નીકળેલી એ ટ્રેન દેઉસણા અને પછી ભોંયણી સ્ટેશનો વટાવીને કટોસણ પહોંચે. આ ગાડીમાં કોચ ઝાઝા પણ ઉતારુ ઓછા. કટોસણ કહેવાય જંક્શન પણ વેરાન પ્રદેશ. સ્ટેશન બહાર નાની એક બે હૉટલ અને બેત્રણ દુકાનો. ગાડીઓના સમય વખતે માણસોની ચહલપહલ દેખાય પછી બધું સૂનું સૂનું !

નક્કી કરેલા સ્થળે, કોથળાનું મુખ ખુલ્લું કરી દેવાની સમજ સાથે આ વખતે પણ મધપૂડાને રવાના કર્યો.

પણ થોડા જ દિવસમાં પરિણામ એનું એ !

આ માખીઓએ પણ કબૂતરવાળી કરી.

મધમાખીઓએ અંતર કાપ્યાનું આશ્ચર્ય એ તો એક સ્વાભાવિક બૌદ્ધિક ચમક હતી. વીજળીના ઝબકાર જેવો ક્ષણભરનો તરંગ.

પણ મૂળ જગ્યાએ ઝનૂનપૂર્વક મંડરાતી મધમાખીઓ હવે મારી દૃષ્ટિએ મધમાખીઓ નહીં પણ એક સૈન્ય હતું. દુશ્મનનું સૈન્ય !

આ વિચારની સાથે જ મહાભારતના શાંતિપર્વમાંનો પેલો શ્લોક આ વિચાર સાથે જોડાઈ ગયો :

**न उत्खनेद्यस्य न मूलम उद्धरेत !**
**हन्यान्न तं यस्य शिरो न पातयेन् ॥**

મૂળ સમેત ઉખાડી નાખી ન શકાય તો વૃક્ષને ખોદવું નહીં અને ધડથી માથું જુદું ન કરી શકાય તો દુશ્મનને હણવો નહીં. (અર્થાત ઘા કરવો નહીં)

મારી નજરે જેમ મધમાખીઓ માખીઓ રહી નહીં એમ હું પોતે પણ ચકલું પંખાની હડફેટમાં ન આવી જાય એટલા માટે મોડી રાત સુધી પરસેવે રેબઝેબ થઈને કામ કરતો, કૂતરું ભૂખે મરી ન જાય એ ખ્યાલથી ગોળ ખવડાવીને એને જિવાડતો અને કાગળના દોડિયાના કોતરમાં ફસાઈ ગયેલા ભમરાને પોતાનાં હાડકાં ભાંગવાના જોખમે પણ બચાવી લેતો હું ઋજુ અને દયાળુ માણસ નહીં પણ જે કૅમ્પસમાં એકાધિક શિક્ષણસંસ્થાઓ, પાંચ છાત્રાલયો, સ્ટાફ ક્વાર્ટર્સ, ગૃહપતિ નિવાસો, રસોડાના તેમ જ અન્ય કર્મચારીઓ અને સેવકોનો બહોળો પરિવાર વસતો હતો તે કૅમ્પસનો હું વડો હતો. આ વડપણ હેઠળ અનેક જવાબદારીભરી અને ક્યારેક જોખમી ઘટનાઓમાં નાયક તરીકે મેં ફરજ અદા કરી હતી. હવે ફરી એક વાર સેનાનાયક બનીને આગળ થવાનું હતું.

નળરાજાને દમયંતીથી અલગ થઈ જવાનો વિચાર આવતાં જ કલિ વસ્ત્રછેદન માટે છરીરૂપે રાજાની નજરે પડ્યો હતો એવી રીતે કશી પૂર્વભૂમિકા વગર અને વાત કરવાના કે મુલાકાતના પૂર્વ સંકેત વગર મારા મદદગાર શિક્ષકભાઈએ મારી ઑફિસના દ્વારનું ફ્લેપ ખોલીને ઑફિસમાં પ્રવેશ કર્યો. અને ખુરશીમાં બેસે એ પહેલાં એ બોલ્યા : 'હવે છેલ્લો ઉપાય અજમાવ્યા વગર છૂટકો નથી, સાહેબ.'

'છેલ્લો ઉપાય ?'

'હા, છેલ્લો ઉપાય.'

'એ કયો ઉપાય છે ?'

'મધપૂડા હેઠળ ભડકો.'

આ સાંભળ્યા પછી મેં જરાક મૌન સેવ્યું.

કંઈક જુદું સમજ્યા હોય એમ શિક્ષકે પ્રશ્ન કર્યો : ‘શું કહો છો, સાહેબ ?’

સંકેત આપ્યો.

અને એક દિવસ રાત્રિના અગિયાર વાગ્યા પછી રસ્તે અવરજવર બંધ થઈ ત્યારે પેલા બે માણસોએ કામ શરૂ કર્યું.

એ માણસો છત નીચેની બારી આગળ હતા.

શિક્ષકભાઈ અને હું નીચે રસ્તા ઉપર ઊભા હતા.

આખી છત ભગવા રંગે રંગાઈ. એ રંગ દીવાલ પર પણ ખરડાયો. નીચેની રેતી ભડકીલા રંગી બની ગઈ. સામેનાં વૃક્ષોએ અગ્નિની લપટોના રંગને ઘટાઓમાં છુપાવ્યો. અને આખું આકાશ રગતરંગી બની રહ્યું.

૧૯૪૫ના ઑગસ્ટની છઠ્ઠી તારીખે સવારે સવા આઠ અને પંદર સેકન્ડે હીરોશીમાના આકાશમાં ૧૮૫૦ ફૂટની ઊંચાઈએ ૧૮૦૦ ફૂટના વ્યાસના એક અગનગોળાનો વિસ્ફોટ થયો. એનોલા ગેના બૉમ્બ બેમાંથી ફેંકાયેલા સાડાચાર ટન વજનના પરમાણુ બૉમ્બનું આ કાળું કામ ! વિસ્ફોટ પછી વિમાનના સહચાલક (કો-પાઇલોટ) રોબર્ટ લૂઈ બોલી ઊઠ્યો : ‘My God, what have we done ?’

અમારા મુખમાંથી આવો કોઈ ઉદ્‌ગાર ન નીકળ્યો.

કામ થઈ ગયું હતું.

રાજી થવું કે ઉદ્વિગ્ન થવું એની એ પળે ખબર ન પડી.

દિવસો વીતતા ગયા, મહિના અને વર્ષો પણ વીત્યાં.

તે દિવસે તો શરીર ઉપર એમોનિયા લગાડીને મધમાખીઓના ડંખ બળતરાને હળવી કરી હતી પણ હૈયે લાગેલા ડંખની બળતરાને કેમ કરીને હળવી કરવી ? ન જાને.

(૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ,
અમદાવાદ-૩૮૦ ૦૧૫ મો. ૯૯૦૪૪૮૦૫૨૨)

---

**[પૃ. ૨૪નું અનુસંધાન]**

૩. પટેલ, મોતીભાઈ અને અન્ય (૨૦૦૪-૨૦૦૫). *વિકસતા ભારતમાં શિક્ષણ અને શિક્ષક.* અમદાવાદ : બી. એસ. શાહ પ્રકાશન.

૪. ત્રિવેદી, આર. એસ. અને અન્ય (૧૯૭૭-૭૮). *જીન જેક રૂસોની શૈક્ષણિક વિચારધારા*, અમદાવાદ : બી. એસ. શાહ પ્રકાશન

૫. દવે, જયેન્દ્રભાઈ (૧૯૭૮). *શિક્ષણ-દર્શન પરિભાષા કોશ.* વલ્લભવિદ્યાનગર : સરદાર પટેલ, યુનિવર્સિટી.

૬. દવે, જયેન્દ્ર, (૧૯૮૩). *કેળવણીના તાત્ત્વિક આધારો.* અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

૭. દવે, જયેન્દ્ર (૧૯૮૩). *ભારતીય ચિન્તકોનું શિક્ષણચિંતન.* અમદાવાદ : યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ

૮. પાઠક, યુ. બી. (૧૯૭૫). *મૂલ્યલક્ષી શિક્ષણ.* આણંદ, ચરોતર સાહિત્ય પરિષદ.

૯. જાની, બી. એસ. (૧૯૯૪). *આચાર : પ્રથમો ધર્મ : (નૈતિક શિક્ષણવિહાર).* અમદાવાદ : સંસ્કાર ગુર્જરી.

૧૦. દવે, જયેન્દ્ર અને પટેલ મોતીભાઈ, (૨૦૦૩-૨૦૦૪). *શિક્ષણ ચિન્તકોનું શિક્ષણદર્શન.* અમદાવાદ : બી. એસ. શાહ પ્રકાશન.

૧૧. શાહ, ગુણવંત અને દેસાઈ ધનવંત (૧૯૯૬). *શિક્ષણદર્શન.* અમદાવાદ : બી. એસ. શાહ પ્રકાશન

‘વૃન્દાવન’, સંસ્કાર સોસાયટી પાસે, જિનતાન રોડ, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૨

# ઉચ્ચ શિક્ષણ : વહીવટ, વ્યવસ્થાપન અને વ્યવહારનું નીતિશાસ્ત્ર

ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી

**શિક્ષણ : સામાજિક વ્યવસ્થા :** શિક્ષણ એ સમાજની એક વ્યવસ્થા [System] છે. એને પોતાનું આગવું તંત્ર હોય છે જે સમગ્ર વ્યવસ્થાને સક્રિય રાખવા પ્રયોજાતું હોય છે. એ માટે એને સંરચના [Strcture] હોય છે જેનાં અનેક પેટા-તંત્રો [Sub-Systems] હોય છે. આ વ્યવસ્થા એના ચોક્કસ, અગાઉથી નિશ્ચિત સ્વપ્નાં [Vision] અને ધ્યેયોને અમલમાં મૂકી ચરિતાર્થ કરવા, એકજૂટ થઈને કાર્યરત રહેતી હોય છે.

આમ વ્યવસ્થાની નિરંતર સક્રિયતા ચાલતી રહે એ માટે એણે ત્રણ ઉપક્રમો કરવાના હોય છે. તે પૈકી એક છે – વહીવટ [Administration], બીજો છે - વ્યવસ્થાપન [Management] અને ત્રીજો છે - વ્યવહાર [Practices]. જો ઉચ્ચ શિક્ષણના સંસ્થાપકો પોતાનું લિખિત બંધારણ હોય [અને આજના યુગમાં આવું લિખિત સ્વરૂપનું બંધારણ હોવું અનિવાર્ય ગણાવું જોઈએ] તો તેમાં કાર્યની, સત્તાની, અધિકારોની અને ફરજોની સ્પષ્ટ માંડણી કરેલી હોય, તો એવી સંસ્થાનો રોજિંદો કારોબાર સુચારુ રીતે, સરળ રીતે અને અસરકારક રીતે થઈ શકવાની પ્રબળ શક્યતાઓ રહેલી હોય છે. આ રીતે સંસ્થા પોતાની આગવી અને ભરોસાપાત્ર ઓળખ [Idnetity] સમાજમાં પાડી શકે અને એના તમામ હિતધારકો [Stakeholders] સંસ્થાના ઉદ્દેશો અને આદર્શોને મૂર્તિમંત કરવા એક સુગ્રથિત ટુકડી [Team] તરીકે, પ્રતિબદ્ધતાપૂર્વક એક ઉમદાસાહસના ભાગીદારો [Partners] તરીકે સફળ પણ થઈ શકે.

**ત્રિવિધ પ્રબંધના પાયાનું દર્શનશાસ્ત્ર :** શિક્ષણની સંસ્થાએ એના નિશ્ચિત ઉદ્દેશો સિદ્ધ કરવા અનેક કામગીરીઓ કરવાની હોય છે. જેવી કે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો, અભ્યાસક્રમો ઘડવા અને તે પ્રમાણે શિક્ષણ અને મૂલ્યાંકનનાં કાર્યો કરવાં, શિક્ષણકાર્ય કરનારા સક્ષમ અને આવશ્યક અનુભવ અને લાયકાતો ધરાવતા અધ્યાપકો નિયુક્ત કરવા, તેમને નિયમાનુસારના પગારધોરણો સહિત નોકરીના નીતિનિયમોથી અવગત કરી, તેમની સહાયથી શિક્ષણસંશોધન, જ્ઞાનવિસ્તરણ, સમાજસેવા વગેરે વિવિધ કામગીરીઓને ન્યાય આપવો, તેમનો સતત વ્યવસાયિક વિકાસ થતો રહે તેવા પ્રયત્નો કરવા, વિવિધ સામાજિક સંસ્થાઓ, સરકાર, વાલીઓ, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વગેરે સાથે જીવંત, અન્યોન્યને ઉપકારક સંબંધો બાંધવા, જાળવવા અને વધુ નિરંતર જીવંત રહે, ચેતના વડે ઊભરાતી રહે અને સદા વિકાસમાન અને તરો-તાજા રહે એવાં બધાં વાનાં કરવા, ઉપર જણાવેલી ત્રણ ચાલનાઓ સભાનપણે અમલમાં રહે એ જોવું પડે. એ ત્રણેયના પાયામાં નીચે જણાવ્યા જેવી દાર્શનિક ભૂમિકા હોય છે જેનું હંમેશાં ધ્યાન રાખવું પડે.

(૧) **વહીવટ વ્યવસ્થા** [Adminstration] : આ વ્યવસ્થાનો પાયો છે સંસ્થાના કારોબાર માટે ઘડાયેલા કાયદા [Law] કાનૂન, નિયમો (Rules), નિયમનો (Regulations), હુકમો, આદેશો, ધારાધોરણ વગેરેનો. આ બધાય વહીવટની પોથીમાં લખાયેલા વિધિવત સ્વરૂપ ધરાવતા પ્રબંધો છે. સંસ્થા ચલાવનારા સૌને આ બંધનકર્તા છે, તે બધાય અનિવાર્ય છે. અને તેમાં સુધારા વધારા, ફેરફાર વગેરેને વિધિપૂર્વક આમેજ કરવાની જોગવાઈઓ હોય છે. ટૂંકમાં જેને કાયદાનું શાસન [Rule of Law] કહેવાય છે, એ પ્રસ્થાપિત કરનારા આ બધા પ્રબંધો હોય છે. આ પ્રબંધોનો અમલ [Implementation] યથા સમય, ચોકસાઈથી, પક્ષપાત વિના, અપવાદ

વિના કે કચવાતા મને નહીં પણ મક્કમપણે પરિણામદાયી રીતે કરવો જોઈએ, એનું પાલન કરાવવું જોઈએ અને એના ભંગ બદલ કે એના દુરુપયોગ કે અનુપયોગ માટે જરૂરી શિક્ષાત્મક પગલાંની પણ જોગવાઈઓ હોવી જોઈએ. હા, આવી જોગવાઈ, કુદરતી ન્યાયના સિદ્ધાંતો સાથે સુમંગળ હોવી જોઈએ અને અમલનો અતિરેક ટાળી માનવીય અભિગમથી તેમનો અમલ થવો જોઈએ. કાયદાનો શબ્દાર્થ અને તેનું હાર્દ બંને વચ્ચે સમજપૂર્વકનું સંતુલન જળવાય એ રીતે એનો અમલ થાય એ જરૂરી છે.

સંસ્થાઓના વહીવટની બાબતમાં ગેરવહીવટ, અતિક્રમી વહીવટી, ભ્રષ્ટાચાર, ઢીલાશ, વિલંબ, અનિર્ણાયકતા, વહાલાં-દવલાંની નીતિ વગેરે જેવાં અનિષ્ટો સંકળાયેલાં જોવાં મળતાં હોય છે. પારદર્શી વહીવટ કે જવાબદારી ભરેલો વહીવટ, કરવાને બદલે એકાધિકારવાળો ઘમંડી કે તુંડમિજાજી વહીવટ, નોકરશાહી કે લાલ ફિતુર શાહી [Red Tapism]થી વિકૃત થયેલો જુલ્મી વહીવટ વગેરે જેવાં દૂષણો આજના જગતમાં અજાણ્યાં દૂષણો નથી. અનેક વહીવટી તપાસપંચો દ્વારા કરાયેલા વહીવટી સુધારણા માટેનાં અસંખ્ય ડાહ્યાં-ડાહ્યાં સૂચનો અને ભલામણો આપણા દેશના વહીવટી દફ્તરમાં સંગ્રહાયેલાં રહ્યાં છે, તેમ છતાં ''વહીવટ' નામે જ એક ડરામણી સંકલ્પના ઘર કરી ગયેલી જોવા મળે છે. એ જ સૂચવે છે કે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે 'વહીવટ' નિર્મળ, નિર્દોષ અને નિર્ભેળ રહે એ માટે કેટકેટલું હજી કરવાનું બાકી છે ! માનવતાપૂર્ણ વહીવટ [Humanised Adminstration] હજીય આપણા દેશ માટે અનેક જોજનો દૂર રહેલી શક્યતા જ છે ને ?

**(૨) વ્યવસ્થાપન વ્યવસ્થા :** વ્યવસ્થાપન (Management)એ વીસમી સદીમાં ઉદ્ભવેલું અને સતત વિકસતું રહેલું એક સમાજશાસ્ત્ર છે જે ૨૧મી સદીના જ્ઞાનયુગમાં પૂરબહારમાં ખીલી રહેલું એક ખૂબ પ્રભાવશાળી માનવવર્તણૂકને ઉજાગર કરતું વર્તનશાસ્ત્ર [Behaviour Science] છે. કેટલાક લોકો વ્યંગમાં કહે છે કે વર્તમાન ઉદ્યોગ, ધંધા અને રાજકારણ તેમજ સંસ્થાઓના સંચાલન માટે વિદ્વાનોએ જે ત્રણ શાસ્ત્રો વિકસાવ્યાં છે તે છે ભૌતિકશાસ્ત્ર જેવાં કઠિનશાસ્ત્રો [Hard Science], અર્થશાસ્ત્ર જેવાં મૃદુ શાસ્ત્રો [Soft Science] અને વ્યવસ્થાપન [Management] જેવાં ભ્રામક શાસ્ત્રો [Pseudo Science]. ગમે તે કહો પણ વ્યવસ્થાના શાસ્ત્રની વર્તમાન યુગમાં બોલબાલા છે ! એના વિના સમાજનું કોઈ પણ તંત્ર ચાલી શકે એમ નથી.

વ્યવસ્થાપનશાસ્ત્રની અનેક પેટાશાખાઓ પણ ખૂલી છે અને નવી નવી અન્ય એવી ખૂલતી પણ જાય છે. એના શિક્ષણ તાલીમ, પ્રયોગ અને સંશોધન માટે અનેક યુનિવર્સિટીઓ અને ખાનગી કોર્પોરેશનનાં પ્રતિષ્ઠાનો પણ જાત-જાતના કાર્યક્રમો આપતાં જોવા મળે છે. અલબત્ત, આ શાસ્ત્રે પોતાનું આગવું દર્શનશાસ્ત્ર વિકસાવ્યું છે, એ માટેની વિવિધ પદ્ધતિઓ વિકસાવી છે, એના અધ્યયનનાં અનેકવિધ સાધનો પણ વિકસાવવામાં આવ્યાં છે. એમનો વિવેકપૂર્વક ઉપયોગ કરીને કેટલીય શિક્ષણ સંસ્થાઓ પાંગરી છે, આબાદ બની છે અને જગતને ઊંચી ક્ષમતાઓ ધરાવતું માનવ સંસાધન ઉપલબ્ધ કરી રહી છે.

શિક્ષણનું વ્યવસ્થાપન [Education Management]ની વિશિષ્ટ વિદ્યાશાખા [Discipline]નું જ્ઞાન અને તેનાં કૌશલ્યો ધરાવતા કલ્પનાશીલ, સાહસિક, આયોજનવિદ અને નિષ્ઠાવાન ડીન, આચાર્ય, વિભાગીય વડા, નિયામક જેવા હોદ્દા પર નિયુક્ત થયા હોય અને પૂરતી મોકળાશ અને સ્વાયત્તતાથી કાર્યક્રમોને અંજામ આપવાની સુવિધા અપાઈ હોય તો દુનિયામાં કોઈ કારણ નથી કે એમની સંસ્થા કેમ ઉત્તમોત્તમ ગુણવત્તા ધરાવતી, વૈશ્વિક સ્પર્ધાત્મકતા વાળી ન બની શકે. અરે, કોર્પોરેટ જગતની ભંગાર, નાદાર અને નાકામિયાબ નીવડેલી કેટલીક કંપનીઓ યોગ્ય દષ્ટિમંત અને હાથ ધરાવતા મૅનેજરો મળતાં કેવો અજબ બદલાવ [Turnaround] કરી શકતી હોય છે એ તાજેતરના વિશ્વના આર્થિક ઇતિહાસમાં નોંધાયું છે.

ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે ભારતની જ અઝીમ પ્રેમજી યુનિવર્સિટી, જિંદાલ યુનિવર્સિટી, સિક્કિમ મણિપાલ યુનિવર્સિટી વગેરેએ ટૂંકા ગાળામાં ઉત્તમ મૅનેજમેન્ટ પ્રક્રિયાના વિનિયોગ દ્વારા કેવી પ્રચંડ કીર્તિ હાંસલ કરી છે. સાંપ્રત ઇતિહાસ એનો સાક્ષી છે.

ગુજરાતમાં જ જોઈએ તો નિરમા યુનિવર્સિટી, કડી

સર્વ વિશ્વવિદ્યાલય, ગણપત યુનિવર્સિટી વગેરે પણ એજ્યુકેશન મૅનેજમેન્ટના સફળ પ્રયોગના જ નમૂના છે ને ?

અલબત્ત, વ્યવસ્થાપન [Management] પણ નબળું, પાંગળું, દિશાવિહીન હોઈ શકે છે. એનાથી બચવું રહ્યું.

**(૩) વ્યવહાર [Practices] પ્રકારનું વ્યવસ્થાપન :** આપણે જોયેલા બે પ્રકાર, અનુક્રમે વહીવટ અને વ્યવસ્થાપન, નિશ્ચિત આકાર, સરહદો અને પ્રદેશ ધરાવતા પ્રકારો છે. ત્રીજો પ્રકાર છે કોઠાસૂઝનો, હૈયા ઉકલતનો, આંતરપ્રેરણા [Intuition]નો, નૈતિક સ્પષ્ટતા, સરળતા અને હિંમત [Guts]નો. ગુજરાતની ભૂમિ પરંપરાથી સાહસ અને સફળતાની ભૂમિ બની શકી હોય તો તેના પાયામાં ગુજરાતી પ્રજાની આ વ્યવહારુતાની સૂઝ રહેલી છે. અમદાવાદનો સુતરાઉ કાપડની મિલોનો ઉદ્યોગ, સૌરાષ્ટ્ર અને કચ્છના સાગરખેડુઓનો વિશ્વવ્યાપારનો ઉદ્યમ, સર જમશેદજી તાતાની સ્ટીલ ઉદ્યોગની સફળતા, કસ્તૂરભાઈ લાલભાઈ, ધીરુભાઈ અંબાણી, ગૌતમ અદાણી, ઝાયડસ કેડિલાવાળા પંકજ પટેલનું ફાર્માસ્યુટિકલ ઉદ્યોગનું પ્રચંડ સાહસ – આ બધા આંતરસૂઝના કરિશ્માનાં દૃષ્ટાંતો છે. એમની એ સાહસદૃષ્ટિ શિક્ષણના સંચાલનમાં પ્રયોજાય તો કેવાં હોનહાર પરિણામો આવી શકે છે ? જુઓ એના કેટલાક નમૂના :

વલ્લભવિદ્યાનગરની યુનિવર્સિટી અને ચારુતર વિદ્યામંડળની પાછળ ભાઈકાકા, ભીખાભાઈ સાહેબ, એચ. એમ. પટેલ અને હાલ સી. એલ. પટેલની પ્રેરણા બેશૂમાર રહેલી છે. કડી સર્વ વિદ્યાલયના વિકાસના પાયામાં છગનભા, પુરુષોત્તમદાસ વકીલ, માણેકલાલ પટેલ જેવા સાહસવીરોનું નેતૃત્વ રહેલું છે. આણંદની ચરોતર એજ્યુકેશન સોસાયટીના જ્વલંત ઇતિહાસમાં ઈશ્વરભાઈ પટેલ, વિઠ્ઠલભાઈ પટેલ વગેરેનો ફાળો અમૂલ્ય રહેલો છે. આવાં તો અનેક દૃષ્ટાંતો સાંપ્રત ગુજરાતના વિકાસની તવારીખમાં મોજૂદ છે. શિક્ષણનું સંચાલન આવા અંતઃસ્ફુરણાવાળા, સ્વાર્પણને વરેલા, સાહસિકોના ગણતરીપૂર્વકના જોખમ ઉપાડવાની માનસિક તૈયારીનું જ ફળ છે એનો ઇતિહાસ સાક્ષી છે.

**સુગ્રથિત સંચાલન પદ્ધતિ : (Synergistic Management Strategy)**

ગુજરાતના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્ર સામે ૨૧મી સદીના જ્ઞાનયુગનો તકાદો છે કે કોઈ પણ પ્રકારની છોછ રાખ્યા વિના, પોતાના સર્વતોમુખી વિકાસ માટે એવા ઉચ્ચ શિક્ષણનો પ્રબંધ કરવામાં આવે, જેનું સંચાલન કરવા આ લેખમાં વર્ણવેલી ત્રણેય પદ્ધતિઓના સુયોગ્ય મિશ્રણ દ્વારા, પ્રયોગલક્ષી અભિગમથી આગવી રણનીતિ [Strategy] વિકસાવવી, એનું માર્ગદર્શક સાહિત્ય તૈયાર કરી, એના અમલ નિરીક્ષણ [Monitoring], મૂલ્યાંકન [Evaluation]ની કાર્યક્રમ માટે પદ્ધતિઓ વિકસાવી, હવે પછીના વર્ષોમાં કરવાના ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રના વિકાસનો પર્યાપ્ત પ્રબંધ કરે. આ સારું માર્ગદર્શક બની રહે.

એવો ગુજરાતના શિક્ષણક્ષેત્રે અનેક પ્રયોગોનો ઇતિહાસ પડેલો છે, અનેક સંસ્થાઓની સફળતાની ગાથાઓ સંઘરાયેલી છે, અનેક શિક્ષણક્ષેત્રના સાહસિકો [Entrepreneurs]ની સાહસકથાઓ રહેલી છે જે બધાં ગુજરાતની આગવી શિક્ષણ સંચાલનની તાસીર ઊભી કરવામાં માર્ગદર્શક નીવડી શકે એમ છે.

અલબત્ત, આ સાહસ પ્રામાણિકપણે ઉપાડવું પડશે. એના માટે નવી કેન્દ્રીય સેતુ બને એવી સંસ્થા સ્થાપવી આવશ્યક રહેશે એ સંસ્થા શિક્ષણના સંચાલનનું નવું દર્શન, નવી યોજનાઓ, નવી કાર્ય પદ્ધતિઓ, નવાં સંશોધનો અને નવા અખતરાઓ માટેની નર્સરી [Nursery] એટલે કે ધરુવાડિયા સમાન એક ચેતનવંતી માનવસંસ્થા હશે. હા, આ ધીરજ માગી લેતું મહાકાય અભિયાન હશે. એનું અનુસરણ કરવા માટેની તિતિક્ષા અને ધૃતિ, કવીશ્વર દલપતરામે નિર્દેશેલી રીતે હાંસલ કરવી પડશે. આ રહી એમની કવિવાણી :

**"ન ખણાય કૂવો ક્ષણમાં ખણતાં જ,**
**ખણાય કૂવો ખણતાં, ખણતાં,**
**ન ચણાય હવેલી પૂરી પળમાં જ**
**ચણાય પૂરી ચણતાં, ચણતાં**
**ન વણાય પૂરું પટ તો પળમાં,**
**વણાય પૂરું, વણતાં, વણતાં,**
**ન ભણાય ઘણું દિનમાં દલપત,**
**ભણાય ઘણું, ભણતાં, ભણતાં.**

**ઉપસંહાર :** શિક્ષણનું સાહસ [Enterprise]એ માનવઘડતરનું મહાસાહસ છે. એનું સંચાલન ત્રણ અલગ અલગ અભિગમો – વહીવટ, વ્યવસ્થાપન અને વ્યવહારથી કરવા કરતાં, ત્રણેયનો જીવંત સમન્વય સાધી દરેક શિક્ષણ સંસ્થા-યુનિવર્સિટી કે કૉલેજ – પોતાની આગવી જરૂરિયાતોને ધ્યાનમાં રાખી, સંચાલન કરે તો એનાં ઉત્તમ ફળ – શિક્ષણની ગુણવત્તાના સ્વરૂપે, વિદ્યાર્થીઓના ધારદાર ચારિત્ર્ય અને ક્ષમતાના વિકાસના સ્વરૂપે, અધ્યાપકોના સુચારુ વ્યવસાયી વિકાસના સ્વરૂપે, શિક્ષણ સંસ્થાની ઊંચી સામાજિક પ્રતિષ્ઠાના સ્વરૂપે મળવાની પૂરી શક્યતા છે, જરૂર છે ત્રણેય અભિગમનોના સુભગ સમન્વયની. આ માટે કોઈની પણ રાહ જોયા વિના, દરેક સંસ્થાએ, પોતાના સર્વે હિતધારકોનું સંગઠન સાધી આરંભ કરવાની ઘડી ગુજરાતમાં અને ભારતમાં આવી ચૂકી છે. આવું નિષ્ઠાપૂર્વક કરવામાં આવશે તો અવશ્યમેય આવતાં થોડાંક જ વર્ષોમાં આપણી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ વિશ્વકક્ષાની સર્વોચ્ચ ૧૦૦ કે ૨૦૦ સંસ્થાઓ પૈકી સ્થાન મેળવી શકશે. જરૂર છે સંકલ્પની ! સાહસની ! સમર્પણની ભાવનાની !

(પૂર્વ ઉપકુલપતિ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ. નિવાસ : બજારમાં, ટાવર પાસે, કલોલ, જિ. ગાંધીનગર)

## સનાતની છતાં સુધારક

બાપુજી જ્યારે દક્ષિણ આફ્રિકાથી ભારત આવ્યા ત્યારે એમને માથે ચોટલી ન હતી, ગળામાં જનોઈ ન હતી. હરદ્વારના કુંભ મેળામાં એક સાધુએ તેઓને બંને માટે આગ્રહ કર્યો. ત્યારે બાપુજીએ માથે ચોટલી રાખવાનું સ્વીકાર્યું, અને જનોઈની ના પાડી. એની વાત મારી આગળ કરતાં કહ્યું :

"મારે હિંદુ સમાજમાં મોટા મોટા સુધારા કરવા છે, સુધારા માટે લડવું છે, અને તે પણ એક નિષ્ઠાવાન હિંદુ તરીકે. પ્રસંગ આવ્યે મારે આ સમાજ વિરુદ્ધ ઉપવાસ પણ કરવા પડે. તેથી મારે સમાજ સાથે શક્ય તેટલા એકરૂપ થવું છે. હું પોતાનો જ છું, એવું આ સમાજને લાગવું જોઈએ. તો જ હું એમાં કાંઈ ફેરફાર કરાવી શકીશ. ત્યારે, જેટલી બાબતમાં એમના રિવાજો પળાય, તેટલામાં એમને રાજી રાખવા એ જ ઉત્તમ નીતિ છે. માથે ચોટલી રાખવા જેવી નજીવી વસ્તુમાં સુધારો કરી સમાજથી નોખા પડવામાં લાભ શો ?"

જનોઈ વિશે એમણે કહ્યું : "હિંદુ સમાજમાં નકામા અનેક વાડા પડ્યા છે, અને તેથી હિંદુ સમાજ નબળો પડતો જાય છે. તેના કકડા થાય છે એમાં અમુક લોકોને જનોઈનો અધિકાર છે, અમુકને નથી, એવો નકામો ભેદ છે. ત્યારે આપણે એ અધિકાર વિનાના લોકોમાં જ ભળી જઈએ."

ગાંધીજીમાં બહુ મોટો સુધારક હતો. પણ ગાંધીજી વાણિયા હતા. આ સ્વભાવને લીધે ગાંધીજીએ પોતાનો સમાવેશ સનાતનીઓમાં કરાવ્યો, અને કાર્યક્રમ સ્વીકાર્યો સુધારકોનો.

## શ્રદ્ધાનું પ્રતિબિંબ

મનુષ્યપ્રાણીએ કેટલોયે અન્યાય કર્યો હોય અને કેટલાંયે પાપ કર્યાં હોય, તોપણ મનુષ્ય એ મનુષ્ય છે; તેને આખરે ધર્મનો રસ્તો સૂઝશે જ, એવી ગાંધીજીની અમર શ્રદ્ધા છે. એ શ્રદ્ધાથી જ તેઓ બધું સહન કરે છે, અને સહન કરીને પોતાની શ્રદ્ધા બીજામાં રેડે છે. તેમનું બાળક જેવું નિર્મળ મુક્ત હાસ્ય એમની એ શ્રદ્ધાનું જ પ્રતિબિંબ છે. લોકવાર્તામાં જે વર્ણન આવે છે કે પવિત્ર પુરુષોના હાસ્ય સાથે પુષ્પ અને મોતીના પોશ ઝરે છે, તે ગાંધીજીના હાસ્યમાં ચરિતાર્થ થયું છે.

**–કાકા કાલેલકર**

'ગાંધી-ગંગા : ૨'માંથી સાભાર

# મૂલ્યોની સંકલ્પના

ડૉ. મોતીભાઈ મ. પટેલ

**૧. પ્રાસ્તાવિક :**

**મૂલ્યનો સાદોસીધો અર્થ :** 'માનવે વસ્તુને આપેલો અર્થ' એવો થાય. મૂલ્યવિચારમાં વસ્તુનું મહત્ત્વ નથી, એને અપાયેલા અર્થનું મહત્ત્વ છે. વિવિધ વ્યક્તિઓને મન જુદી જુદી વસ્તુઓ મૂલ્યવાન હોય છે. વસ્તુને અર્થ આપનાર માનવ છે. એટલે માનવના સંદર્ભ વિના મૂલ્યનો વિચાર અશક્ય છે. મનુષ્યનું જીવન, સુખ, સ્વતંત્રતા, પૈસા, આનંદ, સિદ્ધિ વગેરે બાબતો જીવનરીતિ નક્કી કરવામાં અગત્યનો ભાગ ભજવે છે.

જ્યારે માનવને આચરણ માટે કોઈક ક્રિયા પસંદ કરવાનો પ્રશ્ન ઊભો થાય છે ત્યારે તે અમુક ચોક્કસ ક્રિયા એટલા માટે પસંદ કરે છે કે, બધી જ કરવા જેવી ક્રિયાઓમાં તે ક્રિયા તેને મન શ્રેષ્ઠ છે. યોગ્ય છે. સારી કે ખરાબ, યોગ્ય કે અયોગ્ય નક્કી કરવાની મથામણમાંથી શું સારું કે યોગ્ય તે નક્કી થાય છે. ગ્રીક ભાષાના axious શબ્દ ઉપરથી ઊતરી આવેલો અંગ્રેજી શબ્દ Axiology શબ્દ મૂલ્યમીમાંસા માટે વપરાય છે. આ મૂલ્ય એટલે જ પસંદગી માટે યોગ્ય. ગ્રીક લોકોના સમયથી મૂલ્ય સંબંધી સમસ્યાની સૈદ્ધાંતિક બાજુ પર લખાતું આવ્યું છે. આ શબ્દ 'મૂલ્યમીમાંસા વિદ્યા' મૂલ્યોની પ્રકૃતિ, તેનાં મૂળ, વર્ગીકરણ તેમજ વિશ્વમાં મૂલ્યોના સ્થાન સહિત મૂલ્યની સામાન્ય ઉપપત્તિ (Theory)ના અભ્યાસને માટે પ્રયોજાય છે.

જેના દ્વારા ઇચ્છાઓ સંતોષાય તે વ્યક્તિ માટે મૂલ્ય અને મૂલ્યવાન બને છે. (Value-Valuable). મૂલ્યો વ્યક્તિમાં અને વ્યક્તિ માટે રહેલાં છે. તેનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો જોઈએ.

- મૂલ્યો અનુભૂતિ દ્વારા જ જાણી શકાય છે. તેની સાંખ્યિક-જથ્થાત્મક ગણતરી શક્ય નથી.
- દરેક વસ્તુ સાથેની અનુભૂતિમાંથી મૂલ્યોનો જન્મ થાય છે. તેનાથી વ્યક્તિને સંતોષ થાય છે કે તેના માટે સારું છે. જે સારું હોય છે તે મૂલ્ય બને છે.
- મૂલ્ય અને વ્યક્તિ પરસ્પર સંકળાયેલાં છે. વ્યક્તિ જ મૂલ્યનું કેન્દ્રસ્થાન અને માપદંડ છે.
- જેના દ્વારા વ્યક્તિને અનુકૂલન પ્રાપ્ત થાય છે તેનો વ્યક્તિ મૂલ્ય તરીકે સ્વીકાર કરે છે.
- જ્યારે વ્યક્તિને સંપૂર્ણતાનો પરિચય થાય છે ત્યારે શક્ય તેટલા હકારાત્મક મૂલ્યોને તે સ્વીકારે છે.
- મૂલ્યો દ્વારા વ્યક્તિ, સમાજસુધારકો, કેળવણીકારો, સંસ્થાઓ માર્ગદર્શન મેળવે છે.
- મૂલ્યો સાંસ્કૃતિક, જ્ઞાન અને કૌશલ્યો કરતાં કંઈક વિશેષ પ્રદાન કરે છે, જેમાં વ્યક્તિની માન્યતા, ઇચ્છાઓ, અપેક્ષાઓ, વલણો અને વિચારસરણીઓનો સમાવેશ થાય છે.
- ખરેખર મૂલ્યનું હોવું એ એક મૂલ્ય છે.
- મૂલ્યથી આનંદની અનુભૂતિ થાય છે, જીવવા માટેની પ્રેરણા અને બળ પ્રાપ્ત થાય છે.
- જેનામાં કામનાઓ હોય અને કામનાઓ પૂરી પાડવાની ગુંજાશ હોય તેને મૂલ્ય કહેવાય.
- મૂલ્ય એ મનુષ્યના અસ્તિત્વને અર્થપૂર્ણતા બતાવાની પ્રક્રિયા છે.
- મૂલ્ય એ જીવનનું પ્રજીવક (વિટામિન) પોષક તત્ત્વ છે.
- મૂલ્ય માનવને જીવન જીવવાની ઝંખના પૂરી પાડે છે. જે શાશ્વત ઝંખના છે.
- માનવ જ્યારથી જન્મ્યો ત્યારથી મૂલ્યનો ઉદ્‌ભવ થયો.
- માનવીના અસ્તિત્વને અસ્મિતા તરફ દોરી જનાર મૂલ્ય છે.
- મૂલ્યથી સમર્પણનો ભાવ જન્મે છે.

- મૂલ્ય એ માનવના જીવનમાં ઈશ્વરનું આગમન છે.
- મૂલ્યો જ્યારે કાર્યાન્વિત બને ત્યારે તેમાંથી આદર્શ જન્મે છે.
- મૂલ્યો ખરેખર અમૂલ્ય છે.

છેવટે તો માનવ અસ્તિત્વ અને માનવના વિકાસ સાથે મૂલ્યનો પ્રશ્ન પણ સંકળાયેલો છે. મૂલ્યનું સર્જન કે વિસર્જન એ માનવ મનના વ્યાપાર પર આધારિત છે. તેથી કવિ સુન્દરમ્ કહે છે : 'માણસની આસપાસ આખું જગત અને તેના અનંત પદાર્થો પડેલા છે. એ પદાર્થોને માણસ પોતાના જીવન સાથે કેવી રીતે સાંકળે છે તે પ્રમાણે પદાર્થનું મૂલ્ય બંધાય છે. આ રીતે મૂલ્ય એ માણસની દુનિયાનો શબ્દ અને વ્યાપાર છે. એ સભાન બનેલ ચેતનાની ગતિ છે.'

કેળવણીનું ક્ષેત્ર જેવું ધ્યેયોનું ગણાય એવું મૂલ્યોનું પણ ગણાય. દિક્કાળ મુજબ કેળવણીનાં ધ્યેયો ફરતાં રહે છે, ફરતાં રહેવાં જોઈએ. જો પરિવર્તનશીલ ન હોય તો કેળવણીનું ક્ષેત્ર બંધિયાર થઈ જાય. પ્રગતિ જ ન કરી શકે. એ રીતે જમાના પ્રમાણે મૂલ્યોમાં પરિવર્તન આવતું હોય છે. કાકાસાહેબ કાલેલકર કહે છે : 'સમાજે પણ વાર્ધક્ય ટાળવા મૂલ્યોનું રૂપાંતર કરવું જોઈએ. સાપની કાંચળી જૂની થાય છે ત્યારે એને ગૂંગળાવે છે, ઘરડો બનાવે છે. સાપ પોતાની કાંચળી ઉતારી નવજવાન થાય છે.' અહીં એ વાત ધ્યાનમાં રાખીએ કે કાંચળી દૂર થાય છે, સાપ દૂર થતો નથી. મરતો પણ નથી. આત્મા તો એનો એ જ રહેશે, બાહ્ય દૃષ્ટિએ જ ફેરફાર થાય છે. દેશના પ્રવર્તમાન સમયની અસર મૂલ્યો પર અવશ્ય થાય છે. જીવનમૂલ્યોની શોધ અને સંશોધન આધુનિક છે. જીવન બે વિશ્વયુદ્ધોમાંથી ઊભી થયેલી પ્રશ્નાવલિ છે. છેક ઓગણીસમી સદીના અંત સુધી જીવનમૂલ્યોની આ રીતે શોધ કરવી પડતી ન હતી. દરેક માણસને પોતાનો ધર્મ એ મૂલ્યો જ આપતાં હતાં. માનવ નીતિપરાયણ જીવન જીવતો અને સંતોષથી રહેતો. ઔદ્યોગિક ક્રાન્તિ, વિશ્વયુદ્ધો, સામ્યવાદનો ઉદય, ત્રાસવાદ, વિજ્ઞાન અને ટૅકનોલૉજીનો વિકાસ આ બધાં પરિબળોએ મૂલ્યો પર કુઠારાઘાત કર્યો છે. પરિણામે આજે માનવ પુનઃ મૂલ્યની શોધમાં ભટકી રહ્યો છે.

**૨. મૂલ્યનો અર્થ**

ભારતીય દર્શનશાસ્ત્રના અધ્યાપક પ્રો. ડબલ્યુ એમ. અર્બન પોતાના Fundamental of Ethics પુસ્તકમાં મૂલ્યનાં ત્રણ લક્ષણો દર્શાવે છે.

૧. મૂલ્ય તેને કહેવાય જે માનવ ઇચ્છાઓને સંતોષે છે.

૨. મૂલ્ય એ મનોવૈજ્ઞાનિક સ્વરૂપે પ્રગટ થતું જૈવિક પરિબળ છે.

૩. જે આત્મા કે આત્મસાક્ષાત્કારના વિકાસ પ્રત્યે દોરે તે સ્વતઃ મૂલ્ય છે.

આમ, આત્મસાક્ષાત્કારના ઉચ્ચ લક્ષને પામવા માનવ ઇચ્છાઓને સંતોષતું જૈવિક પરિબળ મૂલ્ય છે. અહીં 'મૂલ્ય' શબ્દ 'મૂલ્યવાન' વિશેષણના સંદર્ભમાં પ્રયોજાયો છે. એટલે કે માનવઇચ્છાઓને સંતોષતી મૂલ્યવાન જૈવિક બાબત કે જે વ્યક્તિને આત્મસાક્ષાત્કારની પ્રક્રિયા પ્રત્યે દોરે છે. અહીં બાબત કઈ તે પ્રશ્ન વ્યક્તિલક્ષી બાબત છે. આર્થિક, સામાજિક, ધાર્મિક, રાજકીય, જ્ઞાનવિષયક હોઈ શકે. એનો અર્થ એ થયો કે કોઈ વ્યક્તિને મન તેની ઇચ્છાઓને સંતોષતું મૂલ્યવાન, જૈવિક પરિબળ સામાજિક છે અને તે તેને આત્મસાક્ષાત્કારની પ્રક્રિયા તરફ દોરે છે. અર્થાત્ 'સામાજિક મૂલ્ય' તેને મન મહત્ત્વનું છે. મૂલ્યનો અર્થ કેટલાક વિચારકોનાં વિચાર પરથી તારવીએ :

"મૂલ્ય એક વિચાર છે, સંકલ્પના છે. એટલે કે જીવનમાં કંઈક મહત્ત્વપૂર્ણ હોવા વિશેનો વિચાર કે સંકલ્પના એટલે મૂલ્ય. જ્યારે મનુષ્ય કશાકનું મૂલ્ય કરે છે ત્યારે તે કંઈક યોગ્ય કરવા કે મેળવવા પ્રયત્ન કરવા યોગ્ય હોવાનું સૂચવાય છે."

**– ફ્રૅંકન જે. આર.**

"મૂલ્ય એટલે વિવેક જીવનરીતિમાં વણાયેલ વિવેક"

**– કાકાસાહેબ કાલેલકર**

"મૂલ્યોનો સીધો સાદો અર્થ માનવે વસ્તુને આપેલ 'અર્થ' એવો થાય. અહીં વસ્તુનું મહત્ત્વ નથી તેને આપનાર અર્થનું મહત્ત્વ છે. વળી અર્થ આપનાર માનવ છે. એટલે માનવના સંદર્ભ વિના મૂલ્યનો વિચાર અશક્ય છે."

**– કાન્તિકુમાર જોશી**

આ સંદર્ભો ઉપરથી માલૂમ પડે છે કે : વ્યક્તિ શું બન્યું તે અંગેનું અવલોકન કરે છે. જે તે બનાવ શા માટે બન્યો તેનું પૃથક્કરણ કરતાં તેનાં કારણો તે તારવી શકે છે. પણ આ ઘટનામાં જે વ્યક્તિઓ જોડાયેલા હતા તેઓ શું અગત્યનું મૂલ્યવાન માનતા હશે તે વિચારતાં વ્યક્તિની સમક્ષ મૂલ્ય રજૂ થાય છે. વ્યવસ્થા અધિકારી જ્યારે રોડ ઉપરનો ટ્રાફિક હટાવવાનું શરૂ કરે છે ત્યારે આપણે ટ્રાફિકને અડચણરૂપ બાબતો દૂર કરવી, રોડ સાફ-સૂથરો રાખવો વગેરે આ બનાવનાં કારણો ખોળી શકીએ. બનાવ સાથે જોડાયેલું અધિકારીનું મૂલ્ય : Administrative Value અહીં બનાવનું કારણ છે તે જાણવું અગત્યનું છે, જીવનવ્યવહાર દરમિયાન વ્યક્તિ આ રીતે મૂલ્યોથી પરિચિત થાય છે અને તેને આત્મસાત્ કરવાનો પ્રયત્ન કરે છે. મૂલ્ય એ વિચાર-એક સંકલ્પના છે. જે વ્યક્તિના જીવનમાં ઉપયોગી હોય તે અંગે તે શું વિચારે છે, તે રજૂ કરે છે. વ્યક્તિ જ્યારે મૂલ્યવાન શું છે તે નક્કી કરે છે ત્યારે તેને તે 'ઉપયોગી', 'મહત્ત્વનું', 'મેળવવા યોગ્ય' ગણે છે. ડિક્શેનરીના મતે મૂલ્ય એટલે 'ઉપયોગી', 'મહત્ત્વનું', 'મેળવવા યોગ્ય' – એ સંદર્ભમાં આ સંકલ્પના શબ્દાર્થ સંબંધિત છે. માનવ પોતાની શારીરિક સંપત્તિ, સાંસ્કૃતિક વારસો, પર્યાવરણીય અસર અને કૌટુંબિક સજ્જતા સાથે જે રીતે જીવનવ્યવહાર કરે છે તેમાં તેની એક રીત (Style) વ્યક્ત થાય છે. આ રીતમાં તેણે જેને મહત્ત્વનું ગણેલ છે, તે તેને મન મૂલ્યવાન. દા. ત., ગાંધીજીએ સાદગીને મૂલ્યવાન ગણેલ, વિનોબાએ ભૂદાનને, મધર ટેરેસાએ માનવતાને, ઈશુએ કરુણતાને, બુદ્ધે અહિંસાને અને માર્ગારેટ મીડે સમાજને મૂલ્યવાન ગણેલ છે. વ્યક્તિ એકથી વધુ બાબતોને મૂલ્યવાન ગણે છે. આ મહત્ત્વની બાબતો તેણે સ્વીકારેલાં મૂલ્યો ગણાય.

**૩. મૂલ્યની સંકલ્પના :**

મૂલ્યની સંકલ્પના સારુ આપણે કેટલાક વિચારકોના વિચારો તેમણે આપેલ વ્યાખ્યાઓ જોઈએ : પ્રથમ પાશ્ચાત્ય વિચારકોના વિચારો જોઈએ.

- માનવીય હિતને સંતર્પક એવી કાર્યપસંદગી એટલે મૂલ્ય. – Geiger
- હેતુસાધકતા, મુશ્કેલી દૂર કરે અને હિતને પોતે પોષે તે મૂલ્ય.

**– ડ્યૂઈ**

- આ બંને વ્યાખ્યાઓમાં વ્યક્તિના હિતને પોષે-સંતર્પક કરે એને મૂલ્ય કહ્યું છે. ક્યારેક વ્યક્તિને સારી કે ઉપયોગી લાગતી કાર્યપસંદગી કે વસ્તુ સમાજને ઉપયોગી ન બને તો ? આપણાં શાસ્ત્રો તો કહે છે કે ત્યારે વ્યક્તિએ વ્યક્તિએ તેનો અસ્વીકાર કરવો. એટલે વ્યક્તિને પોતાની દૃષ્ટિએ સારું લાગતું હોય, પરંતુ સમાજની દૃષ્ટિએ તેની ઉપયોગિતા ન હોય તો તે મૂલ્યોનો અર્થ સરતો નથી. આધુનિક યુગ વ્યક્તિલક્ષી મૂલ્યો તરફ ઝૂકે છે તે શું યોગ્ય છે ?!
- સાંસ્કૃતિક રીતે તૈયાર થયેલાં આચારસંહિતાનાં લક્ષણોને મૂલ્યો કે નીતિનિયમો તરીકે ઓળખવામાં આવે છે.

**સમનર (Sumner)**

- સંસ્કૃતિની મૂલ્ય પદ્ધતિ પરિવર્તનોને સ્વીકારે છે. અથવા દ્રવ્યવાદી સંસ્કૃતિમાં પરિવર્તન લાવે છે કે સાંસ્કૃતિક પછાતપણું કે સાંસ્કૃતિક ગાળો લાગે છે.

**– ઑગબર્ન (Ogburn)**

- મૂલ્યોના સમૂહ સાથે કોઈ જન્મેલ નથી. મૂલ્યો સર્જિત થાય છે. મૂલ્યો વારસામાં પ્રાપ્ત થતાં નથી, પરંતુ જન્મ બાદ તે પ્રાપ્ત થાય છે.

**– રાલ્ફ બોરસાદી (Ralph Borsadi)**

- મૂલ્યો ભાવાત્મક નિર્ણયો છે. તે લાગણીઓમાં જન્મે છે. તેનો ઉદ્‌ભવ જ્ઞાનમાંથી થતો નથી. તે લાગણી સ્વરૂપ છે. તે બૌદ્ધિક નિર્ણયો નથી.

**– રાલ્ફ**

ઉપર્યુક્ત વ્યાખ્યાઓ પરથી સમજાય છે કે અનેક અનુભવોને આધારે સમાજમાં પ્રત્યેક વ્યક્તિ માટે વર્તનની તરેહ નક્કી કરવામાં આવે છે. આ તરેહ આચારસંહિતાઓના સ્વરૂપમાં કે નીતિવિષયક બાબતોના સ્વરૂપમાં સ્વીકારવાની હોય છે. જેથી વ્યક્તિ વ્યક્તિ વચ્ચેની વર્તન-વ્યવહારની અને મર્યાદાઓની દિશા નક્કી થઈ શકે છે. નૈતિક અને બૌદ્ધિક મૂલ્યો સમાજે આર્થિક સંઘર્ષમાં પોતાનું સ્થાન ટકાવી રાખવા

માટે બચાવ-પ્રયુક્તિઓના સ્વરૂપમાં રચેલાં છે. અર્થાત્ મૂલ્યો સમાજ દ્વારા નક્કી કરવામાં આવે છે. મૂલ્યોના વિવિધ પ્રકારો જુદી જુદી પરિસ્થિતિના અનુભવોના આધારે સમાજના ઘટકો તેમનું સ્થાન નક્કી કરવા માટે આપે છે. દરેક માટેની વર્તનવ્યવહારની ભૂમિકાઓ મૂલ્યોના સંદર્ભમાં નક્કી થાય છે. મૂલ્યો માનવીના જુદા જુદા અનુભવો અને અનુભૂતિઓમાંથી પેદા થાય છે. માત્ર સંઘર્ષ પસંદગીનો જ હોય છે. વ્યક્તિ માત્ર શ્રેષ્ઠની જ પસંદગી કરે એટલે પોતાનું જીવન સારું બનાવવા તે જેની પસંદગી કરે તે જ મૂલ્ય બને છે.

હવે ભારતીય ચિંતકોની દૃષ્ટિએ મૂલ્યોની વ્યાખ્યાઓ જોઈએ :

- વ્યાપક અર્થમાં કહીએ તો જીવનમૂલ્યો એટલે ઔચિત્ય દૃષ્ટિ-વિવેક.

**– કાકાસાહેબ કાલેલકર**

- લોકો પોતાના મનથી જ એવું કામ કરે કે જેમાં એમને સાચો સંતોષ મળે એ જ સાચું જીવનમૂલ્ય છે.

**– રવિશંકર મહારાજ**

- માનવતાનું પ્રગટીકરણ એ જ જીવનનું સનાતન મૂલ્ય છે.

**– પીતાંબર પટેલ**

- જીવનમૂલ્યો એ માણસની જીવન વિશેની સમજણમાંથી બંધાતી જીવનદૃષ્ટિનાં નીપજતાં પરિણામો છે. **– દામુભાઈ શુક્લ**
- માનવીની ઇચ્છાને જે સંતોષે, પછી તે ઉચ્ચ હો યા નીચ તેને આપણે મૂલ્ય કહીએ છીએ.

**– પ્રા. જશુભાઈ પટેલ**

આ વ્યાખ્યાઓમાંથી મૂલ્યની સંકલ્પના આવી તારવી શકાય :

કોઈ હેતુસાધકતા પર ભાર મૂકે છે તો કોઈએ ઔચિત્યદૃષ્ટિ કે વિવેકને મૂલ્ય ગણ્યું છે.

કોઈએ માનવીની ઇચ્છાને સંતોષે એને મૂલ્ય ગણ્યું છે તો કોઈએ સ્વાવલંબન અને પરિણામે મળતા સંતોષને મૂલ્ય ગણ્યું છે.

કોઈએ જીવન વિશેની સમજણને મૂલ્ય ગણ્યું છે તો કોઈએ માનવતાના પ્રગટીકરણને મૂલ્ય ગણ્યું છે.

સરવાળે મૂલ્યો જીવનવ્યવહારમાંથી નિષ્પન્ન થાય છે તે હકીકત છે. આ વાતને એક ઉદાહરણથી સમજીએ. ગંગા નદીનું દૃષ્ટાંત જોઈએ. ગંગા વિશે ત્રણ રીતે વિચાર કરવો પડે.

૧. ગંગાનું દરેક મોજું-વમળ એકબીજા કરતાં વિશિષ્ટ – ભિન્ન આકાર-પ્રકારવાળું છે.
૨. હરદ્વારની ગંગાનું સ્વરૂપ કાશીની ગંગાના સ્વરૂપ કરતાં વિશિષ્ટ-ભિન્ન સ્વરૂપનું છે.
૩. ગંગા શીતળ છે - પવિત્ર છે - પ્રવાહી છે.

આ ગંગાના પ્રવાહની જેમ માનવપ્રવાહ વિશે આમ વિચારી શકાય.

૧. દરેક મનુષ્ય એકબીજા કરતાં ભિન્ન રસ, રુચિ, વલણ, સંસ્કાર, વારસા, વાતાવરણવાળું છે. આ વૈયક્તિક સંદર્ભ 'વ્યક્તિગત મૂલ્ય' (Individual-value) પેદા કરે છે.
૨. ભારતના માનવસમાજ કરતાં અમેરિકાના માનવસમાજનું સ્વરૂપ જુદું છે.

અર્થાત્ એક દેશના માનવસમાજનું સ્વરૂપ બીજા દેશના માનવસમાજના સ્વરૂપ કરતાં જુદું પડે છે. આ જાતના માનવસંદર્ભને મૂલ્ય સાથે જોડતાં એમાંથી 'સામાજિક મૂલ્ય' (Social Value) ઊભું થાય છે. વિશિષ્ટ સમાજરચના - સભ્યતા - જીવનરીતિ - ઇતિહાસ - ભૂગોળ - પ્રાકૃતિક બળો અને ખાસિયતો જેવાં પરિબળો સામાજિક મૂલ્યોને ઘડે છે. આ મૂલ્યોના પેટા પ્રકારમાં સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક, ભાવાત્મક, સૌન્દર્યલક્ષી, ઉપયોગિતાવાદી જેવાં મૂલ્યો ગણાવી શકાય. આપણે એ યાદ રાખીએ કે મોજાં-વમળની વિશેષતા હરદ્વારની ગંગામાં પણ છે અને કાશીની ગંગામાં પણ છે જ. તેવી રીતે સામાજિક મૂલ્યના પેટાપ્રકારના કેટલાક અંશો વ્યક્તિગત મૂલ્યોમાં પણ હોવાના જ. પણ સામાન્ય રીતે આપણે તેને સમાજના સંદર્ભમાં જોઈએ છીએ.

આ દેશ-કાળ-સમાજગત મૂલ્યોના નિર્ધારક આચાર્યો સર્વકાળે સર્વપ્રજામાં તે તે સમાજના સર્વક્ષેત્રમાં આવ્યા જ કર્યા છે અને પોતપોતાના દેશની આગવી સભ્યતાસંસ્કૃતિ પ્રમાણે એનો માપદંડ શોધી ગયા છે.

૩. ગંગાની શીતળતા, પ્રવાહિતા અને પવિત્રતાનાં મૂલ્યો સમગ્ર ગંગાના સંદર્ભમાં જોવાનાં છે. ખૂબી એ છે

કે ગંગાનો એકેય ભાગ આ લક્ષણોથી અછૂતો નથી. છતાં અહીં તો ગંગાના અખંડદર્શનના જ સંદર્ભમાં આ લક્ષણો-મૂલ્યો આંકવાનાં છે. આ સમગ્રતા-અખંડિતાની દૃષ્ટિમાંથી 'વૈશ્વિક મૂલ્ય' (World value કે Universal Value) ઊભાં થાય છે.

સમાજશાસ્ત્રના મતે કાર્યો અનુભવ આપે છે, તે મૂલ્યસર્જનના પાયામાં છે. તેમાંથી અનુભવો - માન્યતાઓ - વલણો - મૂલ્યો જન્મે છે. ભાવાત્મક ક્ષેત્ર મૂલ્યના પાયામાં છે. જેમ કે, ધ્યાનમાં લેવું - પ્રતિચાર આપવો - મૂલ્ય ધારણ કરવું - મૂલ્યોને વ્યવસ્થિત કરવાં - અમુક મૂલ્ય કે મૂલ્યતંત્ર દ્વારા ચરિત્રગઠન વગેરે.

**૪. મૂલ્યોના પ્રકાર :**

આટલી ચર્ચા ઉપરથી સ્પષ્ટ થાય છે કે મૂલ્યના ત્રણ પ્રકાર પડે છે.

૧. વ્યક્તિગત મૂલ્યો : વ્યક્તિનાં રસ, રુચિ, વલણ અને સંસ્કાર પર આધારિત. વ્યક્તિગત ભિન્નતાને કારણે આ મૂલ્યો ઉદ્‌ભવે છે. આ મૂલ્યને કેટલાક તામસિકમૂલ્ય કે જીવશાસ્ત્રીય મૂલ્ય (Biological Value) પણ કહે છે. એનું મુખ્ય પરિબળ મનોવિજ્ઞાન છે. આ મૂલ્ય સાપેક્ષ છે.

૨. સામાજિક મૂલ્યો : સમાજના નીતિ-નિયમો પર આધારિત છે. સમાજશાસ્ત્ર એનું મુખ્ય પરિબળ છે. માનવસમાજે આપેલા અનુભવોને કારણે આ મૂલ્ય પેદા થાય છે. કેટલાક તેને સાધનાત્મક મૂલ્ય (Instrumental Value) પણ કહે છે. રાજસિક મૂલ્ય પણ કહેવાય. આ મૂલ્ય સાપેક્ષ છે. વસ્તુના ઉપયોગ ઉપર આધારિત છે. પરિવર્તનશીલ છે. આર્થિક-આરોગ્ય-આનંદપ્રમોદ - બૌદ્ધિક - સૌંદર્યલક્ષી - નૈતિક અને ધાર્મિક મૂલ્યો સામાજિક મૂલ્યમાં આવે છે.

૩. વૈશ્વિક મૂલ્યો : સ્થળ અને કાળથી પર, તત્ત્વજ્ઞાન તેનું મુખ્ય પરિબળ. એક અખંડિત દૃષ્ટિમાંથી નિષ્પન્ન થાય છે. પરસ્પર સહકાર, પ્રેમ પર આધારિત આ મૂલ્યોને અંતર્ગત કે શાશ્વત મૂલ્યો પણ કહે છે. બીજી રીતે તેને સાત્ત્વિક મૂલ્ય પણ કહેવાય. નિરપેક્ષ છે. પોતાની ગુણવત્તા પોતાની મેળે સ્થાપિત કરે છે. અનન્ય છે. સત્યમ્ - શિવમ્ - સુન્દરમ્‌નો તેમાં સમન્વય છે. સત્ય, સારપ, સૌન્દર્ય, પ્રામાણિકતા, સંસ્કાર વગેરે આ મૂલ્યનાં અંગભૂત છે. બીજા પર આધારિત નથી. સ્વયંપ્રકાશી છે. નૈતિકતા - ચારિત્ર્યઘડતરમાંથી ફલિત થાય છે. અપરિવર્તનશીલ છે. સમયસ્થળનાં બંધનોથી તે મુક્ત છે.

આ ત્રણે મૂલ્યોને બે પ્રકારમાં પણ વહેંચી શકાય : **સાપેક્ષ મૂલ્યો** : (ક) વ્યક્તિગત/તામસિક મૂલ્ય (ખ) સામાજિક / રાજસિક મૂલ્ય; **નિરપેક્ષ મૂલ્ય :** વૈશ્વિક - સાત્ત્વિક - અપરિવર્તનશીલ મૂલ્ય.

**૫. મૂલ્યોનો આંતરસંબંધ :**

વ્યક્તિગત અને સામાજિક મૂલ્યોની અપેક્ષાએ વૈશ્વિક મૂલ્યો વધુ સ્થાયી, ઊંડાં અને વ્યાપક હોવાને લીધે જ આપણે એ મૂલ્યોને નિરપેક્ષમૂલ્યો કહ્યાં છે. જમાના મુજબ વ્યક્તિગત-સામાજિક મૂલ્યોમાં જેટલા ફેરફાર આપણે અનુભવીએ છીએ એટલો તાત્ત્વિક ફેરફાર વૈશ્વિક મૂલ્યોમાં નથી થતો. હા, એવું બને ખરું કે અંધાધૂંધી, તોફાન, બળવો, યુદ્ધ, ક્રાન્તિ સમયે આપણને વૈશ્વિક મૂલ્યોનો પણ હ્રાસ થતો લાગે. પણ તે હંગામી હોય છે. સૂર્યની આસપાસ વાદળાં આવી જાય અને પછી હટી જાય તેવી એ સ્થિતિ છે.

આ ત્રણે મૂલ્યો વચ્ચે દીવાલ નથી ચણી દેવાની. એક યા બીજી રીતે ત્રણે મૂલ્યો પરસ્પર સંકળાયેલાં છે. Water tight compartment ઊભાં કરવાની જરૂર નથી. એવા વિભાગો ઊભા કરી પણ ન શકાય. વ્યક્તિગત અને સામાજિક મૂલ્યો વિશેષત : પ્રેયાભિમુખ છે, તે પ્રેયને તાકે છે. જ્યારે વૈશ્વિક મૂલ્યો શ્રેયાભિમુખ છે. તે શ્રેયને તાકે છે. કઠોપનિષદનું 'નચિકેતાનું' ઉદાહરણ શ્રેયાભિમુખ છે. શ્રેયાર્થીનું ઉત્તમ ઉદાહરણ નચિકેતા છે. તેને વૈશ્વિક મૂલ્ય (Univarsal Values) કહે છે. વૈશ્વિક મૂલ્યના ઘડતરમાં તત્ત્વજ્ઞાનનો મોટો ફાળો છે. તત્ત્વજ્ઞાન તેનું એક પરિબળ ગણાય. વ્યક્તિગત મૂલ્યના ઘડતરમાં માનસશાસ્ત્ર મુખ્ય પરિબળ છે. અપેક્ષાકૃત મોટા વ્યાપવાળા અને તેથી વધુ ચિરસ્થાયી વૈશ્વિક મૂલ્યોની ભેટ જગતને ભારતે આપી છે. પશ્ચિમમાં એનો ગણનીય વિચાર કરવામાં આવ્યો નથી. જ્યારે ભારતમાં તો આ મૂલ્યો 'વસુધૈવ કુટુંબકમ્' કેન્દ્રમાં છે,

અને એ મૂલ્યો પરસ્પર વિરોધી ન બનતાં પૂરક બને છે. સાપેક્ષતાના સંઘર્ષને બદલે સાપેક્ષતાની સંવાદિતા સર્જે છે. વિશ્વ માટે ભારતની આ મોટી દેણગી છે. આમાં સમન્વયની ભાવના છે. આમે પશ્ચિમની સંસ્કૃતિ ભોગની છે, ભારતની ત્યાગની છે. પશ્ચિમની પારસમણિ સંસ્કૃતિ છે. ભારતની દીપ-સંસ્કૃતિ છે. પશ્ચિમની પબ-સંસ્કૃતિ છે. ભારતની પરબ-સંસ્કૃતિ છે.

પરિઘના સંદર્ભમાં મૂલ્યો જોઈએ તો :

◆ વ્યક્તિગત મૂલ્ય - પરિઘ તદ્દન નાનો - ટૂંકો - તામસિક

◆ સામાજિક મૂલ્ય - પરિઘ થોડો વધુ મોટો - રાજસિક

◆ વૈશ્વિક મૂલ્ય - વિશાળ પરિઘ - સાત્ત્વિક

વ્યક્તિ જ્યારે સ્વકેન્દ્રી બની પોતાના જ હિતોનો વિચાર કરે ત્યારે તે મૂલ્ય તામસિક બને છે. વ્યક્તિ પોતાની જાતને સમાજ કરતાં ગૌણ માને અને સમાજના કલ્યાણમાં પોતાનું કલ્યાણ માને ત્યારે તે રાજસિક મૂલ્ય ગણાય. જ્યારે વિશ્વ એક કુટુંબ છે એ ભાવનાની અનુભૂતિ થાય. આંતરરાષ્ટ્રીય સૂઝસમજ ઊભી થાય ત્યારે એ સાત્ત્વિક મૂલ્ય બને. આ ત્રણેમાં ચિરન્તન-સ્થિર સાત્ત્વિક મૂલ્ય છે. એથી ઊતરતું રાજસિક અને સૌથી ઊતરતી કક્ષાનું વ્યક્તિગત મૂલ્ય છે.

મૂલ્ય ભલે સામાજિક હોય કે વૈશ્વિક. નીકળે તો છે મનુષ્યના મુખમાંથી ને ? તો પછી ન્યાયના હિસાબે તારવેલા મૂલ્યનું શું ? પણ જ્યારે ચિંતકની અનુભવવાણી નીકળે છે ત્યારે એ ચિંતકની વ્યક્તિગત વાણી નહીં રહેતાં સમાજવાણી કે વિશ્વવાણી બની જાય છે. માધ્યમ ભલે વ્યક્તિ હોય. તેથી તો આવા ચિંતકોને આર્ષદ્રષ્ટા કહ્યા છે. ઘણી વાર એવું બને છે કે આવા ચિંતકના મુખ માધ્યમથી નીકળેલી વાણીનો કાળપરિઘ એવડો મોટો હોય કે તત્કાલીન સમાજને એ પરિઘ-વિશ્વપરિઘ ટૂંકો પડે. પરિણામે સંઘર્ષ જન્મે. એના કારણે જ તે સમયની પ્રજા ઓલિયાઓ, મહાત્માઓ, મહાપુરુષો, સંતો, ચિંતકોને સમજી શકતી નથી. તેમની ક્રાન્તદૃષ્ટિ પામી શકાતી નથી. પરિણામે જ ઈશુને વધસ્તંભે ચડાવ્યા, સોક્રેટિસને ઝેર આપ્યું, ગાંધીને ગોળીએ માર્યા અને દયાનંદ સરસ્વતીને ઝેર આપ્યું !

મૂલ્યો બદલાતાં રહેવાં જોઈએ - ફરતાં રહેવાં જોઈએ એનો અર્થ એમ તો ન જ થાય કે જૂનાં મૂલ્યો ફેંકી દઈએ. કાકાસાહેબ સરસ કહે છે : 'જૂનાં મૂલ્યોને ઉખેડી ન દેવાય, તેનું ખાતર બનાવાય, એ ખાતર જ નવાં મૂલ્યોને પોષણ આપે' દિક્કાલ મુજબ નવાં મૂલ્યો જૂનાં બને, ફરી તેનું ખાતરમાં રૂપાંતર થાય અને નવાં મૂલ્યોને જન્મ આપે. આ રીતે મૂલ્યોની પણ એક શૃંખલા-સાઇકલ રચાય. જેને મૂલ્યચક્ર કહેવાય. તે ચાલતું જ રહે. મૂલ્યો જેટલાં પરિવર્તનશીલ, ગતિશીલ એટલો સમાજ પણ પરિવર્તનશીલ, ગતિશીલ, સ્વચ્છ અને ઉત્તમ ગણી શકાય.

**સંદર્ભ :**


**અંગ્રેજી**

1. Bloom B. S. (chief ed.) (1964) *Taxo nomy of Oducational Objectives : Affective Domani.* New York : David Mckay Co. Inc.
2. Kellerman D. F. (chief ed.) (1988) *New Webstes's Dictionary.* Delhi : Surjit Publication.
3. Frankel, J. R. (1977). *How To Teach About Values.* Ne Jersey : Prenice - Hall. Inc.
4. Gupta, N. L. (1988). *Value Education.* Ajmer : Kishor Brothers.
5. Raths, L. E. (chief ed.) (1966). *Values and Teaching.* Ohio: Columbus Publications
6. Frankena, W. K. (1966). ***Philosophy of Education.*** New York : Macmillan.

**ગુજરાતી**

૧. જોષી, કે. જે. (૧૯૭૦). *શિક્ષણ અને મૂલ્ય વિમર્શ :* રાજકોટ, પી. ડી. માલવિયા ગ્રે. ટી. કૉલેજ.

૨. ધગડ, એ. ટી. (૧૯૭૧). *સમાજશાસ્ત્રના સિદ્ધાંતો : સ્વરૂપ અને સમસ્યા.* વડોદરા : વાઙ્મય પ્રકાશન.


[અનુસંધાન પૃ. ૧૪ ઉપર]

# રૅપોર્ટ (Rapport) એટલે વિદ્યાર્થી સાથે અનુબંધ (આત્મીયતા)

પ્રિ. કેશુભાઈ પટેલ

અધ્યાપક તરીકે મને એક વિશેષ ફાયદો હતો. હું કૉલેજમાં અધ્યાપક થયો તે પહેલાં પાંચ-છ વર્ષ મેં મારા વતનની નવી શરૂ થયેલી હાઈસ્કૂલમાં પૂરી નિષ્ઠાથી વિદ્યાર્થીઓ સાથે સમરસ થઈ શિક્ષક તરીકે સેવા બજાવેલી. એ દરમિયાન મેં એસ.ટી.સી. (Secondary Teacher's Certificate)ની પરીક્ષા આપેલી. આ અનુભવ મારી અધ્યાપક તરીકેની શરૂઆતની કારકિર્દીમાં કામ આવ્યો. બીજા નવા-સવા અધ્યાપકો વર્ગમાં સડસડાટ ભાષણ ઝાપટે અને ક્યારેક વિદ્યાર્થીઓની ગેરશિસ્તના ભોગ પણ બને. એમાંથી હું બચી ગયેલો.

મારેય વ્યાખ્યાન પદ્ધતિથી ભણાવવાનું તો રહેતું, પણ હું વિદ્યાર્થીઓના રસ, રુચિ અને લેવલનો ખ્યાલ રાખી મારી વાત કરતો. વળી એક પિરિયડમાં મારે કયા કયા મુદ્દા ચર્ચવા તે વિશે આયોજન કરતો. મારે શું શીખવવાનું છે તેની બરાબર પૂર્વ તૈયારી કરી લેતો. વળી અધ્યાપન દરમિયાન મારી વાત વિદ્યાર્થી સુધી પહોંચે છે કે નહિ તેની અવાર-નવાર પ્રશ્નોતરી કરી ચકાસણી કરી લેતો. મારી આ સંગોષ્ઠિમાં વિદ્યાર્થીઓની સામેલગીરીને કારણે એમને રસ પડતો અને મને પણ 'વર્ગ એટલે સ્વર્ગ' જેવું લાગતું. આમેય અધ્યાપન એ મારો શોખ કહો કે ધર્મ કહો, હું આચાર્ય થયો તે પછી પણ નિવૃત્ત થતાં સુધી એક પણ પિરિયડ મેં છોડ્યો હોય એવું બન્યું નથી. વિદ્યાર્થીઓ સાથે હળવા-ભળવાની મારી આદતનાં ઘણાં સારાં પરિણામો જોયાં છે.

ત્યારે મેં પિલવાઈની કૉલેજમાં ત્રણ વર્ષ અધ્યાપન કર્યું પછી માણસાની આર્ટ્સ-સાયન્સ કૉલેજમાં પ્રોફેસર (પ્રાધ્યાપક) તરીકે જોડાયેલો. બીજા સત્રમાં શિયાળામાં રિદ્રોલના એક-બે વિદ્યાર્થી મારી પાસે આવ્યા અને કહ્યું, ''સર, અમારા ગામ રિદ્રોલના દેશી ટુકડીના ઘઉં વખણાય છે. અત્યારે ઘઉંનો પોંક થયો છે તો તમે પોંક ખાવા આવશો ?'' એમનો ઉત્સાહ વધારવા મેં કહ્યું, ''ભઈલા, તમે પ્રેમથી પોંક ખવડાવતા હો તો શું કામ નહિ આવીએ ? જરૂર આવીશું. અમે પાંચ-છ મિત્રો (અધ્યાપકો) આવીશું.'' માણસાથી રિદ્રોલ પાંચેક કી.મી. દૂર અમે અધ્યાપક મિત્રો પહોંચ્યા. સ્ટૅન્ડ ઉપર અમને લેવા દસ-બાર વિદ્યાર્થીઓ આવેલા. ખેતરમાં ખાટલા ઢાળેલા. ગરમ ગરમ દૂધિયો પોંક ખાધો. પછી જાદરિયું પણ થયું. લગભગ રાત પડી ગઈ'તી. પણ હવે જમવાનો પ્રશ્ન નહોતો, ભરપેટ પોંકની જ્યાફત ઉડાડેલી, એટલે ગામમાં એક મેડા પર પાંચેક વિદ્યાર્થી રાત્રે વાંચતા હતા, ત્યાં અમે ગયા. ગામના બધા જ વીસેક વિદ્યાર્થીઓ ભેગા થયા. થોડા અમને ઓળખતા હાઈસ્કૂલના શિક્ષકો અને ગામના શિક્ષિત મિત્રો પણ આવ્યા.

એક મઝાનો મિલન સમારંભ થઈ ગયો, કશીયે ઔપચારિકતા વગરનો. અમે બધા જ વિદ્યાર્થીઓનો પરિચય મેળવ્યો. કેટલાકના ઘરની સામાન્ય પરિસ્થિતિનો અંદાજ પણ મેળવ્યો. ગામમાં કેટલા વિદ્યાર્થી હોશિયાર હતા અને સાંજના શી શી પ્રવૃત્તિઓ, રમતો રમતા એની માહિતી મેળવી. કૉલેજમાં એમને કયા વિષયો અઘરા લાગે છે કે બીજી શી શી તકલીફો પણ પડે છે એ જાણ્યું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પૂરી સચ્ચાઈથી અમને માહિતી આપી.

આ એક કલાકની મુલાકાત અમારા માટે પણ મીઠું સંભારણું બની ગયું. વિદ્યાર્થીઓ માટે તો એ એક અપૂર્વ અવસર હતો. ગામડાના વિદ્યાર્થી એક તો ઘાંઘા ગણાય. કૉલેજમાં એમનો કોણ ભાવ પૂછે ? પણ અહીં તો અમે એમના હૈયાના ભાવને પ્રમાણ્યો. એની કદર કરી. એમની ખબર-અંતર પૂછી અને એમને ઉપયોગી થવાની તત્પરતા બતાવી. મને ખૂબ આનંદ થયો. અમારા પ્રેમના બળને કારણે પેલા અનામી વિદ્યાર્થીઓ અમારી આજ્ઞા ઉઠાવતા ચેલા બની ગયા. અમને તો છીંડું શોધતાં પોળ લાધી. ગામડાના વિદ્યાર્થીઓએ પછી તો અમારે જોઈતાં અનાજ, કઠોળ, ઘી

વગેરે પોતાના ગામથી પ્રેમપૂર્વક લાવી આપતાં. અમે પણ એમને જરૂરી મદદ કરી માર્ગદર્શન અને હૂંફ આપ્યાં. "પછી તો સિલસિલો શરૂ થયો. બાજુના બાપુપુરામાં બે-ત્રણ વાર ગયા. એક વાર તો ગામના કોઈ અવસર પ્રસંગે બધા અધ્યાપકોને લાડુ જમવા તેડાવ્યા અને ઇટાદરાના વિદ્યાર્થીએ અમને શક્કરિયાંની કઢી એમના ગામની સ્પેશિયલ વાનગીનો ટેસ્ટ કરાવ્યો. બાપુપુરા-આજોલ વગેરે આજુબાજુનાં દસેક મોટાં ગામોમાં અમે ગયા અને એનાથી કૉલેજના મોટા ભાગના વિદ્યાર્થીઓ સાથે અમારો ઘરોબો બંધાયો, એટલે કે Rapport (આત્મીયતા) સંધાયો.

એમાં બાપુપુરાના તેજસ્વી વિદ્યાર્થીઓ ભાઈ લવજી પ્રજાપતિ, ભીખુ સુથાર, ભીખુ પ્રજાપતિ, બિપીન ગોસ્વામી, આજોલનો મધુ પાઠક... અહાહા, અત્યારે મારા હૈયામાં આટલે વર્ષેય આ સરસ વિદ્યાર્થીઓની લંગાર બેઠી છે. ઉપર જણાવ્યા એ અધ્યાપક, આચાર્ય થયા અને પોતાના ક્ષેત્રમાં ઉત્તમ કામગીરી કરી, આજે તો નિવૃત્ત થયા છે, પરંતુ ચાલીસ-પચાસ વર્ષ પછી પણ હજી અમારા સંબંધો એવા જ સ્નેહસભર રહ્યા છે. મને લાગે છે કે એક શિક્ષક તરીકે મને જીવનમાં પરમ સંતોષ આપે એવી મોંઘી મિરાત મળી હોય તો તે મારા પ્રિય વિદ્યાર્થીઓનો નિષ્કારણ, નિર્મળ પ્રેમ છે જે સતત અસ્ખલિતપણે હજીય વહે છે.

થોડાંક વર્ષો પહેલાં શિક્ષણના એક સેમિનારમાં મને બે પ્રશ્નો પુછાયેલા. એક, શાળામાં જે વિદ્યાર્થી શિસ્ત અને અનુશાસનપૂર્વક વર્તે છે એ જ વિદ્યાર્થી કૉલેજમાં શા માટે તોફાનો અને ગેરશિસ્ત કરે છે ? બીજો, તમે ઘણો લાંબો સમય કૉલેજમાં સેવા આપી, ઘણાં વર્ષો સુધી કૉલેજના આચાર્યપદે રહ્યા, તો તમે કૉલેજની ગેરશિસ્તને કેવી રીતે 'ટેકલ' કરી ? ઉત્તરમાં મેં કહ્યું કે વિદ્યાર્થીને શિસ્ત શીખવનારો જાદુ એક જ શબ્દમાં છે તે છે 'અનુબંધ' એટલે 'રેપૉર્ટ' (આત્મીયતા). વિદ્યાર્થી માત્ર તમારું કહ્યું માને એથી વિશેષ તમારા પ્રત્યે આદર દર્શાવતો આજ્ઞાંકિત શિષ્ય ત્યારે જ બને જ્યારે તમે એના સાચા અર્થમાં પરિચય કેળવી શુભેચ્છક હિતેચ્છું બનો. એને નિર્ભેળ, વ્હાલની પ્રતીતિ કે સાબિતી આપવી નથી પડતી. તમે એના ગુરુ બનો. ગુરુ એટલે માતા પિતાથીયે ચઢિયાતો સધિયારો. શાળામાં આવો સંબંધ સહજ રીતે બંધાય છે. એ કેવો બંધાય છે એની ક્યારેક વાત કરીશ. પણ આજથી ચાલીસેક વર્ષો પહેલાં મહેસાણા જિલ્લાની શાળાઓમાં અદ્‌ભુત શિક્ષણ કાર્ય ચાલતું હતું એનો હું સાક્ષી છું. અનેક ઊગતી જિંદગીઓને ખીલવી ને મહેકતી કરે એવો પ્રેમનો અદ્‌ભુત તાંતણો ગુરુ અને શિષ્યના હૈયાને બાંધી રાખતો. મેં ઘણી વાર શિબિરો-સેમિનારોમાં ખુમારીપૂર્વક કહ્યું છે કે અમે શિક્ષકો કેવળ વૃક્ષારોપણ નથી કરતા હૈયારોપણ પણ કરીએ છીએ. અને મહામૂલી જિંદગીઓ ઉછેરીએ છીએ.

પેલા પ્રશ્નોનો ઉત્તર ઉપરની વાતમાં મળી ગયો હશે. મેં કહેલું, શાળામાં વર્ગમાં ઓછી સંખ્યા હોવાથી, શિક્ષક માટે પ્રત્યેક વિદ્યાર્થીનો પરિચય મેળવવો, એ શાળાએ આવવામાં કે ગૃહકાર્ય લાવવામાં નિયમિત છે વગેરે સહેલું પડે છે. જ્યારે અમારી આર્ટ્સ-કૉમર્સ કૉલેજમાં તો ટોળાં હોય છે. ૧૫૦ વિદ્યાર્થીઓનો વર્ગ હોય. સીટ પર બેસવાની જગા પણ ન હોય આ વાસ્તવિકતા તો ખરી જ. પણ અધ્યાપકને પણ વિદ્યાર્થીના વ્યક્તિગત પરિચય કે પ્રગતિમાં ઓછો રસ હોય ત્યાં તોફાનો સહજ બને છે.

બીજું, જે અધ્યાપક પૂરેપૂરી નિષ્ઠા રેડી, મહેનત કરી વિદ્યાર્થીઓને સારું ભણાવવા કોશિશ કરે છે એ સમગ્ર વિદ્યાર્થીઆલમમાં પ્રિય અને આદરપાત્ર બને છે. આ બધા વિદ્યાર્થીઓ માટે વશીકરણ મંત્ર એ માત્ર સારું અધ્યાપન છે. એવા અધ્યાપકના પિરિયડમાં શાન્તિ જળવાય છે. એટલું જ નહિ કેટલાક બારકસો જો તોફાની ચેષ્ટા કરે તો વિદ્યાર્થીઓ જ એને સરખા કરે છે. આખરે વિદ્યાર્થી શાળા કે કૉલેજમાં ભણવા માટે આવે છે અને સરસ શીખવનારા અધ્યાપકના વ્યક્તિત્વની સુવાસ વિદ્યાર્થીઓ જ ચોમેર ફેલાવે છે.

આમ સારી કૉલેજની હું તો એક જ વ્યાખ્યા આપું કે જ્યાં અધ્યાપક અને વિદ્યાર્થીઓ વચ્ચે ('આત્મીયતા') આત્મીય સંબંધો બંધાય છે. એ જ ઉત્તમ કૉલેજ થઈ શકે. અને શિક્ષક તથા વિદ્યાર્થી વચ્ચે માત્ર ચાર વર્ષ માટે નહિ પણ આજીવન મીઠા અને ઉમદા સંબંધો બંધાય છે, એટલે હું તો માનું છું કે ઉત્તમ અધ્યાપક કદી અવસાન પામતો નથી. એ તો એના પ્રિય શિષ્યોના હૈયામાં જીવતો જાગતો બેઠેલો હોય છે.

(એ/૪૪, ઉત્સવ બંગ્લોઝ, સુખાપુરા, મહેસાણા-
૩૮૪૦૦૨. મો. ૯૮૨૪૬૭૯૯૬૩)

# ગૉટફ્રાઈડ વિલહેલ્મ લાઈબ્નિઝ

## (Gottfried Wilhelm Leibniz)

વિઠ્ઠલભાઈ અં. પટેલ

**પ્રાસ્તાવિક**

કલનશાસ્ત્રના (Calculus) શરૂઆતના બે શોધનારાઓ ન્યૂટન અને લાઇબ્નિઝ એમનાં બીજાં કામો માટે વધારે જાણીતા છે. ન્યૂટનને મોટા ભાગના લોકો ભૌતિકશાસ્ત્રી તરીકે ઓળખે છે જ્યારે લાઇબ્નિઝને તત્ત્વજ્ઞાની તરીકે ઓળખે છે. ગણિતમાં મોટામાં મોટી લડાઈ ન્યૂટન અને લાઇબ્નિઝની - કોણે કલનશાસ્ત્ર શોધ્યું ? ન્યૂટને કલનશાસ્ત્રની શરૂઆત કરી, પણ તે કામની દુનિયાને ખૂબ જ મોડી ખબર પડી. હૂકના (Hooke) અનુભવના કારણે ન્યૂટન તેમનાં સંશોધનનાં કામો જાહેર ન કરતા. લાઇબ્નિઝે જ્યારે તેમના કલનગણિતના કામને જાહેર કરેલું એટલે કે જાણીતા સામયિકમાં (જર્નલ) લાઇબ્નિઝનું કામ ન્યૂટનના કામ પહેલાં પ્રસિદ્ધ થયેલું. બંને જણે સ્વતંત્ર રીતે કલનગણિત શોધેલું.

**બાળપણ અને અભ્યાસ**

લાઇબ્નિઝનો જન્મ જુલાઈ 1, 1646ના રોજ લાઇપ્ઝિગમાં (Leipzig) થયેલો. લાઇપ્ઝિગ જર્મનીના સેક્સોની (Saxony) રાજ્યમાં આવેલું છે. બર્લિનથી (Berlin) દક્ષિણ દિશામાં 150 કિલોમીટર (93 માઇલ) દૂર લાઇપ્ઝિગ આવેલું છે. લાઇબ્નિઝના પિતા ફ્રેડરિક (Frederick) લાઇબ્નિઝ નૈતિક તત્ત્વજ્ઞાનના (Moral Philosophy) લાઇપ્ઝિગ યુનિવર્સિટીમાં અધ્યાપક હતા અને લાઇબ્નિઝ છ વર્ષના હતા ત્યારે તેમનું નિધન થયેલું. ફ્રેડરિકનાં ત્રીજાં પત્ની કેથેરીના સ્કમકે (Catherena Schmuck) ગૉટફ્રાઇડ અને તેમનાં નાનાં બહેન એન્નાને (Anna) ઊછરેલાં.

લાઇબ્નિઝ નાનપણથી જ ભણવામાં ખૂબ જ હોશિયાર હતા. આઠ વર્ષની વયે લેટિન ભણવાનું શરૂ કર્યું અને તેમના પિતાની લાઈબ્રેરીનો બરાબર ઉપયોગ કરીને બાર વર્ષની વયે લેટિન ભાષામાં પારંગત થયા. તેમની સ્કૂલના ખાસ પ્રસંગે તેમણે લેટિન ભાષામાં એક જ સવારમાં 300 શ્લોકો રચેલા.

પંદર વર્ષની વયે લાઇપ્ઝિગ યુનિવર્સિટીમાં દાખલ થયા અને બીજા જ વર્ષે તત્ત્વજ્ઞાનમાં બી. એ. થયા અને ફેબ્રુઆરી 7, 1664માં તત્ત્વજ્ઞાન સાથે એમ.એ. થયા. એક વર્ષના કાયદાના અભ્યાસ પછી સપ્ટેમ્બર 28, 1665માં કાયદાની બી.એ.ની ડિગ્રી મેળવી. તેમનો ખ્યાલ વકીલાત કરવાનું લાઇસન્સ અને કાયદામાં ડૉક્ટરેટ મેળવવાનો હતો, જેના માટે સામાન્ય રીતે ત્રણ વર્ષ અભ્યાસ કરવો પડે. કદાચ શક્ય છે કે તેમની ઉંમર નાની હોઈને લાઇપ્ઝિગ યુનિવર્સિટીએ તેમની ડૉક્ટરેટની ડિગ્રીની અરજી સ્વીકારી ન હોય. આથી લાઇપ્ઝિગ યુનિવર્સિટી છોડીને યુનિવર્સિટી ઑફ ઍલ્ટડૉર્ફમાં (Altdorf) ગયા અને ત્યાં જઈને લાઇપ્ઝિગ યુનિવર્સિટીમાં કરેલું કામ અને બીજું વધારાનું કામ કરીને 'Disputatio Inanguralis De Casibus Perplescisxis In Jure' નામની થીસિસ યુનિવર્સિટીમાં રજૂ કરી. લાઇબ્નિઝને વકીલાત કરવાનું લાઇસન્સ અને ડૉક્ટરેટ ઇન લૉ નવેમ્બર, 1666માં મળ્યાં. થીસિસનો બચાવ એટલો સરસ હતો કે જેનાથી પ્રભાવિત થઈને યુનિવર્સિટીએ તેમને પ્રોફેસરની નિમણૂકનો પત્ર પણ આપ્યો. લાઇબ્નિઝનો ખ્યાલ બીજો હોઈને તે નિમણૂકનો સ્વીકાર ન કર્યો. આ સમયે તેમની ઉંમર ફક્ત વીસ જ વર્ષની હતી.

### નોકરી

અલકેમિકલ સોસાયટીના મંત્રી તરીકે શરૂઆત કરી. તેમને જોહાન્ન ક્રિસ્ટિઅન વૉન બૉયનીબર્ગ (Johann Christian Von Boyneburg) જોડે ઓળખાણ થઈ. બૉયનીબર્ગના મદદનીશ, સલાહકાર, ગ્રંથપાલ અને વકીલ તરીકે ઘણાં વર્ષ કામ કર્યું. આ સમયે જર્મની ઘણા રાજ્યોનું બનેલું હતું. આ રાજ્યોના વડા બિશપ અને આર્ચબિશપ હતા. મેઇન્ઝ (Mainz) જર્મનીનું રાજ્ય હતું, પણ સાથે સાથે નાનો દેશ હતો અને રોમન રાજ્યનો ભાગ હતો. બૉયનીબર્ગ મેઇન્ઝના આર્ચબિશપ સ્કૉનબૉર્નની (Schonborn) કૉર્ટમાં પ્રધાન હતા. લાઇબ્નિઝે "એ ન્યૂ મૅથડ ઑફ ટીચિંગ ઍન્ડ લર્નિંગ લૉ (A New Method of Teaching and Learning Law)"નો ખૂબ સરસ નિબંધ લખ્યો. બૉયનીબર્ગે લાઇબ્નિઝને આ નિબંધ સ્કૉનબૉર્નને અર્પણ કરવા સૂચવ્યું જે લાઇબ્નિઝે સ્વીકાર્યું. આ અર્પણ કરેલો નિબંધ સ્કૉનબૉર્નને આપવા બૉયનીબર્ગે ગોઠવણ કરી. આ મુલાકાતથી આર્ચબિશપ લાઇબ્નિઝથી એટલા બધા પ્રભાવિત થયા કે તેમણે લાઇબ્નિઝને ફક્ત ચોવીસ વર્ષની વયે હાઈકૉર્ટ ઑફ અપીલના જજ (Judge) બનાવ્યા. આ કામની સાથે સાથે તેણે ગૂંચવણભર્યા કાયદાઓમાં મોટા સુધારા કરીને સરળ બનાવ્યા. ફુરસદના સમયમાં તેમણે ગણતરી કરવાનું મશીન બનાવ્યું જે સરળતાથી સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર કરી શકતું પણ તે સમય યંત્રોદ્યોગશાસ્ત્ર વિકસેલું ન હોઈને ખાસ સફળતા ન મળી.

### પૅરિસ

1672માં લાઇબ્નિઝને ઊંચા ધોરણે વાટાઘાટો કરવા માટે જર્મનીથી પૅરિસ મોકલવામાં આવ્યા. ફ્રાન્સની રાજધાનીનો બૌદ્ધિક જીવનનો નશો લાઇબ્નિઝે ચડ્યો. અહીંથી લંડન, હૉલેન્ડ જઈને ઘણા બધા વૈજ્ઞાનિકોને મળ્યા. પૅરિસમાં તેઓ એકલા હતા. રોજ-બરોજની ખાસ મોટી જવાબદારી ન હોઈને તેમણે ઘણા મહિના ફ્રેન્ચ શીખવામાં કાઢ્યા. બૉઇનબર્ગના પ્રતિનિધિ હતા અને તેમના ઓળખાણપત્રથી પૅરિસનાં ઘણાં દ્વારો ખૂલી ગયાં. લાઇબ્નિઝને થોડુંઘણું કાયદાકીય કામ મળી રહેતું. કોઈ પરદેશી રાજકુંવરને જેલમાંથી છોડાવી લાવવાનું કામ, છુટાછેડાને લગતા કાગળો, કોઈ ધંધાકીય દસ્તાવેજો તૈયાર કરવા વગેરે કામો કરતા. પુસ્તકાલયમાં પણ ઘણો સમય કાઢતા. ડચ ભૌતિકશાસ્ત્રી અને ગણિતશાસ્ત્રી ક્રિસ્ટિયન હુયગીન્સ (Christian Huygens) મળ્યા ત્યારે લાઇબ્નિઝને ખ્યાલ આવ્યો કે તેમનું ગણિતનું અને ભૌતિકશાસ્ત્રનું જ્ઞાન ખૂબ ઓછું અને છૂટું સવાયું છે. ગણિતના સારા નસીબે આ બન્યું. હુયગીન્સે લાઇબ્નિઝને નીચેની સંખ્યાનો સરવાળો મેળવવા જણાવ્યું.

$$S= \frac{1}{1} + \frac{1}{3} + \frac{1}{6} + \frac{1}{10} + \frac{1}{15} + \frac{1}{21} + \ldots$$

બંને બાજુએ ૨ વડે ભાગતાં

$$\frac{S}{2} = \frac{1}{2} + \frac{1}{6} + \frac{1}{12} + \frac{1}{20} + \frac{1}{30} +$$

$$= \left(1 - \frac{1}{2}\right) + \left(\frac{1}{2} - \frac{1}{3}\right) + \left(\frac{1}{3} - \frac{1}{4}\right) + \left(\frac{1}{4} - \frac{1}{5}\right) + \ldots$$

$$= \frac{1}{}$$

$$\therefore S = 2$$

લાઇબ્નિઝે આ સરવાળો હુયગીન્સને બતાવ્યો, ત્યારથી હુયગીન્સને ખ્યાલ આવી ગયો કે આ સામાન્ય વિદ્યાર્થી નથી. હુયગીન્સે અંગ્રેજ ગણિતશાસ્ત્રી જોહ્ન વાલિસના (John Wallis) લખેલા, 'એરિથમેટિકા ઇન્ફિનિટોરિયમ (Arithmatica Infinitorium)'નો અભ્યાસ કરવા જણાવ્યું. આ પછી પણ ઘણાં પુસ્તકો વાંચવા જણાવ્યું. લાઇબ્નિઝે ગણિતનો અભ્યાસ મોડેથી શરૂ કર્યો. લાઇબ્નિઝને વૈજ્ઞાનિકો પહેલાં વકીલો મળેલા.

પૅરિસ આવ્યાને વર્ષ થયા પહેલાં બૉઈનબર્ગનું નિધન થયું. આના એક મહિના પછી તેમની બહેન એન્નાનું પણ નિધન થયું. આની અસર લાઇબ્નિઝ ઉપર ઘણી થઈ. બૉઇનબર્ગ જ લાઇબ્નિઝનો પગાર આપતા હતા. નસીબજોગે બૉઇનબર્ગે તેમના નિધન પહેલાં જ તેમના પુત્ર ફિલિપ વિલ્લિઅમને (Philip William) લાઇબ્નિઝના હાથ નીચે પૅરિસ ભણવા મૂકેલો. લાઇબ્નિઝના કહેવા પ્રમાણે સવારના છથી રાતના દસ વાગ્યા સુધી ફિલિપ કામ કરવા તૈયાર ન હોઈને બંનેને ન ફાવ્યું. આથી લાઇબ્નિઝે બૉઇનબર્ગના કુટુંબને ફિલિપના લગતો પત્ર લખ્યો. આમાં અગાઉના બાકીના પગારના અને ફિલિપના ભણાવવાના પગારનું લખ્યું. ફિલિપની બાએ 1673થી ફિલિપની ટ્યૂટરશિપ બંધ કરીને પગાર ઘટાડી દીધો અને આખરે સપ્ટેમ્બર 13, 1674થી પગાર આપવો બંધ કરી દીધો.


### 1676થી 1716

બ્રુન્સવિકના (Brunswick) રાજવીએ (ડ્યૂક, Duke) 1673માં લાઇબ્નિઝને સલાહકાર (કાઉન્સેલર, Counseller) તરીકેની જગ્યાની નોકરીની દરખાસ્ત આપેલી. લાઇબ્નિઝને પૅરિસમાં જ રહેવું હતું, પણ પૅરિસમાં નોકરીની કોઈ શક્યતા ન લાગતાં, આખરે બ્રુન્સવિકની દરખાસ્ત સ્વીકારીને 1676ના અંતમાં બ્રુન્સવિકના સામ્રાજ્યની રાજધાની હૅનોવર (Hanover) આવી પહોંચ્યા. આવતાં પહેલાં તેમણે લંડનની મુલાકાત લીધેલી. હૅનોવર પહોંચ્યા પછી રાજવીને તેમણે પ્રીવિ કાઉન્સેલર ઑફ જસ્ટીસની (Privy Counsellor of Justice) જગ્યા આપવા વિનંતી કરી જે રાજવીએ મંજૂર કરી. જીવ્યા ત્યાં સુધી એટલે કે 1714 સુધી લાઇબ્નિઝે રાજવી કુટુંબ જોડે કામ કર્યું. બ્રુન્સવિકના ત્રણ રાજવીઓ જોડે તેમણે ઇતિહાસકાર, રાજકીય સલાહકાર અને ડ્યુકલ (રાજવી) પુસ્તકાલયના ગ્રંથપાલ તરીકે કામ કર્યું. બ્રુન્સવિક રાજવંશના આ સમય દરમિયાનની ઘણી બધી ઘટનાઓ વિશે લાઇબ્નિઝે લખેલું છે તે હાલમાં તે સમયનો ઐતિહાસિક ખજાનો છે. લાઈબ્નિઝ કલનગણિત, ગણિત, ભૌતિકશાસ્ત્ર, તર્કશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વગેરેના અભ્યાસમાં ઘણો સમય આપતા અને ઘણા બધાની જોડે પત્રવ્યવહાર પણ કરતા. આ બધું ઘણો સમય લે તે રાજવીઓ ચલાવી લેતા.

### કલનગણિત

કલનગણિતમાં તેમના ફાળાનો ખ્યાલ આવે તે માટે 1684માં પ્રસિદ્ધ થયેલા તેમના પ્રખ્યાત સંશોધન પેપર, "A New Method for Maxima and Minima as well as Tangents, which is Impeded Neither by Fractional nor by Irrational Quantities, and a Remarkable Type of Calculus for This (1684)"ના થોડાક ભાગનું નીચે ભાષાંતર આપ્યું છે. આ લેખ મૂળ લૅટિન ભાષામાં લખાયેલો છે.

આકૃતિમાં 1માં બતાવ્યા પ્રમાણે AX x-અક્ષ, VV, WW, YY, ZZ આપેલા વક્રો છે. Y-યામો VX, WX, YX, ZX x-અક્ષને લંબ છે અને તેઓ અનુક્રમે v, w, y, z કહેવાય છે. VB, WC, YD, ZE સ્પર્શકો છે જે અક્ષને B, C, D અને Fમાં છેદે



આકૃતિ 1

છે. હવે સ્વૈર રીતે પસંદ કરેલા સુરેખાના ભાગને dx કહેવાય છે અને જે રીતે dx, vને હોય તે રીતે જે રેખા XBને હોય તે રેખા dv કહેવાય છે. આ ધારણાઓ નીચે કલનગણિતના નીચેના નિયમો મળે.

જો આપેલો કોઈ પણ અચળ a હોય, તો d (a) = o અને d (ax) = a dx થાય. જો y=v હોય (એટલે કે, જો કોઈ પણ વક્ર YYના યામ બરાબર સુસંગત વક્ર VVના યામ હોય), તો dy=dv. હવે સરવાળો અને બાદબાકી : જો z-y+w+x = y હોય, તો d (z-y+w+x) dv = dz - dy + dw + dx. ગુણાકાર : d (xv) = xdv + vdx અથવા y = xv મૂકતાં dy = xdx+vdz. આપણે xvનું સૂત્ર લઈએ અથવા તો તેને બદલે y લઈએ તો કોઈ ફેર પડતો નથી. આપણે એટલું ધ્યાન રાખીએ કે કલનગણિતમાં જે રીતે x અને dx ગણીએ તે જ રીતે y અને dy ગણીશું અથવા તો કોઈપણ અનિશ્ચિત મૂળાક્ષર તેના તફાવત સાથે. નોંધ કરવા જેવું છે કે વિકલ સમીકરણમાંથી થોડીક કાળજી વગર આપણે બધી વખત પાછા વળી ન શકીએ, જેની ચર્ચા આપણે બીજે કરીશું. હવે ભાગાકાર : d $(\frac{v}{y})$ or (જો z = $\frac{v}{y}$)

$$dz = \frac{\mp vdy \mp ydv}{yy}$$

(નોંધ : તે સમયે $y^2$ના બદલે yy વપરાતું)

નીચેનું ચિન્હો માટે મગજમાં રાખવું. કલનગણિતમાં જ્યારે અક્ષરની જગ્યાએ તેનો વિકલ મુકાય, ત્યારે ચિહ્નો સચવાય; zના બદલે dz લખીએ, - zના બદલે - dz લખીએ, અગાઉના સરવાળા અને બાદબાકીના નિયમોથી બનતું દેખાય છે. ગમે તેમ પણ જ્યારે કિંમતોનું સ્પષ્ટીકરણ કરવામાં આવે ત્યારે, એટલે કે zનો x સાથેનો સંબંધ ગણીએ ત્યારે આપણે નક્કી કરી શકીએ કે dz>o કે dz<o છે. જ્યારે પાછળનું બને છે, ત્યારે સ્પર્શક zE, Aની દિશામાં નથી, પણ ઊલટી દિશામાં, xથી નીચે છે. જ્યારે x વધતો જાય ત્યારે z ઘટતો જાય ત્યારે આ બને છે. અને કોટિ v કોઈ વખતે વધે અને કોઈ વખતે ઘટે એમ હોવાથી dv પણ કોઈ વખત ધન અને કોઈ વખત ઋણ હશે; પહેલા કિસ્સામાં સ્પર્શક VB, Aની દિશામાં છે, પાછળનામાં ઊલટી દિશા તરફ છે. આમાંનું કંઈ મધ્યના બિંદુ Mએ બનતું નથી, આ ક્ષણે V વધતો નથી કે ઘટતો નથી, પણ સ્થિર છે. એમ હોવાથી dv=o છે અને પરિમાણ (Quantity) ઋણ હોય કે ધન હોય, + o = - o હોઈને કોઈ ફેર પડતો નથી. આ જગ્યાએ V જેના y-યામ બરાબર LM છે (આકૃતિમાં L બતાવ્યો નથી) તે વધારેમાં વધારે (અથવા જ્યારે બહિર્મુખતા (Convexity) અક્ષ તરફ ફરેલી હોય, ઓછામાં ઓછી) અને M બિંદુએ સ્પર્શક X થી Aની દિશામાં કે એથી ઊલટી દિશામાં નથી, પણ તે અક્ષને સમાંતર છે. જો dv, dxની સાપેક્ષમાં અનંત હોય તો સ્પર્શક અક્ષને લંબ છે અને તે કોટિ (Ordinate) છે. જો dv = dx હોય, તો સ્પર્શક અક્ષ જોડે અડધો કાટખૂણો બનાવે છે. જ્યારે કોટિઓ v વધે, તેના વધારાઓ કે તફાવતો dv પણ વધે. (એટલે કે જ્યારે dv ધન હોય, ત્યારે ત્યારે d(dv), તફાવતનો તફાવત, પણ ધન છે અને જ્યારે dv ઋણ હોય, ત્યારે d(dv) પણ ઋણ છે) ત્યારે વક્રની અંતર્મુખતા (Concavity) અક્ષ તરફ ફરે છે, જ્યારે બીજા કિસ્સામાં બહિર્મુખતા. જ્યાં વધારો વધુમાં વધુ કે ઓછામાં ઓછો છે, અથવા જ્યાં વધારો ઘટતાં ઘટતાં વધતો થાય અથવા આથી ઉલટુ બને, તે બિંદુ વક્રતાપરિવૃત્તિ (Point of inflection) બિંદુ છે. અહીંઆં અંતર્મુખતા અને બહિર્મુખતા અદલબદલ થઈ છે એ શરતે કે કોટિ (Ordinate) વધવામાંથી ઘટે નહિ એ જ પ્રમાણે ઊલટું કારણ કે અંતર્મુખતા કે બહિર્મુખતા રહેશે. ગમે તેમ પણ વધારો વધે જવાનું કે ઘટે જવાનું અશક્ય છે, પણ કોટિએ વધવામાંથી ઘટવાનું કે એથી ઊલટું. આથી જ્યાં d (dv) = o હોય તે દરમિયાન v = o અથવા dvન = o ન હોય, તો તે બિંદુએ વક્રતાપરિવૃત્તિ બિંદુ ઉદ્ભવે છે. વક્રતાપરિવૃત્તિ બિંદુ શોધવા માટે મહત્તમ બિંદુ (maximum) શોધવા માટે બે સરખા ઉકેલો મેળવવાના બદલે ત્રણ સરખા

મેળવવાનો પ્રશ્ન છે. આ બધાનો આધાર સાચા ચિહ્નોના ઉપયોગ ઉપર છે.

બરાબર કયું ચિહ્ન છે તે નક્કી કરતાં પહેલાં અગાઉ જેમ આપણે ભાગાકારમાં કરેલું તેમ કોઈ વખતે અસ્પષ્ટ ચિહ્નોનો ઉપયોગ વધુ અંશે સારો છે, જ્યારે વધતો xv/y વધે છે, ત્યારે આના અસ્પષ્ટ ચિહ્નો

$$d\left(\frac{-}{y/v}\right) = \frac{\mp vdy \mp ydv}{y.y} = d\varnothing$$

એ રીતે પસંદ કરો કે જેથી આ અપૂર્ણાંક ધન (અથવા ઋણ) રહે. પણ ∓ ઊલટું ∓ હોઈને, જ્યારે એક + હોય, ત્યારે બીજું – હોય અથવા ઊલટું (vice versa). એક જ પગલામાં ઘણી બધી અસ્પષ્ટતાઓ હોઈ શકે, જેને હું કૌંસથી જુદી પાડીશ. દાખલા તરીકે, જો v/y + y/z + x/v = w હોય, તો આપણે લખવું જોઈએ.

આથી જુદી જુદી રકમોની અસ્પષ્ટતા ગુંચવણ ઊભી કરશે નહિ. આપણે નોંધવું જોઈએ કે અસ્પષ્ટ ચિહ્નો

$$\frac{\mp vdy \pm ydv}{yy} + \frac{(\pm)\, ydz\, (\mp)\, zdy}{zz} + \frac{(\pm)\, xdv\, (\mp)\, vdz}{vv} = dw$$

તેમની જાતે જ + આપે છે, તેની સાથે વિરુદ્ધ – આપે છે, જ્યારે બીજું અસ્પષ્ટ ચિહ્ન બંને ઉપર આધાર રાખતી અસ્પષ્ટતા ઊભી કરે છે.

ધાતો

પણ $y^{-1}$ એ 1/y ના સમાન છે; સમગુણોત્તર શ્રેણીના ધાતાંકના નિયમથી, અને

$$d\, x^{a} = a\, x^{a-1}\, dz$$

દાખલા તરીકે

$$d\, x^{3} = 3\, x^{2}\, dx$$

$$d\left(\frac{1}{x^{a}}\right) = \frac{-\, adx}{x^{a+1}}$$

દાખલા તરીકે, જો $w = \frac{1}{x^{3}}$, તો $dw = -\frac{3dx}{x^{4}}$

મૂળો (Roots)

$$d\sqrt[b]{x^{a}} = \frac{a}{b}\, dx\, \sqrt[b]{x^{a-b}}$$

(આથી $d\sqrt[2]{y} = \frac{dy}{2\sqrt[2]{y}}$

આ બાબતમાં a=1, b=2), આથી

$$\left(\frac{a}{b}\right)\sqrt[b]{x^{a-b}} = \frac{1}{2}\sqrt[2]{y^{-1}}$$


$$\sqrt[2]{\frac{1}{y}} = \frac{1}{\sqrt[2]{y}}, \quad d\,\frac{1}{\sqrt[b]{x^{a}}} = -\frac{a}{b}\,\frac{dx}{\sqrt[b]{x^{a-b}}}$$

પૂર્ણાંક ઘાતનો નિયમ અપૂર્ણાંકો તેમ જ મૂળોને (Roots) આવરી લેવા માટે પૂરતો હોત, જ્યારે ઘાતાંક ઋણ હોય, ત્યારે ઘાત અપૂર્ણાંકમાં ફેરવાય છે, જ્યારે ઘાતાંક અપૂર્ણાંક હોય, ત્યારે ઘાત મૂળમાં ફેરવાય છે. તેમ છતાંયે બીજાઓને આ નિગમનો (Deductions) મેળવવાનું સોંપવાના કરતાં હું મારી જાતે આ નિષ્કર્ષો (Condusions) મેળવવાનું પસંદ કરું, કારણ કે આ અમુક અંશે વ્યાપક છે અને વારંવાર ઉદ્ભવે છે. જે બાબત તેમની જાતે મુશ્કેલ છે, તેના માટે સરળ કરી આપતી ક્રિયા ઇચ્છવાયોગ્ય છે.

આ કલનગણિતના આલ્ગોરિધમ (Algorithm) જે જાણીએ છીએ તેને હું વિકલન કલનગણિત (Differential Calculus) કહું છું, બાકીનાં બીજા વિકલન સમીકરણોના ઉકેલ વ્યાપક રીતથી ઉકેલક્ષમ (Soluable) છે. આપણે અપૂર્ણાંકો, અસંમેયો અને બીજી મર્યાદાઓ વગેરે દૂર કર્યા સિવાય વધારેમાં વધારે અને ઓછામાં ઓછી (કિંમત) તેમજ સ્પર્શકો હાલ સુધીમાં પ્રસિદ્ધ થયેલી રીતોથી મેળવી શકીએ. જેને આવી બાબતનો અનુભવ છે અને અત્યાર સુધી જેની પૂરેપૂરી તલાશ થઈ નથી તેવા dx, dy, dv, dw, dz જેને ક્ષણિક તફાવતના પ્રમાણસર ગણી શકાય, એટલે કે x, y, v, w, zના અનુરૂપમાં થયેલો વધારો કે ઘટાડો ગણે તેને માટે આ બધાની દાખલા દલીલ સાથેની સ્પષ્ટ રજૂઆત સરળ હશે. કોઈ પણ આપેલા સમીકરણ માટે આપણે તેનું વિકલન સમીકરણ લખી શકીએ.

Supplementum કલનશાસ્ત્રનું મૂળભૂત પ્રમેય (Fundamental Theorem of calculus)

ક્ષેત્રકલનનું (Quadrature) અગત્યનું પરિણામ તેમના 1693ના સંશોધન પેપર, ''Supplementum geometriae dimensoriae, seu generalissima Omnium tetragonismorum effectio per motum similirque multiplex constructio lineae ex data tangentium conditione (More on geometric measurement, or most generally of all practicing of quadrilateralization through motion; likewise many ways to construct a curve from a given on tangents)'' સૌથી પહેલા વૈજ્ઞાનિક સામયિક (Journal) Acta Eruditorumમાં 1693માં પ્રસિદ્ધ થયું. આ પરિણામ એટલું બધું અગત્યનું છે કે જેને આપણે 'કલનશાસ્ત્રના મૂળભૂત પ્રમેય (Fundamental Theorem of Calculus)' તરીકે ઓળખીએ છીએ. આ મૂળભૂત પ્રમેયની જુદા જ પ્રકારની સાબિતી છે. તે સાબિતીનું નીચે ગુજરાતી ભાષાંતર આપ્યું છે.



આકૃતિ 2

ક્ષેત્રફળના વ્યાપક પ્રશ્નને સ્પર્શરેખા શોધવાના પ્રશ્નમાં ફેરવી દઈ શકાય તે હું બતાવીશ, એટલે કે, લાક્ષણિક (Characteristic) ત્રિકોણની બાજુઓ વચ્ચે સંબંધ છે. પછી હું આ રેખાનું વર્ણન મારી શોધેલી ગતિથી વર્ણવી શકાય તે બતાવીશ. આ માટે [આકૃતિ 2] હું ધારું છું કે દરેક વક્રરેખા C(c')ને બે લાક્ષણિક ત્રિકોણો (Characteristic) જેમાંનો એક નક્કી (Assigned) ત્રિકોણ TBC છે અને તેને સમરૂપ બીજો જણાવ્યા પ્રમાણેનો પણ ગમે તે ત્રિકોણ LGC છે. ગમે તે ત્રિકોણના ભાગો GL, LC યામો CF, CBના જોડે જોડાયેલી બે બાજુઓ છે અને ચાપનો ભાગ GC પાયો કે

કર્ણ છે. પણ નક્કી ત્રિકોણ TBCમાં ધરી (axis), કોટિ (Y-યામ) અને સ્પર્શક આવેલાં છે અને આથી વક્રની દિશા અને પાયા વચ્ચેનો ખૂણો, એટલે કે c બિંદુએ વક્રનો નતિકોણ (Inclination) આવેલો છે. વક્ર H(H), બે સમાંતર રેખાઓ FH અને (F) (H) અને ધરી F (F) વચ્ચેના ભાગનું ક્ષેત્રફળ, જેના ક્ષેત્રફળ બરાબર ક્ષેત્રફળવાળો ચોરસ મેળવવો છે, તે ભાગ F(H) છે; ધરી F(F) ઉપર સ્થિર બિંદુ A છે અને Aમાંથી AFને દોરેલી લંબ રેખા AB, જે અનુબદ્ધ (Conjugate) ધરી છે. C બિંદુ રેખા HF (જો જરૂર હોય તો લંબાવતાં) ઉપર આવેલું છે તે આપણે ધારીએ છીએ; આ નવો વક્ર C (C') આપે છે જેના ગુણધર્મ એ છે કે જો Cમાંથી કોટિ CB અને સ્પર્શક CT દોરવામાં આવે તો ધરીનો ભાગ TB, BC ને હોય એ જ HF, અચળ a ને હોય અથવા a ગુણ્યા BT બરાબર AFHAને સમાવતો (Circumscribed) લંબચોરસ AFHPA (P બતાવ્યો નથી) થાય. આ સાબિત કરતાં, હું હકથી કહું છું કે a અને E (C) લંબચોરસ બરાબર ક્ષેત્ર F (H) છે. જ્યારે રેખા H(H)ને A સુધી લંબાવું, ત્યારે ત્રણ રેખાવાળી આકૃતિ FHA જેના બરાબર ચોરસ મેળવવાનો છે તેના બરાબર એક બાજુ a અને બીજી બાજુ FC વાળો લંબચોરસ થશે. આ આપણા કલનગણિતથી સીધેસીધું થાય છે.

**AF = y, FH=z, BT = c, અને FC = x લઈએ, ત્યારે**

**a x BT = BcxHF હોઈને** $t = \frac{BC \times HF}{a} = \frac{y \times z}{a}$ **આપણી ધારણા મુજબ થાય છે;**

**બીજી બાજુ** $\frac{t}{y} = \frac{BT}{Bc} = \frac{dx}{dy}$ **હોઈને** $t = y\frac{dx}{dy}$ **સ્પર્શકના ઢાળથી બને છે.**

**આથી** $\frac{dx}{dy} = \frac{z}{a}$ **એટલે કે adz = zdy. આથી**

**a x = ∫zdy = AFHA (નું ક્ષેત્રફળ). આથી વક્ર C(c') વક્ર H(H)ના**

a x = BT = Bc x HF હોઈને t = 0 આપણી ધારણા મુજબ થાય; બીજી બાજુ 0 હોઈને 0 સ્પર્શકના ઢાળથી બને છે. આથી 0 એટલે કે 0 આથી = AFHA (નું ક્ષેત્રફળ). આથી વક્ર C(c) વક્ર H (H)ના

(નોંધ : ગણિતમાં કોઈ વક્ર જેના કોટિ બરાબર બીજા વક્રનું ક્ષેત્રફળ હોય (અક્ષ અને વક્ર વચ્ચેના ભાગનું) તે વક્ર અંગ્રેજીમાં 'ડિરેટ્રિક્સ (Directrix)' તરીકે ઓળખાય છે. અહીંયાં a = 1 લઈએ. વક્ર C c'ના C બિંદુના કોટિ $\dot{x}$ બરાબર AFHAનું ક્ષેત્રફળ. આથી વક્ર Cc'ને H(H)ના સાપેક્ષમાં ડિરેટ્રિક્સ વક્ર કહેવાય.) અનુસંધાનમાં ક્વૉડ્રેટ્રિક્સ વક્ર છે, જ્યારે C (C')ના યામ FCને અચળ aથી ગુણતાં, ક્ષેત્રફળના બરાબર લંબ ચોરસ થાય છે અથવા H(H) ના અનુરૂપ અક્ષ AFના અનુરૂપ યામોનો સરવાળો થાય. આથી $\frac{BT}{AB} = \frac{FH}{a}$ ના કારણે અને આ FHનો AF સાથેનો સંબંધ (જે આકૃતિનું ક્ષેત્રફળ મેળવવું છે તેનો આવશ્યક ગુણધર્મ દર્શાવે છે) આપેલો છે, BTનો FH અથવા BCનો સંબંધ, સાથે સાથે BTનો TC સાથેનો સંબંધ આપીશું, એટલે કે ત્રિકોણ TBCની બાજુઓ વચ્ચેનો સંબંધ. આ કારણે, જ્યારે નક્કી ત્રિકોણ TBCની (વક્રના નિયત ખૂણાનો નિયમ) બાજુઓ વચ્ચેનો સંબંધ આપેલો હોય, વક્ર C(C')નું (જે આપણે બતાવ્યું છે કે ક્વૉડ્રેટ્રિક્સ છે) વર્ણન ક્ષેત્રકલન અને માપ માટે જરૂરી છે.

શૂન્યાભિચલોના (Infinitesimals) તફાવત અને સરવાળા માટે સંકેતનો (Notations) દાખલ કર્યા અને તેને સુધારતા પણ ગયા અને આખરે xની કિંમતોના શૂન્યાભિચલના તફાવત માટે d(x) અને લૅટિનભાષાના ''Summa''ના Sને મોટો કરીને ∫ ને શૂન્યાભિચલના સરવાળા માટે વાપર્યા અને તે સંકેતનો હાલમાં પણ આપણે વાપરીએ છીએ.

**ઉપસંહાર**

રાજવી અર્નેસ્ટ ઑગસ્ટસે (Earnest Augustus) લાઇબ્નિઝને બ્રુન્સવિક વંશનો ઇતિહાસ લખવા સોંપેલું. આ કામ માટે લાઇમ્બિઝ જર્મની, ઑસ્ટ્રીયા, ઇટાલિ વગેરે જગ્યાએ ફર્યા, પણ બીજાં ઘણાં કામોના કારણે અને તેમની નજરે સરસ કામ કરવા માટે ઘણો સમય લીધો જેના કારણે ઘણા રાજવીઓ લાઇબ્નિઝ ઉપર નાખુશ હતા. ઓગણીસમી સદીમાં આખરે આ કામ પ્રસિદ્ધ થયું જે ત્રણ દળદાર ગ્રંથો છે.

1700માં બર્લિન ઍકેડેમી શરૂ કરવામાં લાઇબ્નિઝનો ખૂબ જ અગત્યનો ફાળો હોઈને જીવ્યા ત્યાં સુધી બર્લિન ઍકેડેમીના તેઓ પ્રમુખ રહ્યા.

ઇંગ્લૅન્ડનાં રાણી એન્નનું (Ann) 1714માં નિધન થયું. આ પછી બ્રિટનના 1701ના સેટલમેન્ટના (Settlement) કાયદા પ્રમાણે બ્રુન્સવિકના રાજવી બ્રિટનના રાજા જ્યૉર્જ I બન્યા. આ રાજવીનો હનોવરની કૉર્ટનો મોટો કાફલો બ્રિટન પહોંચ્યો, પણ જ્યૉર્જ I એ લાઇબ્નિઝને તેમની સાથે બ્રિટન આવવાનું આમંત્રણ ન આપ્યું. કદાચ ન્યૂટન અને લાઇબ્નિઝની લડાઈ કારણભૂત હોય.

લાઇબ્નિઝનું 1716માં નિધન થયું ત્યારે તેમના શબની અંતિમ ક્રિયા વખતે રાજવી કુટુંબનું કોઈ ન હતું.

લાઇબ્નિઝે જિંદગીભર લગ્ન કરેલાં ન હતાં. જિંદગીમાં કોઈ કોઈ વખત લાઇબ્નિઝ પૈસાની ફરિયાદ કરતા, પણ આખરે તેમની બચત તેમની બહેનના સાવકા-પુત્ર (step-son) માટે મૂકી ગયેલા, તે જોતાં એવું લાગે છે કે બ્રુન્સવિકના રાજવીઓએ લાઇબ્નિઝને સારું વેતન આપેલું.

કલનગણિતના બે મહાન શોધકો ન્યૂટન અને લાઇબ્નિઝનો ભેદ તેમના અંતમાં દેખાય છે. ન્યૂટન એમનું શોધેલું ફ્લક્સિઑન્સ તેમની સાથે તેમની કબરમાં લઈને ગયા. એકલા, અટૂલા, માનવી પ્રત્યે પ્રેમ ન રાખનારા સર આઈઝેક ન્યૂટન તેમની આસપાસ પ્રકૃતિદત્ત સૂઝવાળા (Talented), શીખવા ઉત્સુક, તેમનું કામ વિશુદ્ધ કરીને આગળ ધપાવનારા અનુયાયીઓનું ટોળું ઊભું કરી ન શક્યા. જ્યારે આથી વિરુદ્ધ લાઇબ્નિઝના સ્વિટ્ઝરલૅન્ડના બે ઉત્સાહી અનુયાયીઓ જેકોબ અને જ્હૉન બર્નૂલી કલનગણિતનો યુરોપમાં ફેલાવો કરનારા અને ટેકેદારો હતા. તેમના પ્રયત્નોએ અને કદાચ લાઇબ્નિઝના પ્રયત્નોના કારણે આપણે જે હાલમાં કલનગણિત જોઈએ તે છે.

આ લેખ નીચેનાં પુસ્તકોના આધારે લખાયો છે.


(1) Classic of Mathematics, Ronald Clinger (Prentice Hall, Englawood cliffs, New Jersey 07632, 1995)

(2) The Calculus Gallery, William Dunham (Princeton University, Princeton and oxford, 2005)



**વિઠ્ઠલભાઈ અં. પટેલ**

નરસિંહજીના મંદિર પાસે,

ઉવારસદ રોડ, મુ. પો. શેરથા તા. જિ. ગાંધીનગર,

મો. 9428019042


મારી આખી જિંદગીમાં મારા બોલવાનો અનર્થ થવા વિષે મને નવાઈ નથી રહી. દરેક અનર્થનો જવાબ આપવો પડે અને ખુલાસો આપવો પડે તો જિંદગી વસમી થઈ પડે. જ્યાં પ્રવૃત્તિને ખાતર આવશ્યક હોય તે સિવાયના કોઈ પણ પ્રસંગે અનર્થોના ખુલાસામાં ન ઊતરવું.

'ગાંધી-ગંગા : ૨'માંથી સાભાર

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

**ધન્ય ધન્ય શિષ્યો જેના રે** : એક જીવનગ્રંથ = ડૉ. યોગેન્દ્ર વ્યાસ : વ્યક્તિત્વ અને વાઙ્મય : એક અભ્યાસ / ડૉ. અર્ચના પટેલ. રોહતક : શાન્તિ પ્રકાશન, ૨૦૧૫. ૩૨૬ પૃ. કિં. રૂ. ૫૦૦/- ISBN : 978-93–5070—079-2

વિખ્યાત ભાષાવૈજ્ઞાનિક ડૉ. પ્રબોધ પંડિતના શિષ્યરત્ન અને 'ભાષાવિજ્ઞાન ક્ષેત્રનાં એમનાં પાયાનાં સંશોધનોને વિસ્તારી વિકસાવીને આદર્યાં - અધૂરાંને પૂરાં કરીને એનું બહુવિધ દિશાઓમાં નૂતન વિસ્તરણ કરનાર' ડૉ. યોગેન્દ્ર વ્યાસ ભાષાવિજ્ઞાનના એક પ્રતિભાસંપન્ન તથા વિદ્યાર્થી વત્સલ અધ્યાપક તથા ખરા અર્થમાં વૈષ્ણવજન તરીકે સુપ્રસિદ્ધ છે. અહીં ડૉ. વ્યાસનાં ત્રિવિધ પાસાંઓ - ૧. મૂઠી ઊંચેરા માનવ-શિક્ષક - કેળવણીવિદ્, ૨. ભાષાવિજ્ઞાની, વૈયાકરણી તથા કોશકાર, તથા ૩. સર્જક - વિશે સંશોધનાત્મક અભ્યાસ તેમનાં તેજસ્વી વિદ્યાર્થિની ડૉ. અર્ચના પટેલ દ્વારા રજૂ કરવામાં આવ્યો છે.

પ્રથમ પ્રકરણમાં ડૉ. વ્યાસનું એક વ્યક્તિ તરીકે - અધ્યયનશીલ તથા વાત્સલ્યમૂર્તિ અધ્યાપક અને કુટુંબના સભ્ય તરીકે ભજવેલ અનેકવિધ રોલનું-સુરેખ આલેખન કરવામાં આવ્યું છે. આ હેતુસર સંશોધિકાએ ઉપલબ્ધ અશેષ સ્રોતોનો ભરપૂર વિનિયોગ કર્યો છે. અર્થાત્ 'મહાભારત' માટે કહેવામાં આવે છે કે જે 'મહાભારત'માં છે તે અન્યત્ર છે અને જે 'મહાભારત'માં નથી તે અન્યત્ર પણ નથી, તેમ સંશોધિકાએ સંશોધ્ય વિષય અર્થાત્ ડૉ. વ્યાસ સંદર્ભે માહિતી મેળવવા સંભવિત તમામ સ્રોતો અથાગ પરિશ્રમથી મેળવીને, કુશળતાપૂર્વક તેનું સંયોજન કરીને - તારવી અને સારવીને - તટસ્થતાપૂર્વક દસ્તાવેજી છતાં આસ્વાદ્ય ચરિત્ર તૈયાર કર્યું છે. વાસ્તવમાં ડૉ. વ્યાસનું શિક્ષકત્વ - વ્યક્તિત્વ ખરા અર્થમાં કવિ ઉમાશંકર જોશીને અભિપ્રેત એવા શિક્ષક : ''બાળકને જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને, / વત્સલ મૂરત સ્નેહલ સૂરત, હૃદય હૃદયનાં વંદન તેને''નું હોવાથી તેના વાચકને મનભાવંત બની રહેવા ઉપરાંત કંઈક મેળવ્યાની સહજતયા સંતર્પક અનુભૂતિ થાય તેવું છે. સંશોધિકા આવા ગરવા ગુરુ - ચરિત્રનાયકના માનવીય દોષ - ગુસ્સા - ની નોંધ લેવાનું તેમજ કોઈ વિવેચકે ગુજરાત યુનિવર્સિટીના ભાષાવિજ્ઞાન વિભાગને 'અત્યંત પ્રાથમિક જ્ઞાન આપતા કેન્દ્ર' તરીકે ઓળખાવતાં તેનો મક્કમતાપૂર્વક સાધાર પ્રતિવાદ નોંધવાનું ચૂક્યાં નથી. આ પ્રકરણ પ્રસ્તુત સંશોધનનું હાર્દરૂપ પ્રકરણ છે, જેનો અડધાથી વધુ જગ્યામાં પથરાટ છે.

પ્રકરણ ૨થી ૫માં એક ભાષાવૈજ્ઞાનિક - વૈયાકરણી - કોશકાર અને શબ્દાર્થ ચર્ચાના મરમી તરીકે મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. આ સંબંધી ડૉ. વ્યાસની પ્રત્યેક કૃતિનું વિવેચન જે તે કૃતિ વિશે અન્ય વિદ્વાનોનાં અવલોકનો / અભિપ્રાયોને નજરસમક્ષ રાખીને તેમજ આ સંબંધી ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ અન્ય કૃતિઓ ધ્યાને રાખીને તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં ડૉ. વ્યાસના પ્રદાનને રેખાંકિત કરી બતાવ્યું છે. આ પૈકી પ્રકરણ - ૩ 'શિક્ષક અને કેળવણીકાર' શીર્ષક હેઠળનું છે, પરંતુ અહીં એક સમર્થ ભાષાવૈજ્ઞાનિક દ્વારા રચિત પ્રાથમિક - માધ્યમિક શાળાનાં બાળકોને ધ્યાને લઈ ભાષાશિક્ષણ, ભાષાકૌશલ્ય, લેખનકૌશલ્ય, વાચનકૌશલ્ય અને વાક્કૌશલ્ય વગેરે સંબંધી પુસ્તકોનું તાત્ત્વિક મૂલ્યાંકન કરવામાં આવ્યું છે, જે પ્રકારાન્તરે ભાષાવિજ્ઞાનનું જ કાર્ય છે. આ સંબંધી સંશોધિકાનું મંતવ્ય : ''ડૉ. વ્યાસના ભાષાશિક્ષણ સંબંધી આ વિચારો એમને ઉચ્ચકક્ષાના ભાષાવિજ્ઞાની તો પુરવાર કરે જ છે પણ એ સાથે જે એક લાંબું જોનારા - દૃષ્ટિવંત કેળવણીકાર તરીકે પણ પુરવાર કરે છે'' અને આ જ કારણે ડૉ. રવીન્દ્ર દવે

ભાષાશિક્ષણ વિશેના આ પાંચે પાંચ પુસ્તકો વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને વાંચવાની ભલામણ કરે છે.

અંતિમ પ્રકરણ-૬ : સર્જક તરીકેની મુલવણી માટે ફાળવવામાં આવ્યું છે, જેમાં ડૉ. વ્યાસ કૃત જીવનચરિત્ર, લઘુનવલકથા, વાર્તા, એકાંકી, હાસ્ય, વિવેચન તથા અનેકવિધગ્રંથોની પ્રસ્તાવનાઓ અને અવલોકનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ બધાં સાહિત્યસ્વરૂપોની કૃતિઓની વિશેષતાઓ સોદાહરણ તારવી આપી છે. નોંધવું રહ્યું કે એક પ્રખર ભાષાવૈજ્ઞાનિકના આભામંડળ હેઠળ તેમનું સર્જકત્વ પ્રાયઃ અપિછાણ રહ્યું તેને સંશોધિકાએ સાધાર ઉજાગર કરી આપ્યું છે. 'દીવોના બૂઝ' શીર્ષક હેઠળ માતા વિશેનું ચરિત્ર રજૂ કરતી અને એકી બેઠકે તેનું વાંચન પૂરી કરવા બાધ્ય કરે તેવી કૃતિનો કરાવવામાં આવેલ આસ્વાદ પણ તેટલે જ સ-રસ છે. ગ્રંથાન્તે સંશોધનનાં તારણો અને ડૉ. વ્યાસ સાથે સંશોધિકાએ કરેલ સાક્ષાત્કાર આપવામાં આવેલ છે. આ સાક્ષાત્કાર ડૉ. વ્યાસના વિચાર-દર્શનને સમજવા માટે પ્રમુખ દસ્તાવેજ બની રહે છે.

સમગ્રતયા સંશોધિકાએ મલ્લીનાથી સૂત્ર 'ના મૂલમ લિખ્યતે કિંચિત'ને સંશોધક તરીકેનો ધ્યેયમંત્ર આત્મસાત કરીને ડૉ. વ્યાસના અંતરંગ વ્યક્તિત્વની છબિ આલેખવા તથા તેમના પ્રદાનને મૂલવવા ડૉ. વ્યાસની કૃતિઓનું ગહન અધ્યયન - પરિશીલન કરવા ઉપરાંત ડૉ. વ્યાસના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, સ્વજનો વ્યાસસાહિત્યના અભ્યાસીઓ, જે તે વિષયક્ષેત્રના પ્રતિભાશાળી ભારતીય અને વિદેશી તજજ્ઞો, અધ્યાપકો, શિબિરાર્થીઓ વગેરેનો રૂબરૂ કે પત્ર દ્વારા સંપર્ક કરવાની સાથે સાથે ડૉ. વ્યાસ સાથે રૂબરૂ સાક્ષાત્કાર કરવામાં ડૉ. અર્ચના પટેલનાં સંશોધક, સ્વાધ્યાયનિષ્ઠા અને ગુરુભક્તિનાં અનેરાં દર્શન થાય છે. નોંધવું રહ્યું કે આટલી ગુણ-રાશી વચ્ચે પ્રસ્તુત સંશોધક-ગ્રંથની નોંધપાત્ર મર્યાદા એ છે કે અહીં ઉધૃત કરવામાં આવેલ કુલ ૫૭૨ ટાંચણો પૈકી ૧૪૩ ટાંચણો 'આનંદઘરની વાત્સલ્યમૂર્તિ'માંથી (અલબત્ત વિવિધ વ્યક્તિઓનાં), ૨૧૪ ટાંચણો પત્રો, રૂબરૂ મુલાકાત કે ફોન આધારિત છે. આ ઉપરાંત પ્રકરણાન્તેની સંદર્ભસૂચિમાં દર્શાવવામાં નહીં આવેલાં ટાંચણોની સંખ્યા પણ ઘણી છે. પરિણામે ટાંચણોનું ભારણ પ્રમાણમાં વધી ગયું છે. અહીં સંશોધિકા પ્રાપ્ત સઘળી માહિતીના સમાવેશના સ્થાને પસંદગીની સત્ત્વશીલ માહિતીને યથાયોગ્ય સ્થાન આપવા સંયમ જાળવી શક્યાં હોત ! જેની પ્રતીતિ અનેકવિધ અવતરણો કે વિગતોના માધ્યમથી સહજમાં થાય છે. આ ઉપરાંત ડૉ. યોગેન્દ્ર વ્યાસની કૃતિઓ - પુસ્તકો, લેખો, પ્રસ્તાવનાઓ વગેરે - અને ડૉ. વ્યાસ વિશે લખાયેલા લેખોની અનિવાર્ય એવી શાસ્ત્રીય વાઙ્મયસૂચિનો સદંતર અભાવ. જો કે આગળ ઉપર નિર્દેશ કરેલ પ્રત્યેક પ્રકરણમાં ડૉ. વ્યાસની કૃતિઓની સમીક્ષા કરવામાં આવી છે, પરંતુ ગ્રંથોનાં શીર્ષક અને પ્રકાશન વર્ષ બાદ કરતાં તેના પ્રકાશક કે પ્રકાશન સ્થળનો ક્યાંય ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. ગ્રથાન્તે આપવામાં આવેલ ડૉ. વ્યાસના બાયોડેટામાં પણ આ સંબંધી કોઈ જ વિગતો દર્શાવવામાં આવી નથી.

ઉલ્લેખનીય છે કે પ્રસ્તુત ગ્રંથ એ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં ગુજરાતી વિષયમાં પીએચ.ડી. ની ડિગ્રી હેતુ ઈડરની મહિલા કૉલેજના પ્રિન્સિપાલ (હાલમાં સેવાનિવૃત્ત) અને ડૉ. વ્યાસના સ્વાધ્યાયશીલ શિષ્ય ડૉ. પી. જે. પટેલના માર્ગદર્શન હેઠળ અર્ચના પટેલ દ્વારા રજૂ કરવામાં આવેલ શોધપ્રબંધનું સંવર્ધિત સંસ્કરણ છે. અસાધારણ તેજસ્વી શૈક્ષણિક કારકિર્દી ધરાવતાં ડૉ. અર્ચના પટેલે ગુજરાત યુનિવર્સિટીની બી.એ. અને એમ.એ. ની પરીક્ષા પ્રથમ વર્ગમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ કરેલ છે, તેમજ એમ.એ.ની પરીક્ષા માટે ચાર સુવર્ણચંદ્રકો મેળવેલ છે. આ ઉપરાંત તેઓશ્રી એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા 'એક્સલન્ટ યંગ એજ્યુકેટર ઍવૉર્ડ' (૨૦૦૭) તથા અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન અને રમણભાઈ પટેલ ફાઉન્ડેશન દ્વારા 'શ્રેષ્ઠ શિક્ષક મેરિટ ઍવૉર્ડ' (૨૦૦૭) થી અલંકૃત છે. નોંધવું રહ્યું કે સામ્પ્રતકાલીન પીએચ.ડી. ડિગ્રી હેતુના શોધપ્રબંધો ભાગ્યે જ પ્રકાશનક્ષમતા ધરાવતા હોય છે ત્યારે યુવા અને ઉત્સાહી સંશોધિકા ડૉ. અર્ચના પટેલે પોતાનો શોધપ્રબંધ પ્રકાશિત કરીને પોતાની નૈતિક હિંમત અને સંશોધકીય પ્રતિભાનાં જે દર્શન કરાવ્યાં છે તે શ્લાઘનીય હોઈ પ્રેરણાદાયી છે.

**– મણિભાઈ પ્રજાપતિ**

❖

**હડસનને આરે ચંબલની પાળે** / કાન્તિભાઈ ના. પટેલ (કેન પટેલ). અમદાવાદ : ભરતભાઈ પટેલ (૧૨, શાકુન્તલ બંગ્લોઝ, સોલા રોડ, અમદાવાદ), ૨૦૧૬. ૧૧૨ પૃ. કિં. રૂ. ૧૦.૦૦

પ્રસ્તુત ગ્રંથમાં અમેરિકામાં સ્થાયી થયેલા અને વતન ઝુરાપો વેઠતા કવિહૃદયી લેખક કાન્તિભાઈ એન. પટેલે પોતાના આયખાના આઠેક દશકનાં કેટલાંક હૃદયસ્પર્શી સંસ્મરણો - અનુભવકથાઓ - લિપિબદ્ધ કર્યાં છે, જેમાં તેમનું રાષ્ટ્રપ્રેમી અને સહૃદયી વ્યક્તિત્વ સ્વતઃ ઊપસી આવે છે. આ બધાં જાત આધારિત અનુભવો / સંસ્મરણો રસિક હોવા ઉપરાંત વૈવિધ્યસભર છે. અહીં લેખકની જે તે વિષયસંબંધી જાણકારી, નિરીક્ષણ શક્તિ, ભાવસભર અભિવ્યક્તિકલા અને ભાષાપ્રવાહિતા ધ્યાનાર્હ બની રહે છે. 'વતન ઝુરાપો અને ગુજરાતની અસ્મિતા' હેઠળના લેખોમાં લેખકનો વતનપ્રેમ, વતનનાં સંસ્મરણો અને 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત'ની ભાવનાને ચરિતાર્થ કરતી સંવેદનશીલ ઘટનાઓ ગ્રંથસ્થ છે. વતન ઝુરાવો વાચા આપતા તેમના કાવ્યની પંક્તિઓ દૃષ્ટવ્ય બની રહે છે :

**''સૂના પડ્યા એ ઓટલા, ને સૂની પડી ભાગોળ્યું,**
**સૂના પડ્યા છે વડલા, ને ઊડી ગઈ વાગોઈયું...**
**વહી રહ્યો એ વાંકળો, ને સીમે ચરતાં ઘણ...**
**ગયાં ઘરને ઘોડલાં, ને વગડે ચરતાં ઢોર...**
**પારેવડું પરદેશ ગયાં, ને ચહે વતનની ધૂળ.''**

પોતે અનુભવેલી આ પૈકી 'અમારા વાડાની એ રાયણ'માં પાંચ-પાંચ પેઢીઓના ઐતિહાસિક, રાજકીય, સામાજિક, ધાર્મિક અને લોકજીવનના ઇતિહાસને ઉજાગર કરતી ઘટનાઓ સૂચનાત્મક છતાં સ-રસ રીતે રસળતા ગદ્યમાં આલેખવામાં આવી છે. ઉદા. તરીકે ''મારા બાપુજીએ કહેલું કે એ રાયણ નીચે ગાયકવાડ સરકારનાં ઘોડાં બંધાયેલાં. દાદા ગામના મુખી.... એ જમાનામાં કોગળિયાનો રોગ (મરકી) ફાટી નીકળેલો ત્યારે અમારા કુટુંબનું છાપરું એ રાયણ નીચે હતું... વળી મારી દાદીમાએ કહેલું કે પેલા સામેના નેળિએથી શ્રીજી મહારાજે (સહજાનંદ સ્વામી) કરજીસણ જતાં એ રાયણ પર અમીદૃષ્ટિ કરેલી અને એ પુણ્યશાળી બનેલી.'' અહીં અભિવ્યક્ત સ્મૃતિસંવેદન, ભાષાભિવ્યક્તિ અને ભાષાની પ્રવાહિતા, લાઘવતા વગેરેની દૃષ્ટિએ પ્રસ્તુત સંગ્રહનો આ એક શ્રેષ્ઠ સંસ્મરણાત્મક નિબંધ છે. જ્યારે 'સવાઈ ગુજરાતી'માં પૂર્વ બંગાળના ખુલના શહેરમાં લેખક તેમના સૈનિક-મિત્ર સાથે ગુજરાતીમાં વાર્તાલાપ કરતા હતા ત્યારે સ્ટેશનરીની દુકાનમાંથી એક બૂઢા ચાચા બહાર આવી દુકાનના બારણેથી બોલી ઊઠ્યા 'ગુજરાતથી આવો છો ?.... અમારા બાપદાદા મૂળ સિદ્ધપુર ગામના.... ભાવવિભોર પુલકિત વદને ફરી બોલ્યા તમે મારા અબ્બાજાનના માદરે વતનના. અમારી યાદગીરી રૂપે કંઈક ભેટ સ્વીકારો !'માં હિંદુસ્તાની - ભાઈ ભાઈની અને વતનપ્રેમની લાગણીનાં ઉત્કટ દર્શન જોવા મળે છે.

''સૈનિક જીવનનાં સંભારણાં'' વિભાગમાં બંગલાદેશ યુદ્ધ સમયે લેખકે પૂર્વ બંગાળના જેસોર-ખુલના સેક્ટરમાં સૈનિક તરીકે આપેલ સેવાઓ દરમિયાનનાં સંસ્મરણો વર્ણવતા ૧૦ લેખો સમાવિષ્ટ છે, જેમાં પાકિસ્તાની સૈનિકો દ્વારા ગુજારેલા સિતમોનાં હૃદયદ્રાવક દૃશ્યો, પાકિસ્તાન સૈન્યની શરણાગતિ, શરણાર્થીઓને આઝાદ બંગલાદેશમાં પરત મૂકી આવવા વગેરે ઘટનાઓને શબ્દબદ્ધ કરવામાં આવી છે. આ સાથે કવિ રવી ઠાકુર, શરદચંદ્ર અને બંકિમચંદ્રની કૃતિઓમાં વર્ણવાયેલ 'આમાર સોનાર બંગલા' અને આ ભૂમિની ભવ્ય સંસ્કૃતિની યાદ તાજી કરી લેખક ધન્યતા અનુભવી ક્ષણિક હળવાશ અનુભવતા જોવા મળે છે. આ સાથે અહીં પ્રથમ અને દ્વિતીય વિશ્વયુદ્ધ વિશેના બે લેખોમાં ભારત દ્વારા ઇંગ્લૅન્ડને કરવામાં આવેલી મદદ, ભારતીય સૈનિકોની કામગીરી અને ખુવારી વિશે હકીકત પ્રેરિત અભ્યાસનિષ્ઠ વિગતો દર્શાવવામાં આવી છે. અંતિમ બે લેખોમાં સૈનિકોની શહાદતનું મૂલ્ય આપણે ક્યારે સમજીશું તે અંગે લેખકે વેદના સાથે નોંધ્યું છે કે ''સૈનિક શહીદ થાય એટલે તેના મૃતદેહને તેના વારસોને સોંપી પ્લાટૂન હવાલદારના બે ભડાકાથી પ્રસંગની પૂર્ણાહુતિ થઈ જાય.... જ્યારે અમેરિકામાં નદીકિનારા, બાગ-બગીચા, મોટાં મહાલયો ચોક અને ચૌટા અને જાહેર સ્થળો પર શહીદોનાં સ્મારક જોવા મળે છે.... અરે ! અહીં રાષ્ટ્રીય કબ્રસ્તાન પણ હોય છે. મેમોરિઅલ ડે ને દિવસે પ્રમુખ સહિત સૌ શહીદોને અંજલિ અર્પે છે. વિચારીએ

સૈનિક માટે કેટલાં માન, પાન અને સરાહના !''

લશ્કરમાં ગુજરાતીઓનું નહિવત્ પ્રતિનિધિત્વ રહ્યું હોય ત્યારે ગુજરાતી સૈનિક-સાહિત્યની પ્રાપ્તિની કલ્પના આકાશકુસુમવત્ જ ગણવી રહી ! પ્રત્યક્ષ અનુભવ આધારિત આ લેખો ગુજરાતી ભાષા-સાહિત્યનીમૂલ્યવાન મૂડી બની રહેશે.

આ પરિસ્થિતિમાં 'અમરિકન જીવનશૈલી' અંતર્ગતના લેખો અમરિકન-પ્રજાની આંતરસમૃદ્ધિ - કર્તવ્યનિષ્ઠા, નિસ્પૃહતા, નિખાલસતા, માનવસેવા, કાયદાનું ચુસ્તપણે પાલન કરવું, અલગારીપણું-ને ઉજાગર કરવાની સાથે સાથે પાશ્ચાત્ય પ્રજા વિશેના આપણા ઘણા ખરા ભ્રમોનું નિરસન કરી આપણી આંખ ઉઘાડે તેવી ઘટનાઓથી સભર હોવાથી પ્રેરણાદાયી તેમજ અનુકરણીય બની રહે છે. આ લેખો ભારતીય અને અમેરિકન જીવનશૈલીના તુલનાત્મક અભ્યાસ માટે પણ ઉપયોગી પુરવાર થશે. અહીં ગ્રંથસ્થ ચારેય ચરિત્રો-પ્રકાંડ પંડિત પ્રો. દાવર સાહેબ, સર્વ વિદ્યાલયનો પ્રાણ આચાર્યશ્રી નાથાભાઈ દેસાઈ, સર્વ વિદ્યાલયને સમર્પિત કર્ણધાર કર્મયોગી ધનાભાઈ વકીલ અને સર સયાજીરાવ ગાયકવાડ- પ્રત્યક્ષ અનુભવો અને ઘટનાઓ આધારિત હોવાથી તાજગીસભર બની મહોરી રહ્યાં છે. ગ્રંથાન્તેના હાસ્યનિબંધોમાં લેખકની નિર્દોષ અને માર્મિક રમૂજી પ્રકૃતિનાં દર્શન થાય છે.

સમગ્રતયા પ્રસ્તુત ગ્રંથના માધ્યમથી વતનપ્રેમ, પ્રકૃતિપ્રેમ બાંગલાદેશના યુદ્ધનાં સંસ્મરણો, અમેરિકન જીવનશૈલી, ભારતીય સંસ્કૃતિ અને કેટલાંક પ્રેરણાદાયી ચરિત્રો વગેરે વિષયક સંસ્મરણો તેના વાચકના ચિત્તને સ્પર્શી જાય તેવા સ-રસ છે. આ ઉપરાંત લોકજીવનને વાચા આપતાં લોકગીતો અને રાષ્ટ્રભક્તિ રજૂ કરતાં ગીતો / કાવ્યોનાં પ્રસંગોપાત્તનાં ટાંચણોથી આ બધા લેખો વધુ જીવંત બની ઊઠ્યા છે. આવા ભાવપ્રવણ અને અર્થસભર સંસ્મરણોને વાચા આપવા બદલ લેખક કેન પટેલ સૌના અભિનંદનના અધિકારી બની રહે છે.

આ ગ્રંથ પૂર્વે તેમના બે અંગ્રેજી કાવ્યસંગ્રહો પ્રકાશિત છે. તેમના ઘણાંખરાં કાવ્યો – ૧૨૫થી અધિક – 'હડસન રિપોર્ટર'માં પ્રકાશિત થયાં છે. તેમનાં કાવ્યો પ્રાય : પ્રકૃતિ, કૃષિજીવન, સૈનિકજીવન, વતનપ્રેમ રાષ્ટ્રભક્તિ, મહાત્મા ગાંધી, માનવજીવનદર્શન વગેરે વિષયક છે. તેમના કાવ્યસંગ્રહ 'The West Horizon' (2008)ને આવકારતાં 'The Hudson Reporter'ના મુખ્ય સંપાદક Caren Matznerના શબ્દો : ''Poet Ken Patel sees the world in a special way. His unique talent has allowed him to pen lively, insightful poems about everything from brave soldiers to the night sky... With his rare eloquence and ability to rhyme about any subject, he has pleased and astounded our readers'' કવિપ્રતિભાને ઓળખવા દૃષ્ટવ્ય બની રહે છે.

ઉલ્લેખનીય છે કે આર.એસ.એસ.ની વિચારધારાથી અનુપ્રાણિત તથા પાંચ-પાંચ લોકમાતાઓ -હડસન, ચંબલ, નર્મદા, મેઘના અને સાબરનાં પાણી પીને સંસ્કારસંપન્ન ભાથું મેળવનાર સૈનિકજીવન દરમ્યાન 'સંગ્રામ મેડલ' તથા 'ઈસ્ટર્ન સ્ટાર'થી પુરસ્કૃત અને નિવૃત્તિકાળને નિ:સ્વાર્થભાવે માનવસેવાનું ધ્યેય બનાવીને સતત કર્મશીલ બની રહેલા પ્રસ્તુત ગ્રંથના સર્જક શ્રી કાન્તિભાઈ એન. પટેલનું મૂળવતન ડાંગરવા (તા. કડી, જિ. મહેસાણા) છે. તેઓશ્રી સર્વ વિદ્યાલય, કડીના ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. ભારતીય રેલવે સેવામાંથી નિવૃત્ત થયા બાદ છેલ્લી પચીસીથી અમેરિકામાં સ્થાયી થયા છે. અને સ્વાન્તઃ સુખાય ભાવે સૌ કોઈને મદદરૂપ નીવડે તેવી પ્રવૃત્તિઓ થકી સૈનિકજીવનના આદર્શને ચરિતાર્થ કરી રહ્યા છે.

**– મણિભાઈ પ્રજાપતિ**

જે બુદ્ધિસંમત ન હોય તથા જે નીતિમત્તાથી વિરુદ્ધ હોય એવો કોઈ પણ ધાર્મિક સિદ્ધાંત મને માન્ય નથી.

**મો૦ ક૦ ગાંધી** ['સિલેક્શનન્સ ફ્રોમ ગાંધી' : પાનું ૨૨૩]

'ગાંધી-ગંગા : ૨'માંથી સાભાર

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### અનુવાદ વર્કશોપ

● ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૧૮-૨૩ જાન્યુઆરી, ૨૦૧૬ દરમિયાન અનુવાદ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. જેમાં અનુવાદકલાનાં વિવિધ પાસાંઓ જેમ કે ભાવાનુવાદ, સમશ્લોકી અનુવાદ, રૂઢીપ્રયોગો અને કહેવતોના અનુવાદ, સંસ્કૃત સૂક્તિઓનો અનુવાદ, રચનાત્મક અનુવાદ, અહેવાલ અનુવાદ, વહીવટી અનુવાદ, અનુવાદનાં ઓજારો, અનુવાદ કરવામાં પડતી મુશ્કેલીઓ વગેરે વિશે તજ્જ્ઞશ્રીઓએ વક્તવ્યો તથા પ્રત્યક્ષ તાલીમ આપી હતી. આ કાર્યશિબિરમાં તૃતીય વર્ષ બી. એ.ની ૩૦ વિદ્યાર્થિનીઓ જોડાઈ હતી. ભાગ લીધેલ તમામ વિદ્યાર્થિનીઓને શબ્દકોશ તથા પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

### ઉદ્યોગપતિઓ સાથે વિચાર-વિમર્શ

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા ઉદ્યોગ ક્ષેત્રની વ્યક્તિઓને નિષ્ણાત તરીકે આમંત્રિત કરીને વિદ્યાર્થીઓ ઉદ્યોગોની જરૂરિયાતો જાણે તે હેતુસર વિચાર-વિમર્શનું આયોજન કરવામાં આવ્યાં : ૧. તા. ૨-૧-૧૬ના રોજ રેવ ઇન્ડસ્ટ્રીના શ્રી જય અને શ્રી વિમલ : 'ઇન્ટરનેટ ઓપ્ટ થીંગ્સ'. ૨. તા. ૮-૧-૧૬ના રોજ ટ્રેડ બુલ્સના શ્રી ધવલ પંડ્યા : 'ઓપોરચ્યુનિટીઝ ઇન સ્ટોક માર્કેટ'. ૩. તા. ૧૧-૧-૧૬ના રોજ કોટક સિક્યોરિટીઝના શ્રી ઠાકર તથા શ્રીમતી હર્ષા પટેલ : 'નો અબાઉટ સિક્યોરિટી માર્કેટ'. અને ૪. તા. ૨૩-૧-૧૬ના રોજ સેન્ટર ફોર એન્ટરપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટના શ્રી મયંક મહેતાએ : 'બેઝીકરટ ઑફ એન્ટરપ્રેન્યોરશીપ'ને આમંત્રિત કરવામાં આવતાં તેમણે તેમના નામ સામે દર્શાવેલ વિષય સંદર્ભે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

### એકાગ્રતા

● સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીમાં રામચંદ્ર મિશન દ્વારા તાલીમાર્થી બહેનો માટે મેડિટેશન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં રામચંદ્ર મિશનના ડૉ. કેતનભાઈ નાયક, શ્રીમતી જાગૃતિબહેન અને શ્રીમતી ગાયત્રીબહેને ધ્યાન દ્વારા મનને એકાગ્ર કરી હકારાત્મક વિચારો કરવા અને નવી અદ્‌ભુત શક્તિ કેળવવાની સરળ સાહજિક રીતની સમજૂતી પ્રવૃત્તિ દ્વારા પૂરી પાડી હતી.

### ઔદ્યોગિક મુલાકાત

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૭-૧-૧૬ના રોજ મોડાસા ખાતે વાંસના રોપાઓનો પ્લાન્ટ અને સોલાર પ્લાન્ટની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧૨૫ જેટલા વિદ્યાર્થીઓ તથા પ્રો. સિદ્ધાર્થ અને પ્રો. નીના ગણેશન જોડાયા હતા. આ ઉપરાંત ગાંધીનગરમાં તા. ૭થી ૯-૧-૧૬ દરમિયાન Plexplo ઇન્ડિઆ યોજાતાં તા. ૯-૧-૧૬ના રોજ ટી. વાય. બી. કોમ.ના ૭૬ વિદ્યાર્થીઓએ તેની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓની સાથે ડૉ. ચેતન ઠાકર અને ડૉ. જિગ્નેશ પટેલ હાજર રહ્યા હતા. M. Comના વિદ્યાર્થીઓ માટે તા. ૩/૪-૧૨-૧૫ દરમિયાન ઔદ્યોગિક મુલાકાતનું આયોજન અદાણી પોર્ટ, મુંદ્રા ખાતે કરવામાં આવ્યું હતું, જેમાં ૭૬ વિદ્યાર્થીઓ અને પ્રો. નીના ગણેશન, પ્રો. સોનલ લેન્ડે, પ્રો. હિમાંશુ ઠક્કર અને પ્રો. ચેતન ઠાકર જોડાયાં હતાં. વિદ્યાર્થીઓએ મુંદ્રા કંપની, મુંદ્રા પોર્ટ અને મુંદ્રા રિફાઇનરીની મુલાકાત લઈ તેની ઉત્પાદન પ્રક્રિયા, ઉત્પાદન સ્થળની પરિસ્થિતિ તથા

ભવિષ્યમાં કયાં સ્થળોએ કામ કરવાની તક મળી શકે તેની જાણકારી મેળવી હતી.

## કપડાં વિતરણ

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના NSS યુનિટ દ્વારા તા. ૩૧-૧૨-૧૫ના રોજ સેક્ટર-૨૩ની ઝૂંપડપટ્ટીના લોકોને ઠંડીથી બચવા માટે ગરમ કપડાંનું વિતરણ કરવામાં આવ્યું.

## કારકિર્દી માર્ગદર્શન

● ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરમાં તા. ૧૮થી ૨૩-૧-૨૦૧૬ દરમિયાન સામાજિક વિજ્ઞાન વિદ્યાશાખાની ૪૫ જેટલી બહેનોએ કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમમાં એક અઠવાડિયાની તાલીમ લીધી, જેમાં ઇતિહાસ, ભૂગોળ, બંધારણ, ગણિત અને તર્કશક્તિ, ગુજરાતી સાહિત્ય અને વ્યાકરણ, અંગ્રેજી વ્યાકરણ વગેરે વિષયોનાં તજ્જ્ઞ વ્યાખ્યાનો દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સજ્જ કરવા તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમ સામાજિક વિજ્ઞાન વિષયોના અધ્યાપકોએ આપી હતી.

## કાર્યશિબિર

● સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીમાં તા. ૨૨-૧-૧૬ના રોજ શૈક્ષણિક સાધન નિર્માણ માટે કાર્યશિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ડૉ. ફાલ્ગુનીબહેન ગજ્જરે તજ્જ્ઞ તરીકે તાલીમાર્થી બહેનોને શૈક્ષણિક સાધનોના મહત્ત્વથી વાકેફ કરી શૈક્ષણિક સાધન તરીકે ઉપયોગી એવી ટ્રાન્સ્પરન્સી તૈયાર કરવાની તાલીમ આપીને તેમની પાસે ટ્રાન્સપરન્સી તૈયાર કરાવી હતી.

## ટપાલ ટિકિટ પ્રદર્શન

● સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડી દ્વારા તા. ૨૯-૧-૧૬ના રોજ મીતા એચ. પટેલ દ્વારા આયોજિત દેશ-વિદેશની બહુમૂલ્ય પોસ્ટલ ટિકિટોનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં ટપાલટિકિટની શરૂઆતથી લઈને આજ દિન સુધી બહાર પડેલ વિવિધ ટપાલ ટિકિટો સામેલ હતી. પ્રત્યેક દેશની વિવિધ પોસ્ટલ ટિકિટ કોઈને કોઈ સંદેશ વ્યક્ત કરતી હતી. મીતાબહેને પ્રારંભમાં ટપાલ ટિકિટોની શરૂઆત અને વિવિધ ટિકિટોની સમજ આપી તાલીમાર્થી બહેનોને વિવિધ વસ્તુઓના સંગ્રહ માટેની પ્રેરણા પૂરી પાડી હતી.

## જોડણી સજ્જતા

● સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડી દ્વારા તા. ૯-૨-૧૬ના રોજ 'ગુજરાતી ભાષામાં જોડણી સજ્જતા પર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિષય નિષ્ણાત તરીકે પ્રિ. જેઠાભાઈ એમ. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ૨૧મી ફેબ્રુઆરી માતૃભાષા દિન નિમિત્તે આયોજિત આ શિબિરનો હેતુ તાલીમાર્થી બહેનો સાચી જોડણી કરી શકે, માતૃભાષા પ્રત્યેના ગૌરવ અને ગુજરાતી ભાષાની સમૃદ્ધિ વિશે અભિમુખ થઈ શકે તે રહ્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. જગદીશભાઈ દ્વારા અને મહેમાનશ્રીનું સ્વાગત પ્રિ. ડૉ. બી. આર. પટેલે કર્યું હતું.

## પ્લેસમેન્ટ

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરમાં તા. ૭-૧-૧૬ના રોજ ટી. વાય. બી. કોમ.ના વિદ્યાર્થીઓને કૅમ્પસ ડ્રાઈવથી પરિચિત કરાવવા અને TCSમાં ઉપલબ્ધ જોબ અને તેના પગાર અંગેના પેકેજીસથી માહિતગાર કરાવવા પ્રિ-પ્લેસમેન્ટ સેશન ગોઠવવામાં આવ્યું હતું, જેમાં TCS કંપનીની HR ટીમ હાજર રહી હતી. ત્યાર બાદ તા. ૧૧-૧-૧૬ના રોજ ૭૦ વિદ્યાર્થીઓ ઇન્ટરવ્યૂ પ્રક્રિયામાં હાજર રહ્યા હતા, જેમાંથી ૨ વિદ્યાર્થીઓની TCS કંપનીએ પસંદગી કરી હતી.

## બેટી બચાવો

● તહેસીલ હેલ્થ સેન્ટર, ગાંધીનગર દ્વારા આયોજિત બેટી બચાવો રેલી ઘ-૬થી પથિકાશ્રમ સુધી યોજવામાં આવી હતી, જેમાં અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરની ૧૮૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

## ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન - ૨૦૧૬

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓની સભા તા. ૨૪-૧-૧૬ના રોજ યોજાઈ ગઈ, જેમાં ૩૫૦થી

અધિક ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ ઉપરાંત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનાં સંસ્મરણો રજૂ કરવાના કાર્યક્રમનું તથા વિશિષ્ટ ઉપાધિ પ્રાપ્ત વિદ્યાર્થીઓને સન્માનવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

## રંગપૂરણી સ્પર્ધા

● સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડીની ૫૯ તાલીમાર્થી બહેનોએ કલા શિક્ષક સંઘ ગુજરાત રાજ્ય દ્વારા આયોજિત રંગપૂરણી ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો, જેમાં પ્રથમ નંબર ગામીત દર્શના ડી. અને દ્વિતીય નંબર પટેલ ખુશબૂ જે. એ પ્રાપ્ત કરી અનુક્રમે ગોલ્ડ અને સિલ્વર મેડલ અને પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યાં.

## વાચન શિબિર

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરના વિદ્યાર્થીઓ વાંચવા પ્રેરાય તથા વાચન થકી પરિવાર, સમાજ અને રાષ્ટ્રનો વિકાસ સાધી શકે તેવા હેતુઓથી તા. ૧૪થી ૧૯ ડિસેમ્બર, ૨૦૧૫ દરમિયાન વાંચન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ૬૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. વાચન ઉપરાંત નાટક તથા ગ્રંથ સમીક્ષા જેવા કાર્યક્રમો યોજી વાચન ટેવનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું. વિષય નિષ્ણાત, તરીકે સાહિત્યકાર અને કટાર લેખક ડૉ. રાઘવજી માધડ, શ્રી કુંતલ નિમાવત અને શ્રી કશ્યપ નિમાવત હાજર રહ્યા હતા. કાર્યક્રમનું આયોજન લાઇબ્રેરિયન શ્રદ્ધાબહેન વૈદ્ય અને પ્રો. ભૂમિ ઠક્કરે કર્યું હતું. કાર્યક્રમના સમાપન સમારોહમાં આચાર્યા ડૉ. વિજ્ઞા ઓઝા અને અધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

## વાલી-શિક્ષક સભા

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૧૮થી ૨૧-૧-૧૬ દરમિયાન વાલી-શિક્ષક સભાનું આયોજન વિદ્યાર્થીઓની હાજરી, વર્ગખંડમાં વિદ્યાર્થીઓની ઉપલબ્ધિઓ, વાલીઓનાં સૂચનો તથા વાલીઓના પ્રશ્નોનું નિરાકરણ વગેરે જેવા બહુ ઉદ્દેશ્યોથી કરવામાં આવ્યું હતું, જેમાં ૩૬ જેટલા વાલીઓ હાજર રહ્યા હતા.

## વિજ્ઞાનપ્રદર્શન

● કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા રિસર્ચ ઍન્ડ સાયન્સ ડિપાર્ટમેન્ટના ડીન અને જાણીતા વૈજ્ઞાનિક ડૉ. રાજમલ જૈનના માર્ગદર્શન હેઠળ 'સ્થાયી સામાજિક – આર્થિક વિકાસ માટે વિજ્ઞાન અને ટેકનોલોજીની ભૂમિકા' થીમ આધારિત રાજ્યકક્ષાના વિજ્ઞાન-પ્રદર્શનનું આયોજન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર દ્વારા સંચાલિત સરકારી વિવેકાનંદ વિદ્યામંદિર, સેક્ટર-૧૨, ગાંધીનગરમાં તા. ૫-૬ ફેબ્રુઆરી, ૨૦૧૬ના દિવસોમાં કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં કૃષિ, ઊર્જા, વેસ્ટ મૅનેજમેન્ટ, બાયોગૅસ, પર્યાવરણ, ખાદ્ય સુરક્ષા, જળ વ્યવસ્થાપન, રસાયણશાત્ર, ભૌતિકશાસ્ત્ર, બાયો-ટેકનોલોજી, માઈક્રોબાયોલોજી, લાઇફસાયન્સ વગેરે વિષયક ૧૫૦ જેટલાં મોડેલ્સ અને ૧૫૦થી અધિક પોસ્ટર્સ રાજ્યની વિવિધ કૉલેજોના વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યાં હતાં. પ્રસ્તુત પ્રદર્શનનું તા. ૫ ફેબ્રુઆરીના રોજ ઉદ્‌ઘાટન કરતાં ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર દ્વારા ઉચ્ચ ગુણવત્તાપૂર્ણ શિક્ષણ ને સંસ્કારવર્ધક પ્રવૃત્તિઓની સરાહના કરતાં વિદ્યાર્થીઓને દેશનું ઉજ્જ્વળ ભવિષ્ય ઓળખાવીને તેમને અગ્રેસર થવા અને ઉદ્યોગ સાહસિક બની રોજગારી આપે તે દિશામાં આગળ વધવા અનુરોધ કર્યો હતો. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આજે ગ્લોબલ વૉર્મિંગના કારણે સમગ્ર વિશ્વને વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે સંશોધન કરવાની ફરજ પડી હોવાથી આપણા યુવાનોએ આ દિશામાં આગળ વધવું જોઈએ. આ પ્રસંગે શિક્ષણમંત્રીશ્રીએ વિજ્ઞાનપ્રદર્શન પુસ્તિકાનું વિમોચન કરીને પ્રદર્શનની રસપૂર્વક મુલાકાત લઈને વિસ્તૃત માહિતી મેળવી હતી. આ પ્રસંગે ગુજકોસ્ટના સલાહકાર ડૉ. નરોત્તમ સાહુ, કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રેસિડેન્ટ ડૉ. કનુભાઈ પટેલ, વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર શ્રી ડી. ટી. કાપડિયા, ડૉ. રાજમલ જૈન વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રદર્શનમાં વિવિધ કેટેગરીમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા થનાર

વિદ્યાર્થીઓને અનુક્રમે રૂ. ૧૫૦૦, રૂ. ૧૦૦૦ અને રૂ. ૫૦૦નો રોકડ પુરસ્કાર તથા ભાગ લેનાર સૌને પ્રમાણપત્ર એનાયત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. આ પ્રદર્શનની ગાંધીનગર અને આસપાસની શાળા-કૉલેજોના વિદ્યાર્થીઓએ તથા નાગરિકોએ મોટી સંખ્યામાં મુલાકાત લીધી હતી. અહીં પ્રદર્શિત કરવામાં આવેલ કૃતિઓ પૈકી દરિયાના પાણીને શુદ્ધ કરી સિંચાઈના ઉપયોગમાં લેવું, બે નાના કાચ, મોબાઈલ કેમેરા તથા લેસર લેન્સના ઉપયોગથી બનાવવામાં આવેલ સસ્તુ માઈક્રોસ્કોપ, હાઈડ્રોપોનિક પદ્ધતિથી જમીનની અછત હોય તેવી જગ્યાએ શાકભાજીનું વાવેતર કરવું, વેસ્ટ કોટનમાંથી શુદ્ધ આલ્કોહોલ તૈયાર કરવું વગેરે પહેલવૃત્તિ, નવીનતા અને પ્રયોગશીલતાના કારણે મુલાકાતીઓના આકર્ષણનું કેન્દ્ર બની હતી.

## વ્યસનમુક્તિ

● સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડી દ્વારા વ્યસનથી વ્યક્તિ અને સમાજને થતા નુકસાન અને રોગોના નિવારણ વિશે વિશ્વબંધુ જાગૃતિ મિશન (NGO), કડીના પ્રમુખશ્રી રાજુભાઈ પી. આચાર્યના વ્યાખ્યાનનું તા. ૮ ફેબ્રુઆરી, ૨૦૧૬ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું.

## શિક્ષક સજ્જતા કાર્યક્રમ

● કડી સર્વ વિશ્વવિદ્યાલય અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના ઉપક્રમે સૂરજબા મહિલા બી. એડ્. કૉલેજ અને એસ. વી. બી. એડ્. કૉલેજ, કડી દ્વારા શિક્ષણના રૂઢિગત અને નૂતન પ્રવાહો વિષય પર શિક્ષક સજ્જતા તાલીમ કાર્યક્રમનું તા. ૧થી ૨૩-૧-૨૦૧૬ સુધી આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે પ્રિ. ડૉ. કપિલભાઈ ત્રિવેદી તેમ જ પ્રિ. ડૉ. વિજયભાઈ ચાવડા ઉપસ્થિત રહ્યા હતા. આ તાલીમી કાર્યક્રમનું આયોજન કરવા પાછળનો મુખ્ય હેતુ ભગીની સંસ્થાઓ તેમ જ કડી શહેરની વિવિધ પ્રાથમિક શાળાના શિક્ષકો શિક્ષણના નૂતન પ્રવાહોથી વાકેફ બને અને શિક્ષણ ગુણવત્તાયુક્ત બને તે રહ્યો હતો. આ કાર્યક્રમમાં વિવિધ વિષયો પર વર્ગખંડમાં ઉપયોગી એવી જ્ઞાનસભર માહિતી આપી શિક્ષકોને વર્તમાન પ્રવાહોથી સજ્જ કરવામાં આવ્યા હતા. આ તાલીમની પૂર્ણાહુતિ પ્રસંગે ફેકલ્ટી ઑફ એજ્યુકેશનનાં ડીન ડૉ. વીણાબહેન પટેલ અને ડૉ. વિષ્ણુભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યાં હતાં. તાલીમ પામેલા શિક્ષકોને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. મહેમાનશ્રીઓનો પરિચય અને સ્વાગત પ્રિ. ડૉ. બાબુલાલ આર. પટેલે અને આભારવિધિ ડૉ. અલકાબહેને કરી હતી.

### ● શૈક્ષણિક પ્રવાસ

અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૯-૧-૧૬ના રોજ જાંબુઘોડા, હાલોલ, કાલોલ, આજવા નીમેટા વગેરેના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૨૨૫ વિદ્યાર્થીઓ તથા પ્રો. સુજલ પાઠક, પ્રો. સિદ્ધાર્થ પટેલ, પ્રો. સમીર પંડ્યા, પ્રો. જીનાલી પટેલ અને લાઇબ્રેરિયન શ્રદ્ધાબહેન વૈદ્ય જોડાયાં હતાં.

## સર્વ નેતૃત્વ

● વિદ્યાર્થીઓમાં નેતૃત્વ સંચાલન અને વ્યક્તિ પ્રતિભાના ગુણો વિકસે તથા નાગરિક તરીકેની જવાબદારીથી વાકેફ થાય તે હેતુસર ૨૦૦૯થી કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા આયોજવામાં આવતો 'સર્વ નેતૃત્વ-૧૩ કાર્યક્રમ' (લીડરશિપ ટ્રેઇનિંગ પ્રોગ્રામ) તા. ૧થી ૫ ફેબ્રુઆરી, ૨૦૧૬ દરમિયાન સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડી ખાતે યોજાઈ ગયો, જેમાં ગાંધીનગરમાં સ્થિત કડી કૅમ્પસની જુદી જુદી આઠ કૉલેજોના ૬૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમમાં નિષ્ણાત ટ્રેઈનર દ્વારા યોગાસન, વ્યાખ્યાન, ફિલ્મ, પ્રેઝન્ટેશન, જૂથ સંવાદ, ટેલેન્ટ ઇવનીંગ અને વિવિધ રમતો થકી ટાઇમ મૅનેજમેન્ટ, લીડરશિપ, ઇવેન્ટ મૅનેજમેન્ટ અને ટીમવર્કિંગની ક્ષમતાને બહાર લાવવા પ્રયત્ન કરાયો હતો. શિબિરના છેલ્લા દિવસે વિદ્યાર્થીઓને રેડ ક્રોસ સોસાયટી, હિંમતનગર અને રક્તપિત્તગ્રસ્તો તથા મંદબુદ્ધિની વ્યક્તિઓ માટે કાર્યરત એવી ''સહયોગ કુષ્ટયજ્ઞ ટ્રસ્ટ'' રાજેન્દ્રનગર ચોકડી, જિ. સાબરકાંઠા ખાતે મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. આ પ્રસંગે આ સંસ્થાને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી દ્વારા રૂ. ૫૦૦૧/-નું દાન આપવામાં આવ્યું હતું. નિવાસી શિબિરના સમાપન સમારંભમાં કડી સર્વ વિશ્વવિદ્યાલયના

પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. શિબિરનું સંચાલન અને આયોજન કાર્યક્રમના કો-ઓર્ડિનેટર પ્રો. ધર્મેન્દ્ર પટેલ (અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ) અને વીપીએમપી, ગાંધીનગરના પ્રો. સચિનભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સાંસ્કૃતિક કાર્યક્રમ

● અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા યાહૂ-૨૦૧૬નું આયોજન તા. ૨૩/૨૪-૧-૧૬ના દિવસોમાં કરવામાં આવ્યું હતું, જેમાં યાહૂ ફન-ફેર, આંતરવર્ગ સ્પર્ધાઓ, આંતરશાળા સ્પર્ધાઓ વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૩ જાન્યુઆરીના રોજ આયોજિત આંતરશાળાકીય સ્પર્ધાઓમાં કેમ્પસમાં સ્થિત આર. સી. પટેલ હાઈસ્કૂલ અને એમ. બી. પટેલ હાઈસ્કૂલ તથા પેથાપુરની શેઠ એમ. બી. પટેલ હાઈસ્કૂલના ૨૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. યાહૂ-૨૦૧૬ ફન ફેરનું ઉદ્‌ઘાટન અતિથિવિશેષ તરીકે પધારેલાં ગાંધીનગરનાં મેયરશ્રી હંસાબહેન મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં સમાજને બદલવા માટે સ્ત્રી સશક્તિકરણ ઉપર ભાર મૂક્યો હતો. સાંજના કાર્યક્રમમાં રોમાન્સ કોમ્પીકેટ ફિલ્મના કલાકારોએ હાજરી આપી હતી. આ ફિલ્મનું દિગ્દર્શન આ જ કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી અવની ગૌતમ દ્વારા કરવામાં આવ્યું છે. તેઓએ ફિલ્મના પ્રમોશન સાથે કૉલેજનાં સંસ્મરણો પણ વાગોળ્યાં હતાં.

## સ્વબચાવ શિબિર

● ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર ખાતે તા. ૫થી ૨૫-૧-૧૬ દરમિયાન સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા વોડાકાઈ - કરાટે ડૉ. એકેડેમી ગુજરાત તથા C. W. D. C.ના ઉપક્રમે સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં વોડાકાઈ સંસ્થાના નિષ્ણાત મદદનીશ પ્રશિક્ષક શ્રી સૂરજભાઈ તથા શ્રી દુષ્યંતભાઈ દ્વારા ૯૩ વિદ્યાર્થિનીઓને સ્વરક્ષણની સઘન તાલીમ આપવામાં આવી હતી. સમાપનમાં વોડાકાઈ-કરાટે સંસ્થાના શ્રી અરવિંદભાઈ રાણાએ બહેનોને અભિનંદન પાઠવી કરાટેની કળાનો નિયમિત અભ્યાસ કરવા ગાંધીનગર પોલીસ ઇન્સ્પેક્ટરશ્રીએ જણાવ્યું હતું, જ્યારે બહેનોને સ્વબચાવ માટે માર્ગદર્શન આપ્યું હતું.

## સર્જનાત્મક પ્રવૃત્તિ

● સૂરજબા કૉલેજ ઑફ એજ્યુકેશન, કડી દ્વારા ૪-૨-૧૬ના રોજ તાલીમાર્થી બહેનોમાં સર્જનાત્મક શક્તિનો વિકાસ થાય અને તેનો ઉપયોગ કરી શકે તે હેતુથી પ્રા. હેતલબહેન સોનીના માર્ગદર્શન નીચે વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓ બનાવવાનો વર્કશોપ યોજાઈ ગયો. જેમાં કૉલેજની તાલીમાર્થી બહેનોએ ભાગ લઈ વિવિધ કલાત્મક નમૂના વેસ્ટ વસ્તુઓમાંથી બનાવ્યા હતા.

## હાસ્યસાહિત્ય શિબિર

● ફેકલ્ટી ઑફ એજ્યુકેશન, ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓ તા. ૨૨-૧૨-૧૫ના રોજ હાસ્ય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આરંભે પ્રા. નરેન્દ્રભાઈ નાયીએ સૌનું સ્વાગત કરી મહેમાનશ્રી ડૉ. રાજેન્દ્રસિંહ વાઘેલાના સાહિત્ય ક્ષેત્રે પ્રદાન વિશે માહિતી આપી હતી. ત્યાર બાદ ડૉ. વાઘેલાએ હાસ્યસાહિત્ય એટલે શું ? હાસ્યસાહિત્યમાં કથાવસ્તુ, પાત્રાલેખનકલા, ભાષાશૈલી અને સંઘર્ષ કેવો હોવો જોઈએ વિશે ઝીણવટપૂર્વક માહિતી આપી વિવિધ સાહિત્યકારોના હાસ્યલેખોની માહિતી આપી હતી. આ ઉપરાંત તા. ૨૯-૧-૧૬ના રોજ વિદ્યાર્થીઓ માટે 'લેખ લખવાની કળા' વિશે સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સત્યને એટલે ઈશ્વરને છોડીને હિંદુસ્તાનનું ભલું નથી ચાહતો. કારણ, મને વિશ્વાસ છે કે જે માણસ ઈશ્વરને ભૂલી શકે છે તે દેશને ભૂલી શકે છે, માતાપિતાને ભૂલી શકે છે, પત્નીને પણ ભૂલી શકે છે.

**મો○ ક○ ગાંધી** ['નવજીવન' : ૨૬-૧૦-૧૯૨૬]

'ગાંધી-ગંગા : ૨'માંથી સાભાર

## ઉજાણી

● મેઘના નિરંજન શિશુ વિદ્યાવિહાર બાલમંદિર, કડીનાં બાળકોને તા. ૧૮-૧૨-૨૦૧૫ના રોજ પિકનિક માટે ગુજરાત ગૌશાળાની મુલાકાતે લઈ જવામાં આવતાં તેમણે જુદી જુદી રમતો, નૃત્ય, ગરબા વગેરેમાં ભાગ લઈ ભરપૂર આનંદ માણ્યો હતો. આ કાર્યક્રમમાં બાલમંદિરનો સમગ્ર પરિવાર અને કન્વીનર પ્રિ. ડૉ. બાબુલાલ પટેલ, શ્રી હર્ષદભાઈ પટેલ તથા પ્રિ. ડૉ. રમેશભાઈ ઉકાવત હાજર રહ્યા હતા.

## ક્વીઝ

● બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન, ગાંધીનગર દ્વારા યોજાયેલ ''આયના-૨૦૧૬'' કાર્યક્રમ અંતર્ગત ક્વીઝ સ્પર્ધામાં શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના વાઘેલા જયસિંહ (૧૧/એ) અને ચૌધરી જૈનિક (૧૧/ઈ)ની ટીમે પ્રથમ ક્રમ પ્રાપ્ત કરીને ટ્રોફી મેળવી. ઉલ્લેખનીય છે કે આ સ્પર્ધામાં શહેરની કુલ ૨૯ શાળાઓના ૨૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

## ખેલ-મહાકુંભ

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક તથા શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા., ગાંધીનગરમાં તા. ૨૧-૧-૧૬ના રોજ યોજાયેલ ખેલમહાકુંભની ખો-ખો તેમ જ વૉલીબૉલની U-૧૬ તેમ જ Above-૧૬ બહેનોની ટીમ વિજેતા બનીને જિલ્લાકક્ષાએ પસંદગી પામી. તા. ૨૨-૧-૧૬ના રોજ કબડ્ડી તેમ જ રસ્સાખેંચની U-૧૬ તેમ જ Above-૧૬ બહેનોની ટીમ પૈકી રસ્સાખેંચની સ્પર્ધા માટે જિલ્લાકક્ષાએ પસંદગી પામેલ છે. તેમ જ U-૧૬ કબડ્ડીમાં બહેનોની ટીમ જિલ્લાકક્ષાએ પસંદગી પામેલ છે.

● શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના વિદ્યાર્થીઓ પૈકી સ્કેટિંગમાં આચાર્ય જય હરિરામ (અંડર ૧૬) અને ચાવડા ઋતુરાજ વિજયસિંહ (અંડર ૧૩), ટેઈકવોન્ડોમાં પ્રજાપતિ ધ્રુવ ધીરજભાઈ (અંડર ૧૩) અને ચકફેંકમાં પટેલ દેવમ ડાહ્યાભાઈ ખેલ મહાકુંભ અંતર્ગત રાજ્ય કક્ષાની રમતો માટે પસંદગી પામ્યા.

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની ટીમ તાલુકા કક્ષાની ખેલ મહાકુંભ અંતર્ગત ઊંચી કૂદ, લાંબીકૂદ, આર્ચરી, કબડ્ડીમાં તથા ખોખોમાં વિજેતા થતાં જિલ્લા કક્ષાએ પસંદગી પામેલ છે, જ્યારે હડલ્સમાં રાજ્ય કક્ષા માટે પસંદગી પામેલ છે.

## ગણિત-વિજ્ઞાનમેળો

● એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના વિજ્ઞાન શિક્ષક શ્રી રાજેન્દ્ર જેઠાવત અને શ્રી યોગેન્દ્ર ચૌહાણના માર્ગદર્શન હેઠળ શાળાના બે વિદ્યાર્થીઓ જાડેજા યુવરાજસિંહ અને ગામીત નીલ આર. એ વિજ્ઞાન વિષયમાં 'કન્વર્ઝન ઑફ એનર્જી' વિષય પર તૈયાર કરેલ પ્રોજેક્ટ GCERT આયોજિત વિજ્ઞાન મેળામાં રાજ્ય કક્ષાએ રજૂ કર્યો હતો.

## ડૉ. આંબેડકરની ૧૨૫મી જન્મજયંતી

શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક તથા શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા., ગાંધીનગર ખાતે ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતીના ઉપલક્ષ્યમાં ક્યુ ડી. સી. કક્ષાએ, એસ. વી. એસ. કક્ષાએ અને જિલ્લા કક્ષાએ નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધાનું સમયાંતરે આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધાઓમાં શાળાની વિદ્યાર્થિનીઓ ચૌધરી હિરલ, શાહ રાજવી સીમાએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રોકડ ઇનામ અને પ્રમાણપત્રો મેળવ્યાં હતાં. ટાઉનહૉલ ખાતે તા. ૧૯-૧-૨૦૧૬ના રોજ ગુજરાત રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના ઉપક્રમે લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ વિભાગના મંત્રી શ્રી રમણલાલ વોરા, અનુસૂચિત જાતિ કલ્યાણ નિગમના નાયબ નિયામકશ્રી બી. પી. સોયંતર અને ગાંધીનગરના કલેક્ટર શ્રી રવિશંકર ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે નિબંધ સ્પર્ધા અને વક્તૃત્વ સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવનાર ચૌધરી હિરલ, શાહ રાજવી અને રાઠોડ

સીમાનું મંત્રીશ્રી રમણલાલ વોરાના વરદહસ્તે મેમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

## નિબંધ લેખન સ્પર્ધા

● પેટ્રોલિયમ કન્ઝર્વેશન રિસર્ચ, એસોસિએશન અને નિસર્ગ સાયન્સ સેન્ટરના સંયુક્ત ઉપક્રમે 'મારે કેમ અને કેવી રીતે ઈંધણ સંરક્ષણ કરવું જોઈએ' એ વિષય અંતર્ગત નિબંધલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ-૭/ઈના વિદ્યાર્થી પટેલ અર્જુન મયારામભાઈએ ગુજરાતી નિબંધ લેખન સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી પુરસ્કાર રૂપે રૂ. ૩૦,૦૦૦નું લેપટોપ પ્રાપ્ત કરેલ છે. સાથે સાથે તેની જાપાન અભ્યાસ યાત્રાનો પૂરો ખર્ચ પણ પેટ્રોલિયમ કન્ઝર્વેશન રિસર્ચ એસોસિયેશન, ભારત સરકાર વહન કરશો.

## પૂ. છગનભા વિજયપદ્મ

● તા. ૨૬-૧૨-૧૫ના રોજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી-ગાંધીનગર અને વડનગરની તમામ પ્રાથમિક શાળાઓ વચ્ચે ઇન્ટર સ્કૂલ છગનભા વિજયપદ્મ રમતોત્સવ યોજાઈ ગયો, જેમાં લાંબી કૂદ, દોડ, ગોળાફેંક, રાઇફલ શૂટિંગ, બેડમિન્ટન, ટેબલટેનિસ, ચેસ, વક્તૃત્વ, કરાટે, સ્કેટીંગ જેવી સ્પર્ધાઓનું આયોજન કડી ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ ટ્રોફી મેળવી હતી. શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ જનરલ ટ્રોફી મેળવી. આ ઉપરાંત આ રમતોત્સવમાં રાઈફલ શૂટિંગ : પારેખ યુગ (ધો. ૯/એ, બીજો નંબર), ટેબલ ટેનિસ : પટેલ રવિ (ધો. ૧૦/સી, બીજો નંબર), સ્કેટીંગ સ્પર્ધા : ગઢવી પ્રતીક (ધો. ૧૦/બી, બીજો નંબર), ૧૦૦ મીટર દોડ : ડાભી અજય (ધો. ૧૦/જી, બીજો નંબર), ચેસ : પટેલ જયેન્દ્ર (ધો. ૧૨/સી, ત્રીજો નંબર), લાંબીકૂદ : પટેલ કૃપા (ધો. ૧૧/ડી, ત્રીજો નંબર), નિબંધ સ્પર્ધા : હિરેન વાઘેલા (ધો. ૧૧/ડી, પ્રથમ નંબર), વક્તૃત્વ સ્પર્ધા : પટેલ માનવ (ધો. ૧૦/એ, ત્રીજો નંબર) વિજેતા થયેલા છે.

## પૂ. દાસકાકા યુવક મહોત્સવ

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક તથા શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા., ગાંધીનગર ખાતે પૂજ્ય દાસકાકા યુવક મહોત્સવનું તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મહેંદી સ્પર્ધા, રંગોળી સ્પર્ધા, એકપાત્રીય અભિનય, નાટક અને સોલો ડાન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ સ્પર્ધાઓમાં ૭૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે ડીઈઓ કચેરીમાંથી કેળવણી નિરીક્ષક શ્રીમતી નેન્સીબહેન ગુપ્તે મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યાં હતાં. તેમણે પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં જીવનમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું મહત્ત્વ સમજાવીને ભાગ લેનાર વિદ્યાર્થિનીઓને અભિનંદન પાઠવ્યા હતા, જ્યારે આચાર્યા શ્રીમતી સુધાબહેન પટેલે આભારદર્શન કર્યું હતું. કાર્યક્રમના અંતે વિજેતા વિદ્યાર્થિનીઓને ઇનામો આપવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત તા. ૧-૧-૨૦૧૬ના રોજ પૂ. દાસકાકા રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મહેમાન તરીકે વાઇબ્રન્ટ સાયન્સ સમિતિ, ૨૦૧૬ના સભ્યશ્રી સારસ્વતભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે બાળકોને વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લેવા શીખ આપી હતી, જ્યારે આચાર્યા શ્રીમતી સુધાબહેન પટેલે ખેલકૂદ માટે પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ અન્વયે લીંબુ-ચમચી, ગોળાફેંક, સ્લો સાઇકલ, રસ્સાખેંચ, કોથળા દોડ વગેરે સ્પર્ધાઓ યોજાઈ હતી.

## પ્રજાસત્તાક પર્વ

● સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર દ્વારા ૬૭મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે મમતા આઈ. એ. એસ. ટ્રેનિંગ સેન્ટરની વિદ્યાર્થિની આરોહી પટેલ કે જેણે વર્ષ ૨૦૧૪માં લેવાયેલી આઈ.એ.એસ.ની પરીક્ષા પાસ કરતાં પ્રતીક્ષા યાદીમાં સ્થાન મેળવનાર તથા મહેમાન શ્રી વિષ્ણુભાઈ પટેલના વરદહસ્તે ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલે પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં આઝાદીનું મૂલ્ય સમજાવીને વિદ્યાર્થીઓને સ્વચ્છતાના પાઠ શીખવતાં પોતાની શાળા, ઘર અને આસપાસનું

વાતાવરણ સ્વચ્છ રાખવા તથા વ્યસનમુક્ત રહેવા અપીલ કરી હતી. આ ઉજવણી પ્રસંગે વિવિધ શાળાઓ અને કૉલેજોના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ અંતર્ગત દેશનાં વિવિધ રાજ્યો જેમ કે ગુજરાત, હરિયાણા, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, દિલ્હી, પંજાબ વગેરેની ઝાંખી લોકનૃત્ય દ્વારા પ્રસ્તુત કરવામાં આવી હતી. આ ઉજવણીમાં ૪૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીમિત્રો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન એસ. કે. પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ (એમ. બી. એ.) અને એસ. જી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ફૅશન-શો

● વિદ્યાર્થીઓમાં ડિગ્રીની સાથે સાથે વિવિધ કળા-કૌશલ્યોનો વિકાસ થાય તેમ જ ફાજલ સમયનો સદ્ઉપયોગ થાય તે માટે માનનીય ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલની પ્રેરણા અને માર્ગદર્શનથી છેલ્લાં બે વર્ષથી ગાંધીનગર કૅમ્પસમાં સ્થિત ગર્લ્સ હૉસ્ટેલમાં 'આર્ટ ઝોન' અન્વયે બ્યુટી પાર્લર, કુકીંગ, વેસ્ટર્ન ડાન્સ, મહેંદી, સ્પોકન ઇંગ્લિશ અને ફૅશન ડિઝાઇનના વર્ગો વિષય નિષ્ણાતો દ્વારા શરૂ કરવામાં આવ્યા છે, જેનો ૩૦૦થી વધુ વિદ્યાર્થિનીઓ લાભ લે છે. આ અન્વયે ૨૧ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ S. V. Fashion Creation ફૅશન ડિઝાઇનિંગ શો રૂમને ખુલ્લો મૂકવામાં આવ્યો, જેમાં હૉસ્ટેલની ૭૦ વિદ્યાર્થિનીઓએ તૈયાર કરેલ ડિઝાઇનર ડ્રેસિસ, વેસ્ટર્ન ફ્રોક, ડિઝાઇનર કુર્તી, ડિઝાઇનર ચણિયાચોલી, ઇવનિંગ ગાઉન વગેરે પ્રદર્શન કમ સેલ માટે ખુલ્લાં મૂકવામાં આવ્યાં હતાં. આ શો રૂમનું ઉદ્‌ઘાટન ગર્લ્સ હૉસ્ટેલનાં સુપરિટેન્ડેન્ટશ્રી કૌશલ્યાબહેન પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે NIFTના ડિપાર્ટમેન્ટ ઑફ ફૅશન ટૅકનોલોજીનાં આસિસ્ટન્ટ પ્રોફેસર ઈતિશ્રી બી રાજપૂત મૅડમ તથા 'અમીરશ્મિ ડિઝાઇન સ્ટુડિયો' અમદાવાદનાં ડાયરેક્ટર શ્રીમતી અમી. બી. લંગાણિયા મૅડમે વિદ્યાર્થિનીઓના મૂંઝવતા પ્રશ્નોનું સમાધાન કર્યું હતું. આ ઉપરાંત આ પ્રસંગે મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ, ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ, યુનિવર્સિટીના ડાયરેક્ટર ડી. ટી. કાપડિયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. ઉદ્‌ઘાટન કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થિનીઓએ વેસ્ટર્ન ડાન્સ રજૂ કર્યો હતો તેમ જ બ્યુટીપાર્લરનું પ્રદર્શન યોજ્યું હતું. ફૅશન ડિઝાઇનર ભૂમિબહેન પટેલ દ્વારા તમામ ડ્રેસની ડિઝાઇન તૈયાર કરવામાં આવી હતી.

## બાલોત્સવ

● તા. ૩૦-૧૦-૧૫ના રોજ નંદાસણ મુકામે ઝોન લેવલના બાલોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીના વિદ્યાર્થી સન્સ કુમાર એસ. મણતો (ચિત્ર-પ્રથમ), અને બંસરી ગોંડલિયા, ક્રિષ્ના ખમાર, એશા પટેલ તથા આંકાક્ષાએ લોકગીતમાં પ્રથમ નંબર મેળવ્યો.

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરમાં તા. ૨૧-૧૨-૧૫ના રોજ નાથીબા કૉલેજના હૉલમાં 'બાલોત્સવ'ની ઉજવણી કરવામાં આવી, જેમાં ૭૨ વિદ્યાર્થીઓએ એકપાત્રિય અભિનય, નૃત્ય, લોકગીત, ભજન, ફિલ્મી ગીત, ફૅશન શો જેવી સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. પરંપરાગત અને આધુનિક વસ્ત્રપરિધાન આધારિત થીમ – બેઝ, કેટ-વોક સાથે ફૅશન-શો આ કાર્યક્રમનું મુખ્ય આકર્ષણ બની રહ્યો હતો. તા. ૨૨-૧૨-૧૫ના રોજ પૂજ્ય દાસકાકા સ્મૃતિ શિયાળુ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું, જેને શાળાના સુપરવાઇઝરશ્રી અશોકભાઈ પટેલે દીપ પ્રાગટ્ય કરી ખુલ્લો મૂક્યો હતો. તેમણે બાળકોને જીવનમાં રમતોનું મહત્ત્વ વિશે રમતોત્સવમાં જુદીજુદી રમતો જેવી કે ૫૦ મીટર દોડ, ગોળાફેંક, યોગ સ્પર્ધા, લીંબુ-ચમચી, સંગીતખુરશી, લાંબીકૂદ, દડાફેંક, સ્ટેન્ડિંગ બ્રોડજમ્પ, લાકડી બેલેન્સ, ફુગ્ગા ફોડ, ચૉકલેટ શોધ, કોથળા દોડ વગેરે યોજાઈ હતી, જેમાં કુલ ૪૧૨ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો ભાગ લેનાર વિદ્યાર્થીઓને ઇનામ તથા પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતાં. આ રમતોત્સવમાં વ્યાયામવીર તરીકે વાઘાણી હિમાંશુ કેશવભાઈ (ધો. ૮/ઈ) અને વીરબાળા તરીકે રાઠોડ અંજલિ અમરસિંહભાઈ (ધો. ૮/ઈ)ને જાહેર કરવામાં આવ્યાં હતાં.

## રમતગમત

● તા. ૧૯-૧૨-૧૫ના રોજ એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાયમરી શાળા, ગાંધીનગર દ્વારા મહાત્મા ગાંધી વિદ્યાલય, સેક્ટર-૧૬ના મેદાનમાં રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દેડકાદોડ, લીંબુચમચી દોડ, રિલે દોડ, ચક્રફેંક, ગોળાફેંક, ઊંચો કૂદકો, સ્લો સાઇકલીંગ, સંગીત ખુરશી, દોરડા ખેંચ, વિઘ્ન દોડ વગેરે રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અતિથિ તરીકે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવનાર નાઝકુમાર ઘાંઘર અને એથલેટિક કોચ કે. બી. સિંઘ ઉપસ્થિત રહ્યા હતા.

## રાષ્ટ્રીય સેવા યોજના શિબિર

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક તથા શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ.મા., ગાંધીનગર દ્વારા તા. ૧૫થી ૨૧-૧૨-૧૫ સુધી પાલજ મુકામે NSS શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉદ્‌ઘાટન સમારોહમાં કૅમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ, અશ્વિનભાઈ પટેલ કૉમર્સ કૉલેજના સ્પોર્ટ્સ ઑફિસર ડૉ. રણછોડ રથવી, ગામના સરપંચશ્રી, આચાર્યા શ્રીમતી સુધાબહેન પટેલ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં. શિબિરાર્થિનીઓએ ‘‘બેટી બચાવો’’ અને ‘‘સ્વચ્છતા અભિયાન’’ થીમ આધારિત નાટકો રજૂ કર્યાં હતાં. પ્રસંગોચિત વક્તવ્યમાં ડૉ. સોમભાઈ પટેલે જીવનમાં ભણતરના મહત્ત્વ વિશે, ડૉ. રથવીએ એનએસએસના મહત્ત્વ વિશે અને આચાર્યાશ્રી સુધાબહેને બેટી બચાવો અને સ્વચ્છતા વિશે વાત કરી હતી. શિબિર દરમિયાન ગામમાં સ્વચ્છતા અભિયાન, ભીંતચિત્રો, બાળકો માટે હરીફાઈ, શિસ્ત તથા નિયમિતતા સંબંધી કામગીરી કરવામાં આવી હતી. શિબિરની પૂર્ણાહુતિ તા. ૨૧-૧૨-૧૫ના રોજ યોજાઈ હતી. શિબિરનું સંચાલન NSS યુનિટનાં પ્રોગ્રામ ઑફિસર શ્રી પ્રીતિબહેન શુક્લાએ કર્યું હતું.

● એમ. બી. પટેલ ઇંગ્લિશ મીડિયમ સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના NSS યુનિટની વાર્ષિક શિબિર ઇન્દ્રોડા ખાતે યોજાઈ, જેમાં સાક્ષરતા અભિયાન, સૂત્રલેખન, ગ્રામ સફાઈ, એઈડ્સ અવેરનેસ અને ઇન્દ્રોડા પ્રાથમિક શાળાનાં બાળકોને પાંચ દિવસ અંગ્રેજી ભાષાનો અભ્યાસ વગેરે પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં લાયોનેસ ક્લબ ગાંધીનગરના સહયોગથી ‘આઈ ચેક-અપ’, મોતિયાનાં ઑપરેશન અને ફક્ત ૨૦ રૂ.માં ચશ્માંનું રાહતદરે વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ફ્રી ડાયાબિટીસ અને બ્લડપ્રેશર ચેક-અપ કૅમ્પ તથા સ્ત્રીઓ માટે ગર્ભાશયની તપાસ અને આરોગ્ય જાળવણી અંગેના સેમિનારનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. શિબિરનું સંચાલન પ્રોગ્રામ ઑફિસર ડૉ. વર્ષા પારેખે કર્યું હતું.

## લેખન મિલન

● શ્રી જે. બી. પ્રાથમિક શાળા, ગાંધીનગરમાં વાર્તાકાર – નવલકથાકાર, ચરિત્રકાર શ્રી કલ્પેશ પટેલની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. ધોરણ ૭ના ગુજરાતી પાઠ્યપુસ્તકમાં લોકસંત પૂજ્ય મોટાના જીવનચરિત્ર વિશે લેખનકાર્ય કરનાર શ્રી કલ્પેશ પટેલે ધોરણ ૭ અને ૮ના વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષાના મહત્ત્વ વિશે સમજાવવા ઉપરાંત સુમધુર કંઠે કાવ્યગાન કરી સૌને ભાવવિભોર કરી દીધા હતા. વિદ્યાર્થીઓએ પણ તેમના પાઠ્યપુસ્તકમાં આવતા પાઠના લેખકને રૂબરૂ મળવાનો આનંદ માણ્યો હતો.

## વાર્ષિકોત્સવ

● શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક તથા શ્રીમતી એસ. બી. પટેલ કન્યા ઉ. મા., ગાંધીનગર ખાતે તા. ૯-૧-૨૦૧૬ના રોજ વાર્ષિક મહોત્સવ અને આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણી શાળા સ્થપાયાનાં ૨૫ વર્ષ પૂર્ણ થતાં હોઈ રજતજયંતી ઉજવણીના ભાગરૂપે કરવામાં આવી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં કૅમ્પસ ડાયરેક્ટર ડૉ. સોમભાઈ પટેલ તથા ગર્લ્સ હૉસ્ટેલનાં સુપરિન્ટેન્ડેન્ટ શ્રીમતી કૌશલ્યાબહેન પરીખ મહેમાનપદે ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે આયોજિત વિવિધ પ્રકારનાં નૃત્યો અને ગીતોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી, જ્યારે આનંદમેળામાં ખાણીપીણીના સ્ટૉલ ઊભા કરવામાં આવ્યા હતા, જેનો લાભ શાળાની

વિદ્યાર્થિનીઓ, હૉસ્ટેલની વિદ્યાર્થિનીઓ, સ્ટાફ વગેરેએ લીધો હતો.

## વાલી-સભા

● તા. ૨-૧-૨૦૧૬ના રોજ શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર દ્વારા પ્રથમ પરીક્ષામાં ધો. ૧૦માં અભ્યાસ કરતા બધા જ વર્ગના પ્રથમ દસ ક્રમાંકે પાસ થનાર વિદ્યાર્થીઓના વાલીઓ સાથે બેઠક યોજવામાં આવી હતી, જેમાં ૯૭ વાલીઓ હાજર હતા. મીટિંગમાં ગુણવત્તા સુધારણા માટેના શાળાના પ્રયત્નો, શાળાનાં ધો. ૧૦નાં બોર્ડનાં પરિણામો, પરીક્ષા સંબંધી સૂચનો વગેરે અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વાલીઓએ વિદ્યાર્થીઓની ગુણવત્તા સુધારણા માટે શાળાના પ્રયત્નોને બિરદાવ્યા હતા. આ ઉપરાંત જે વિદ્યાર્થીઓનું પરિણામ નબળું હતું તેવા વિદ્યાર્થીઓના વાલીઓની સભાનું પણ આયોજન તા. ૯-૧-૧૬ના રોજ કરવામાં આવ્યું હતું, જેમાં ૫૦ વાલીઓ હાજર રહ્યા હતા.

● શ્રીમતી આર. એન. પટેલ પ્રાથમિક શાળા, ગાંધીનગર દ્વારા ૨૩ તથા ૩૦ જાન્યુઆરીના દિવસે અનુક્રમે ધોરણ-૭ અને ધોરણ-૮ તેમ જ ધોરણ ૧-૨ના વિદ્યાર્થીઓની વાલીસભાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વાલીઓને શાળાની પ્રવૃત્તિઓ વિશે માહિતગાર કરવા ઉપરાંત પોતાનું પાલ્ય નિયમિતતા, શિસ્ત અને સ્વચ્છતા જાળવે તથા અભ્યાસમાં એકાગ્ર બને તે હેતુસર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

## વ્યસનમુક્તિ

● તા. ૭-૧-૧૬ના રોજ શ્રીમતી કે. એ. પટેલ શિવહરી ઍન્ડ હાયર સેકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીમાં ગાયત્રી પરિવાર દ્વારા ધો. ૮થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે વ્યસનમુક્તિ અંગે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વ્યસનથી શરીરમાં થતા નુકસાનની જાણકારી આપવામાં આવી હતી.

## શૈક્ષણિક મુલાકાત

● શ્રીમતી એમ. બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, ગાંધીનગરની ધો. ૭ની વિદ્યાર્થિનીઓ માટે રાજ્ય મધ્યસ્થ પુસ્તકાલય, ધો. ૬ની વિદ્યાર્થિનીઓ માટે પોસ્ટઑફિસ તથા ધો. ૮ની વિદ્યાર્થિનીઓ માટે ફાયર સ્ટેશન તથા ૧૦૮ ઇમરજન્સી સેવાની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સમાચાર વાચન

● એસ. જી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, ગાંધીનગરમાં તા. ૨૭-૧-૨૦૧૬ના રોજ ધોરણ ૫થી ૮ના વિદ્યાર્થીઓ માટે સમાચાર વાચન અભિવ્યક્તિ સ્પર્ધાનું આયોજન કરવામાં આવતાં, તેમાં ૪૦ વિદ્યાર્થીઓએ પ્રાદેશિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમાચારોનું વર્તમાનપત્રોના આધારે વાંચન કર્યું હતું. પ્રથમ ક્રમ મેળવનાર ગ્રૂપના વિદ્યાર્થીઓને ટ્રૉફી આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## સર્જનાત્મક સાધન-સામગ્રી

● એસ. જી. ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, ગાંધીનગરમાં તા. ૨૦-૧-૨૦૧૬ના રોજ ઈ-વેસ્ટ સામગ્રીમાંથી કલાત્મક / સર્જનાત્મક સાધન-સામગ્રી બનાવવાની પ્રવૃત્તિ યોજાઈ, જેમાં વિદ્યાર્થીઓએ પવનચક્કી, ફૂલદાની, ગણપતિની પ્રતિમા, લાઇટ હાઉસ, ઘર, બોટ, વૉલપીસ વગેરે સુંદર અને કલાત્મક ઉપકરણો બનાવી પોતાની સર્જનશક્તિને અભિવ્યક્ત કરી હતી.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૬, અંક : ૧, જાન્યુઆરી-ફેબ્રુઆરી, ૨૦૧૬, સળંગ અંક : ૩૧**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**





કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત 'વિજ્ઞાનમેળા'નું ઉદ્‌ઘાટન કરતા રાજ્યના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને તેમની સાથે વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ, મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, ડૉ. રાજમલ જૈન વગેરે.




વ્યાખ્યાન આપી રહેલા પદ્મશ્રી ડૉ. એસ. એસ. કિરણકુમાર



કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા આયોજિત 'શ્રી માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ લેકચર સિરિઝ' પ્રસંગે ઉપસ્થિત વક્તા પદ્મશ્રી ડૉ. એ. એસ. કિરણકુમાર, મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ અને વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ પટેલ





ગર્લ્સ હૉસ્ટેલ, ગાંધીનગર દ્વારા આયોજિત 'ફેશન શો'નું ઉદ્‌ઘાટન કરી રહેલાં હૉસ્ટેલ સુપ્રિન્ટેન્ડેન્ટ શ્રીમતી કૌશલ્યાબેન પરીખ અને 'ફેશન શો'નું દૃશ્ય.

**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 6, Issue No. 1 January-February 2016**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**



રાષ્ટ્રના 67મા પ્રજાસત્તાક-પર્વની ઉજવણી નિમિત્તે તા. 26 જાન્યુઆરી, 2016ના દિને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરમાં આયોજિત ધ્વજવંદન સમારોહ પ્રસંગે ધ્વજવંદન કરાવી રહેલા વીપીએમપીના દાતા શ્રી વિષ્ણુભાઈ પી. પટેલ

